CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૫૪
તા.૦૩-૦૨-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ મહા વદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૦  સૂર્યાસ્ત : ૦૬:૨૮

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૩.૮ | વડોદરા | ૧૬.૦ |
| અમદાવાદ | ૧૪.૦ | સુરત | ૧૮.૦ |
| ગાંધીનગર | ૧૪.૫ | નલિયા | ૧૨.૫ |

ચાંદી : ૩૯,૬૦૦  સોનું : ૩૧,૦૦૦

P.R.No. GBK/06/2015-17  RNI No 20508/71  Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# બજાર કડડભુસ : સેંસેક્સમાં ૮૪૦ પોઇન્ટનો રેકોર્ડ કડાકો

## વિચાર વૈભવ...

### પુસ્તકાલય એટલે મહાશાળા

પુસ્તક સ્વતઃ શિક્ષાગુરુ છે અને પુસ્તકાલય એ શાળા છે. શાળામાં માણસ જ્ઞાન લેવાનું સાધન માત્ર મેળવે છે. પણ પુસ્કાલયમાં જઈને તો તે ખુદ જ્ઞાન મેળવે છે.

એક સારું પુસ્તકાલય શિક્ષકોની ગરજ સારે `છે. શિક્ષકની જેમ પુસ્તકાલય વિદ્યાર્થીઓને ધમકાવતું નથી. શિસ્ત પળાવતું નથી, ખોટી સ્પર્ધામાં ઉતારતું નથી. પરીક્ષાનો ભય પેદા કરતું નથી. તે પ્રેમથી, વિનયથી, રસ વડે તેમાં આવનારને ભણાવે છે.

હરેક શાળામાં પુસ્તકાલય એક અધિક શિક્ષણ તરીકે ગણવું જોઈએ અને શિક્ષકે પોતે બધો વખત શીખવવાનો મમત રાખવા કરતાં વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં વધારે ને વધારે છૂટા મુકવા જોઈએ.

પુસ્તકાલય રૂપી શાળા ગામેગામ અને લત્તેલત્તે સ્થપાવી જોઈએ. શિક્ષકને ભણાવવાની મહેનત લેવી પડે છે. જ્યારે પુસ્તકોને જ્ઞાન આપવાની મહેનત લેવી પડશે નહિં, માત્ર વારંવાર વંચાઈને ફાટવું પડશે. શિક્ષકની ચોક્કસ હાજરી સિવાય ભણતર સંભવિત નથી. તેને બદલે પુસ્તકાલયનાં બારણાં ચોવીસ કલાક ઉઘાડા રાખીશું તો ચોવીસેય કલાક શિક્ષણ ચાલશે.

વ્યવસ્થા, શાંતિ,સભ્યતા તથા વિનયનું શિક્ષણ આપવાનો પ્રબંધ પણ પુસ્તકાલય કરી શકશે. પુસ્તકો કેમ વાપરવાં, કેવી રીતે વાંચવું, વાંચનારા પ્રત્યે કેમ વર્તવું, આવ- જા કેમ કરવી, વાતચીત કેમ કરવી વગેરે શીખવવામાં આપોઆપ ઘણી કેળવણી આવે છે.

- ગિજુભાઈ બધેકા

## રોકાણકારોએ એક જ દિવસમાં પાંચ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા : બીએસઈમાં લિસ્ટેડ તમામ કંપનીઓની સંયુક્ત માર્કેટ મૂડી ઘટીને ૧૪૮.૪ લાખ કરોડ : અનેક શેરોમાં તીવ્ર વેચવાલીથી બજારમાં ખળભળાટ ફેલાયો

મુંબઇ

શેરબજાર આજે પત્તાના મહેલની જેમ ધરાશાયી થયું હતું. નાણામંત્રી અરુણ જેટલી દ્વારા રજૂ કરવામાં આવેલા સામાન્ય બજેટને લઈને બજારમાં ખુશી જોવા મળી રહી નથી. જુદા જુદા પરિબળોની અસર હેઠળ આજે સેંસેક્સ કારોબારના અંતે ૮૪૦ પોઈન્ટ ઘટીને ૩૫૦૬૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૫૬ પોઈન્ટ ઘટીને ૧૦૭૬૦ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે મચી રહેલા કોહરામ માટે અનેક પરિબળો જવાબદાર રહેતા નિરાશાનું મોજુ ફરી વળ્યું હતું. શેરબજારમાં કારોબારીઓએ આજે પાંચ લાખ કરોડ ગુમાવ દીધા હતા. તીવ્ર વેચવાલીનું મોજુ રહ્યું હતું. બીએસઈમાં




તમામ લિસ્ટેડ કંપનીઓની સંયુક્ત માર્કેટ મૂડીમાં ૪.૭ લાખ કરોડનો ઘટાડો થતાં તેની સંપત્તિ ૧૪૮.૪ લાખ કરોડ થઈ હતી. સતત રેકોર્ડ બનાવી રહેલા શેરબજાર ઉપર આજે બજેટની અસર જોવા મળી હતી. બ્લેક ફ્રાઈડે હેઠળ બજાર તુટ્યા હતા. આજે કારોબાર શરૂ થતાની સાથે જ ૫૦૦ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. બપોરે ૧૨ વાગ્યાની આસપાસ ૫૫૦ પોઈન્ટનો કડાકો હતો. નિફ્ટીમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ ચાર ટકા ઘટને ૧૬૫૭૫ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટીના મિડકેપ ઈન્ડેક્સમાં ૪.૩ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૯૭૬૦ રહી હતી. બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૪.૭ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૭૮૫૦ રહી હતી. નિફ્ટીના સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૬ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૮૨૫૧ રહી હતી. શુક્રવારના દિવસે કારોબારી સત્ર દરમિયાન બીએચઈલ, બજાજ ફાયનાન્સ, તાતા પાવર, બજાજ ઓટો, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતી એરટેલ, એક્સિસ બેંક, મારુતિ સુઝુકીમાં ૭-૪.૫ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. જો કે, ટેક મહિન્દ્રા એચસીએલ અને ટીસીએમમાં ૧.૪-૦.૫ ટકાનો વધારો રહ્યો હતો. મિડકેપ શેરોમાં અદાણી પાવર, રિલાયન્સ કેપિટલ, રિલાયન્સ કોમ્યુનિકેશન, એમઆર પીએલ અને રિલાયન્સ ઈન્ફ્રામાં ૧૧.૨-૮.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો.

## ટેક્સ સ્લેબમાં ફેરફાર વિના પણ મધ્યમ વર્ગને રાહતો અપાઈ છે : જેટલી

**છેલ્લા ૪-૫ બજેટને ધ્યાનમાં લેવામાં આવે તો જાણી શકાય છે કે હંમેશા જ નાના કરદાતાઓને રાહત**

નવીદિલ્હી

નાણામંત્રી અરુણ જેટલીએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં મધ્યમ વર્ગને કોઇ રાહત ન આપવાના પ્રશ્નો ઉપર જવાબ આપતા આજે કહ્યું હતું કે, તેઓએ જુદા જુદા તરીકાથી નાના કરદાતાઓને રાહત આપવાના પ્રયાસ કર્યા છે. જેટલીએ પોતાની અવધિમાં જુદી જુદી રાહતોનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, આ જરૂરી નથી કે, મધ્યમ વર્ગના લોકોને રાહત આપવા માટે ટેક્સ સ્લેબમાં જ ફેરફાર કરવામાં આવે. તેમણે ઉમેર્યું હતું કે, નાના કરદાતાઓને ટેક્સની હદમાં લાવવા માટે ગયા વર્ષે ૨.૫ લાખથી પાંચ લાખ રૂપિયાના સ્લેબ ઉપર ટેક્સનો દર ૧૦ ટકાથી ઘટાડીને પાંચ ટકા કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, પાંચ ટકાનો સ્લેબ દુનિયામાં માત્ર એક જ ભારતમાં છે. આ દુનિયામાં સૌથી ઓછો ટેક્સ સ્લેબ છે. જુદા જુદા મિડિયા પ્રતિનિધિઓ સાથેની મિટિંગમાં જેટલીએ કહ્યું હતું કે, અમે ૫૦, ૬૦, ૭૦ હજાર રૂપિયા આવકવાળા નાના કરદાતાઓને રાહત આપવા માટે જુદા જુદા તરીકે અપનાવ્યા છે. પરોક્ષરીતે અમે તેમના ખિસ્સામાં વધુ નાણાં ઉમેરવાના પ્રયાસ કરી રહ્યા છે. નાના કરદાતાઓને માત્ર ટેક્સ સ્લેબમાં ફેરફાર કરીને જ રાહત આપી શકાય તેમ નથી. તેમણે ઉમેર્યું હતું કે, ભારતમાં ટેક્સ વસુલાત અને કરદાતાઓની સંખ્યા વધારવાની બાબત ખુબ જ પડકારરુપ છે જેથી તેમના છેલ્લા ચાર પાંચ બજેટના ઉપર હિસાબ કરવામાં આવે તો જાણી શકાય છે કે, લગભગ તમામ બજેટમાં નાના કરદાતાઓને તબક્કાવારરીતે રાહત આપવામાં આવી છે.

## પંજાબની કંપનીની લાખણીના બે ઈસમો વિરૂધ્ધ રૂા.૩૦ લાખની છેતરપીંડીની ફરિયાદ

ડીસા

પંજાબની એસ.ડી. સોલ્વેક્ષ કંપની દ્વારા બનાસડેરીમાં પશુ આહાર તૈયાર કરવા કાચો માલ પૂરો પાડવામાં આવતો હતો. તે માલ બનાસડેરી દ્વારા કોઈ કારણોસર રીઝેક્ટ થાય તો તે લાખણીના બે વેપારીઓ દ્વારા ગોડાઉનમાં રાખવામાં આવતો હતો અને થોડા સમય પછી મુળ માલીકને પરત મોકલવામાં આવતો હતો. પરંતુ થોડા સમય પહેલા આ વહેપારીઓએ કંપનીનો રીજેક્ટ થયેલો માલ પરત ન મોકલતા કંપની દ્વારા ઉઘરાણી કરાતા લાખણીના આ બંને વહેપારીઓએ મુળ માલીકને કોઈ જવાબ ના આપતાં અને ગલ્લા - તલ્લા કરતા કંપનીના સુપરવાઈઝરે લાખણી તાલુકાના કાતરવા ગામના બે ઈસમો વિરૂધ્ધ રૂા.૩૦,૩૪,૪૬૦ ની છેતરપીંડીની ફરિયાદ ડીસા રૂરલ પો.સ્ટે. નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

પોલીસ સુત્રો દ્વારા જાણવા મળતી માહિતી મુજબ પંજાબની કંપની દ્વારા બનાસડેરીમાં પશુઆહાર તૈયાર કરવા માટે કાચો માલ પુરો પાડવામાં આવતો હતો.

આ કાચો માલ બનાસડેરી દ્વારા રીજેક્ટ થાય તો તે લાખણી તાલુકાના કાતરવા ગામના હિતેષભાઈ જવાનજી ઠાકોર અને પ્રવિણભાઈ પાંચાભાઈ કંપનીએ ભાડે રાખેલા ગોડા ઉનમાં રાખતા હતા. પરંતુ ઘણા સમયથી પંજાબની કંપનીનો કુલ ૩૮૮૬.૮૦ ક્વીન્ટલ માલ કિ.રૂા.૪૩,૬૧,૧૩૬ નો પરત ન મોકલાવતા વારંવાર કંપની દ્વારા ઉઘરાણી કરવામાં આવતા ૧૧૨૮.૨૦ ક્વિન્ટલ માલ પરત મોકલી આપેલ બાકીનો ૨૭૫૮.૨૦ ક્વિન્ટલ માલ કિ.રૂા.૩૦,૩૪,૪૬૦ નો પરત ન મોકલતા પંજાબની કંપની એસ.ડી. સોલ્વેક્ષના સુપર વાઈઝર ધલજીતદાસ બલજીતદાસ બેરાગી (રહે. કુલારા, જિ.પટીયાલા, પંજાબ) દ્વારા લાખણીના હિતેષભાઈ જવાનજી ઠાકોર અને પ્રવિણભાઈ પાંચાભાઈ રબારી વિરૂધ્ધ ડીસા રૂરલ પોલીસ સ્ટેશનમાં રૂા.૩૦, ૩૪,૪૬૦ ની છેતરપીંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરેલ છે.

## જંત્રી આધારિત ટેકસમાં ૨૫ ટકાની રાહત ચાલુ જ રખાઇ

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અગાઉ રજૂ થયેલા રૂ.૬૫૦૦ કરોડના ડ્રાફ્ટ બજેટમાં મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે અગાઉ શહેરીજનોને પ્રોપર્ટી ટેક્સમાં જંત્રી આધારિત રાહત પાછલા બારણે પાછી ખેંચી લેતાં નગરજનોમાં ઉગ્ર રોષની લાગણી ફેલાવા પામી હતી, જેથી આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી પ્રજાજનોનો રોષ ખાળવા જંત્રી આધારિત પ્રોપર્ટી ટેક્સમાં ૨૫ ટકાની રાહત ચાલુ રાખી છે, જેના કારણે અમ્યુકો સત્તાધીશોના દાવા મુજબ, શહેરના નાગરિકોને પ્રોપર્ટી ટેક્સમાં રૂ.૩૫ કરોડની રાહત મળશે પરંતુ જાણકારોના મતે, વાસ્તવમાં રૂ.૮૦થી ૮૫ કરોડનો બોજો નાગરિકો પર પડવાની સંભાવના છે.

**ગુજરાત સરકારનો યુવાલક્ષી નિર્ણય**

## ઉચ્ચ અભ્યાસ માટે ૫ લાખની મદદ સરકાર આપશે : રૂપાણી

અમદાવાદ

મુખ્યમંત્રી વિય રૂપાણી રાજ્યના જરૂરતમંદ હોનહાર વિદ્યાર્થીઓ-યુવાઓને આર્થિક સ્થિતિ નાણાંના અભાવે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહેવું પડે તે માટે એક મહતવપૂર્ણ જાહેરાત કરી છે. આ સંદર્ભમાં મુખઅયમંત્રીએ જણઆવ્યું છે કે, જરૂરતમંદ અનાથ બાળકો, યુવાઓ વિધવા માતાના સંતાનો દિવ્યાગો તેમજ સેના-પોલીસના શહીદ જવાનોના સંતાનોને ઉચ્ચ શિક્ષણ માટે વધુમાં વધુ રૂપિયા પાંચ લાખની સહાય રાજ્ય સરકાર આપશે. આવી ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને તેનો પ્રતિ વર્ષ લાભ મળશે તેમ તેમણે જાહેર કર્યું હતું. મુખ્યમંત્રીએ અમદાવાદ યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે રાજ્યના શિક્ષણ વિભાગ આયોજિત ગ્રાન્ડ એજ્યુકેશન ફેરનો પ્રારં કરાવ્યો હતો. આ ત્રિદિવસીય ફેરમાં ૮૪ હજાર ઉપરાંત યુવા વિદ્યાર્થીઓ કારકીર્દી ઘડતર વિષયક માર્ગદર્શન મેળવશે. વિજય રૂપાણીએ આ એજ્યુકેશન ફેરને ડેમોગ્રાફીક ડીવીડન્ડ સમી યુવાશક્તિ માટે શિક્ષણ-કારકીર્દી ઘડતરનું સમુદ્ર મહામંથન અવસર ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, કારકીર્દી નિર્માણનો મહત્વનો સ્તાંભ શિક્ષણ છે અને ૧૦માં ૧૨માં ધોરણથી જ આજનો યુવાન કારકિર્દી વિશે ગંભીરતાથી વિચારતો થઇ ગયો છે. વાલીઓની પણ જે સમયાનુકુલ ચિંતા પોતાના સંતાનના ભવિષ્યની કારકિર્દીની છે તેમાં રાજ્ય સરકાર આવા એજ્યુકેશન ફેર યોજીને પુરક બનીને ઉભી છે.

## અમ્યુકોનું રૂપિયા ૬૯૯૦ કરોડનું બજેટ સ્ટે. કમિટિમાં મંજૂર કરાયું

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર મુકેશ કુમાર દ્વારા અગાઉ રજૂ કરાયેલા કુલ રૂ.૬૫૦૦ કરોડના ડ્રાફ્ટ બજેટમાં શાસક પક્ષ ભાજપ દ્વારા રૂ.૪૯૦ કરોડના વધારા સાથે વર્ષ ૨૦૧૮-૧૯ માટેનું કુલ રૂ.૬૯૯૦ કરોડનું બજેટ આજરોજ મળેલી સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં મંજૂર કરવામાં આવ્યું હતું. જેમાં રેવન્યુ ખર્ચમાં રૂ.૩૦૦ કરોડ અને વિકાસના કામોમાં રૂ.૧૯૦ કરોડ મળીને કુલ રૂ.૪૯૦ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે. વળી, મ્યુનિસિપલ કમિશનર દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રોપર્ટી ટેકેસમાં જંત્રી આધારિત ૫૦ ટકા રાહત પાછી ખેંચાઇ હતી, તેમાં ૨૫ ટકાની રાહત ચાલુ રાખવામાં આવી છે, જેના કારણે શહેરના નાગરિકોને પ્રોપર્ટી ટેક્સમાં રૂ.૩૫ કરોડની રાહત મળવાનો અમ્યુકો સત્તાધીશોએ દાવો કર્યો હતો પરંતુ જાણકારોના મતે, વાસ્તવમાં રૂ.૮૦થી ૮૫ કરોડનો બોજો નાગરિકો પર પડવાની સંભાવના છે. અમ્યુકો સત્તાધીશોના મતે, શહેરમાં ૬.૩૫ લાખ મિલકતોને જંત્રી આધારિત પ્રોપર્ટી ટેક્સની આકારણીમાં અસર થશે પરંતુ વાસ્તવમાં આઠ લાખથી વધુ પ્રોપર્ટીને તેની અસર થશે.

## સાર સમાચાર...

### કોહલી-રહાણેની જોડીના દમે ભારતની ડરબનમાં ભવ્ય જીત

ડરબન

ડરબનના મેદાન ખાતે રમાયેલી પ્રથમ વનડે મેચમાં ભારતે યજમાન દક્ષિણ આફ્રિકા પર શાનદાર જીત મેળવીને છ વન ડે મેચોની શ્રેણીમાં ૧-૦ની મહત્વની લીડ મેળવી લીધી હતી. ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ફરી એકવાર વિરાટ બેટિંગ કરીને શાનદાર ૧૧૨ રન કર્યા હતા. વિરાટે વનડે કેરિયરની ૩૩મી સદી કરી હતી. રહાણેએ ભવ્ય ૭૯ રન કર્યા હતા. રહાણેની સતત પાંચમી અડધી સદીની મદદથી ભારતે દક્ષિણ આફ્રિકા પર છ વિકેટે જીતી મેળવી હતી. યજમાન ટીમે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૬૯ રન કર્યા હતા. જવાબમાં ભારતીય ટીમે ૪૫.૩ ઓવરમાં જ ચાર વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. પ્રવાસી ટીમે આની સાથે જ ૧-૦ની લીડ મેળવી લીધી છે. ડરબનના મેદાનમાં ભારતીય ટીમે આફ્રિકા સામે પ્રથમ જીત મેળવી હતી. શ્રેણીની બીજી વનડે મેચ ચોથી ફેબ્રુઆરીના દિવસે સેન્ચુરિયન ખાતે રમાનાર છે.

## પાલનપુરમાં વેપારીનું અપહરણ કરી માર મારી લૂંટી લેવાયો

**અંતે પોલીસે ૪ લોકો સામે ગુનો નોંધી હાથ ધરી તપાસ**

પાલનપુર

પાલનપુરમાં ગતરાત્રે એક વેપારીનું અપહરણ થયું હતું. જોકે, પરિવારજનોએ પોલિસને જાણ કરતા અપહરણકારોએ વેપારીને મોડીરાત્રે છોડી મુક્યો હતો. દરમિયાન, આજે અપહરણ કારોએ પોલીસ ફરિયાદ નહીં કરવા માટે જાનથી મારી નાંખવા ની ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે. અંતે પોલીસે ૪ લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેરના આબુ હાઈવે પર આવેલી નવજીવન સોસાયટી માં ૫૫ નંબરના મકાનમાં રહેતા અજીતભાઈ સ્વરૂપભાઈ ચૌધરી હાઈવે પર ગેરેજ ધરાવે છે. આ અજિતભાઈ નામના વેપારી ગતરાત્રે હોટલ વે-વેઈટ પાસે


સંજય જોષી

મસાલો ખાવા ગયા હતા. ત્યારે ૧૦ જેટલા ઈસમોએ ખાનગી ગાડીમા તેમનું અપહરણ કરી લઈ ગયા હતા. એક અજાણ્યા ફાર્મ હાઉસ પર લઈ જઈ વેપારીને માર મારી અને માથાના ભાગે ચપ્પાના ધા મારી દોઢ તોલાની સોનાની ચેન અને રૂ.સાતેક હજાર રૂપિયા લૂંટી રસ્તામાં ફેંકી દીધા હોવાની કેફિયત વેપારીએ રજૂ કરી હતી.

જોકે, વેપારી રોજિંદા નિત્યક્રમ મુજબ ઘેર ન આવતા ચિંતાતુર પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી. ત્યારે પોલીસ હરકતમાં આવતા પોલિસની સતર્કતાને પગલે અપહરણકારોએ વેપારીને જહાનારા બાગ પાસે ફેંકી જતા

**પોલીસ ફરિયાદ કરવા સામે પીડિત પરિવારને અપાઈ ધમકી**

રહ્યા હોવાનું પીડિત વેપારીના ભાઈ દિપક પટેલએ જણાવ્યું હતું. જોકે, ગત રાત્રે વેપારી સાથે અપહરણની બનેલી ઘટનાને પગલે કલાકો વીતવા છતાં પોલીસે ફરિયાદ ન લઈ કોઈ ઠોસ કાર્યવાહી ન કરતા પીડિત પરિવારને ત્યાં આજે સવારે બે અજાણ્યા બાઈક સવારો આવી ચડ્યા હતા. જેઓએ પોલીસ કાર્યવાહી કરવા સામે જાનથી મારી નાખવાની ધમકી

અનુસંધાન પાના નં.૬

### અંતે...૪ લોકો સામે ફરિયાદ

પાલનપુરમાં વેપારીના અપહરણ મામલે અંતે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે ફરિયાદ નોંધી હતી. પોલીસે પ્રશાંત અજિત ભાઈ ચૌધરીની ફરિયાદને આધારે (૧)ગીરીશ ચૌધરી રહે. ગોળા તા. પાલનપુર સહિત ૩ અજાણ્યા ઈસમો સહિત ૪ લોકોએ પીડિત વેપારી અજિતભાઈ ચૌધરીનું બળજબરીથી અપહરણ કરી માર મારી રૂ.૪૦,૦૦૦ની કિંમતની સોનાની ચેન અને ખિસ્સામાં રહેલા ૭ થી ૮ હજાર રૂપિયા લૂંટી લઈ માર માર્યો હોવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ધાનેરામાં રેલ નીચે પડતું મુકતા ઈસમનું સારવાર દરમિયાન મોત

ધાનેરા

આજે ધાનેરા લોકલ પેસેન્જર ટ્રેન આગળ જંપલાવી આત્મહતા નો પ્રયાસ કરનાર ઈસમ ગંભીર રીતે ઘવાતા સારવાર માટે પાનલપુર ખસેડાયો હતો .જો કે સારવાર દરમિયાન આ ઈસમ નું મોત નીપજ્યું હતું


એન.કે.મોદી

ધાનેરા હનુમાન ત્રણ રસ્તા નજીક આજે બફોર ના સમય રાણીવાડા તરફ થી આવતી લોકલ પેસેન્જર ટ્રેન આગળ પડતું મૂકી આત્મહતા નો પ્રયાસ કર્યો હતો .જો કે ચાલુ ટ્રેન ની અડફેડ માં.આવી જતા આ ઈસમ નો એક પગ કપાઈ ગયો હતો.જયારે આસ પાસ ના લોકો દવારા ૧૦૮ મોબાઈલ વાન નો સંપ્રક કરી ધાનેરા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો .જો કે હાલત ખુબજ ખરાબ હોવાથી ઈજાગ્રસ ઈસમ ને પાલનપુર ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન આ ઈસમ નું મોત થતા નું જાણવા મળ્યું છે.જયારે તપાસ કરતા આ ઈસમ લાખણી તાલુકાના વાસણ ગામ નો જબરાજી ચોગાજી રાજપૂત ઉમર ૩૫ હોવાનું તપાસ દરમિયાન જાણવા મળ્યું છે.

**સૂર્યોદય - ૭.૨૦ સૂર્યાસ્ત - ૬.૨૮**

## તિથિદર્શન
મહા વદ-૩ શનિવાર ૨૦૭૪

| | | |
|---|---|---|
| ૧૨ | ૧૦ / ૧૦ સુ.લ.બુ. શુ.કે. / ૯ | ૮ મં. |
| ૧ | | ૭ ગુ. |
| ૨ | ૩ / ૪ રા. / ૫ ચં. | ૬ |

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ મહા વદ :ત્રીજ શનિવાર નક્ષત્ર:પૂર્વ ફાલ્ગુની બપોરે ૧૧.૨૪ પછી ઉત્તર ફાલ્ગુની યોગ : સુકર્મા કરણ :કૌલવ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) સાંજે ૫.૦૭ પછી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### અકાલજ્ઞઃ સદુર્મેધાઃ કર્યાણામ વિશેષવિત્ વૃથાચારસમારંભી પ્રેત્ય ચેહ વિનશ્યતિ

'સમય પ્રમાણે, સમયને અનુકૂળ, સમયને ઓળખીને કાર્ય ન કરનારો, મંદબુદ્ધિવાળો, કાર્યનાં સાધન અને પરિણામ ઈત્યાદિથી અજાણ્યો અને નકામાં- ખોટાં- અયોગ્ય- વૃથા કાર્યોનો પ્રારંભ કરનારો મનુષ્ય આલોક અને પરલોકમાં વિનાશ પામે છે.' કેટલાક લોકોમાં કામ કરવાની શક્તિ તો હોય છે પણ યોગ્ય સમયે યોગ્ય કામ કરવાની આવડત નથી હોતી, ચોમાસામાં પુલ બનાવવાનું કામ, શિયાળામા બાગ-બગીચાનું કામ, ઋતુ પ્રમાણે- પારખીને કામ કરવામાં ન આવે તે હાંસીપાત્ર થાય. રસોઈ કરવાના સમયે છાપાં- ટીવી કે ભરતકામ લઈ બેઠેલાં બૈરાં પતિની નારાજગીનો ભોગ બને છે. અધિકારી માણસ પોતાના કર્મચારીની બુદ્ધિ- આવડતનો પારખુ હોવો જોઈએ કયા કર્મચારી પાસેથી કેવું અને કેવી રીતે કામ લેવું એમાં જ એની સફળતા છે. કોઈ મહેનતુ- ગધ્ધાવૈતરું કે બહારના- ફરવાના કામમાં પાવરધા હોય તો કોઈ બુદ્ધિદ્ કૌશલ્યના લેખનમાં પાવરધા હોય છે. કયા સાધનથી કઈ કળાથી કયા કામમાં કોને કયા સમયે ઉપયોગ કરવાથી જ સફળતા મળે છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) પ્રણય પ્રસંગમાં સફળતા મળે. સંતાન સાથે સુમેળ રહે, માંગલિક પ્રસંગનું આયોજન થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) સામાજિક પ્રતિષ્ઠા વધે. ધંધાકીય પ્રવૃત્તિમાં હકારાત્મક વાતાવરણ રહેતું જણાય.**
**મિથુન : (ક.છ.ઘ.) નવા સાહસનું આયોજન થતું જણાય. ભાઇ-ભાંડુ સાથે સુમેળ સર્જાય.**
**કર્ક : (ડ.હ.) કુટુંબમાં સુમેળભર્યું વાતાવરણ રહે. જમીન-મકાનના કામમાં સરળતા રહે.**
**સિંહ : (મ.ટ.) જીવનસાથી સાથેના મતભેદો દૂર થાય. ભાગીદારી પેઢીમાં એકવાક્યતા રહેવા જણાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) કોઇ લક્ઝરીયસ ચીજ-વસ્તુની ખરીદી થાય. મુસાફરીનું આયોજન થઇ શકે.**
**તુલા : (ર.ત.) જામીનગીરીના કામકાજમાં સરળતા રહે. વડીલવર્ગ તેમજ મિત્રો સાથે સુમેળ રહે.**
**વૃશ્ચિક : (ન.ય.) પિતા સાથે એકવાક્યતા રહે. જમીન-મકાનના કાર્ય સરળતાથી પાર થાય.**
**ધન : (ભ.ફ.ધ.) કોર્ટ-કચેરીના કામકાજમાં સરળતા રહે. પડોશી સાથે સુમેળ રહે.**
**મકર : (ખ.જ.) નાણાકીય કટોકટી થતી જણાય. વાણી ઉપર અંકુશ રાખવો જરૂરી.**
**કુંભ : (ગ.શ.સ.) જાહેર જીવનમાં માન-પ્રતિષ્ઠા વધે. ભાગીદારી પેઢીમાં એકવાક્યતા રહે.**
**મીન : (દ.ચ.જ.થ.) કોર્ટ-કચેરીના કામકાજમાં પ્રતિકૂળતા રહે. મોસાળપક્ષ તરફ અસંતોષ રહે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ભારતીય મહિલાઓમાં રાજકારણ, સમાજસેવા અને શિક્ષણના ક્ષેત્રે અગ્રિમ સ્થાન સર્જનાર રાજકુમારી અમૃતકૌરનો જન્મદિન છે. એમનો જન્મ તા. ૩-૨-૧૮૮૪ ના રોજ લખનૌમાં થયો હતો. તેઓ ગાંધીજીની પ્રેરણાથી કોંગ્રેસમાં જોડાયા. તેમની સેવાઓ ઈતિહાસમાં યાદગાર પૃષ્ઠ બની રહી છે. ભારતીય નારીના ઉત્કર્ષ માટે તેમણે આપેલા સમય અને શકિત, બાળલગ્નો, પડદાપ્રથા, દહેજ નિરક્ષરતા જેવા સામાજિક અનિષ્ટો સામે તેમણે ચલાવેલી ઝુંબેશોને લીધે સમગ્ર નારીજગતના અગ્રણી બની રહ્યા.

આવી આ મહાન સન્નારીનું ઈ.સ.૧૯૬૪માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# વાવની ખીમાણાપાદર પ્રા.શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના ખીમાણાપાદર ગામે આવેલી વાઢીયાવાસ પ્રા.શાળામાંથી તા.૨૯/૧/૨૦૧૮ ના રોજ એક દીવસનો શૈક્ષણિક પ્રવાસ, યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રા.શાળાના ૫૬ વિદ્યાર્થીઓને અંબાજી, બાલારામ, દાંતીવાડા, જેવા સ્થળોનો પ્રવાસ કરાયો હતો. આ પ્રવાસનો તમામ ખર્ચ ખી.પાદર ગામના અભાજી વાલાજી ગોહીલ તરફથી આપવામાં આવ્યો હતો. પ્રવાસની મજામાણી ભૂલાકાઓ મંત્રમુગ્ધ બની ગયા હતા. પ્રવાસના દરેક સ્થળોએ શાળાના સ્ટાફ મિત્રોએ બાળકોને વાકેફ કરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રા.શાળાના મુ.શિક્ષક નાગથભાઈ ગોહીલ, શીવાજી ગોહીલ, થાંનાજી ગોહિલ તથા સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. લકઝરી બસ દ્વારા શાળાના શૈક્ષણિક પ્રવાસનો તમામ ખર્ચ ઉઠાવનાર દાનવીર એવા અભાજી વાલાજી ગોહીલની સમસ્ત ગ્રામજનોએ પ્રસંસા કરી તેમની ઉમદા કામગીરીને બીરદાવી હતી.

# વાવના ખીમાણા પાદર ગામે સન્માન અને સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

ગતરોજ તા.૧/૨/૨૦૧૮ અને ગુરૂવારના રોજ વાવ તાલુકાના ખીમાણા પાદર ગામે આવેલા કૂળદેવી મા વડેચીના સાનિધ્યમાં રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ અને વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો.

જે કાર્યક્રમ ખીમાણાપાદર ગામના ભગત ગોહીલ અભાજી વાલાજી દ્વારા કરવામાં આવ્યો હતો. જે પ્રસંગે કાર્યક્રમના આયોજક અભાજી ગોહીલે પોતાના જીવન દરમિયાન વ્યસનથી દુર રહી બચાવેલા નાણાને રાજપૂત સમાજના શૈક્ષણિક સંકુલમાં તેમજ ગૌશાળામાં અર્પણ કરી ઉત્તમ ઉદાહરણને સાર્થક કરી બતાવ્યું છે. તેમજ વ્યસન મુક્તિથી યુવાનોએ પર રહેવાનું જણાવાયું હતું રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું ઉપસ્થિત અગ્રણી મિત્રોએ તેમજ રામલખનદાસ બાપજીએ પણ વ્યસન મુક્તિ વિશે માર્ગદર્શન આપ્યું હતું અંતે તિથી ભોજન યોજી તમામ અગ્રણી મિત્રોએ સાથે ભોજન લીધુ હતું કાર્યક્રમનું સફળ આયોજન અભાજી વાલાજી ગોહીલે કર્યું હતું. જ્યારે સંચાલન શિવાજી ગોહીલે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં સમસ્ત ખી.પાદર ના ગ્રામજનો રાજપૂત સમાજના અગ્રણીઓએ સિંહ ફાળો આપ્યો હતો.

જે પ્રસંગે રાજપૂત સમાજના અગ્રણીઓમાં કાનજીભાઈ રાજપુત, ડી.ડી. રાજપુત, ધનજીભાઈ ગોહીલ, મુળજીભાઈ ગોહીલ, આંબાજી ગોહીલ, વણાજી સોલંકી, રામસેંગજી રાજપુત (કેશર કૃપા) રમેશભાઈ રાજપુત (ચારડા) વણાજી રાજપુત, હરજીભાઈ સોલંકી, કેશરાજી સેંગળ (તલાટી) થાંનાજી ગોહીલ, સી.આર. સી. રતનાભાઈ પટેલ (અરજણપુરા) તેમજ વિશાળ સંખ્યામાં ગ્રામજનો અને રાજપુત બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

### લઘુમતી બજેટમાં ૫૦૩ કરોડનો વધારો કરાયો

# બજેટમાં મુસ્લિમ મહિલાને ખુશ કરવાના તમામ પ્રયાસ

**લઘુમતી બાબત માટે આ વર્ષના બજેટમાં ૪૭૦૦ કરોડની જોગવાઈ કરાઈ : કેટલીક નવી યોજનાઓની પણ ઘોષણા**

નવી દિલ્હી

કેન્દ્રિય નાણાંપ્રધાન અરૂણ જેટલીએ સામાન્ય બજેટ ૨૦૧૮-૧૦ રજૂ કરતી વેળા આ વખતે મુસ્લિમ મહિલાઓને ખુશ કરવાના તમામ પ્રયાસો કર્યા છે. જેટલીએ બજેટમાં લઘુમતી બજેટમાં ગયા વર્ષની તુલનામાં ૫૦૩ કરોડનો વધારો કર્યો છે. લઘુમતી મામલા માટે આ બજેટમાં ૪૭૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ગયા વર્ષે આ બજેટ ૪૧૯૭ કરોડ રૂપિયા હતુ. આ બજેટમાં કેટલીક નવી યોજના પણ જાહેર કરવામાં આવી છે. સાથે સાથે મુસ્લિમ મહિલાઓને ખુશ કરવા માટે તમામ પ્રયાસો થયા છે. બજેટની મોટી રકમ શિક્ષણ પર ખર્ચ કરવાની વાત કરવામાં આવી છે. વિપક્ષ આને દેખાવવાના બજેટ તરી-કે ગણે છે. વિપક્ષનો આરોપ છે કે લઘુમતી મામલા માટે જે બજેટ નક્કી કરવામાં આવે છે તે ખર્ચ કરી શકાતુ નથી. લઘુમતી યોજનાઓ માટે જે બજેટ નક્કી કરવામાં આવ્યુ છે તેના માટે તે પોતાની પ્રશંસા કરી રહી છે. લઘુમતી બાબતોના કેન્દ્રિય પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ આને ઐતિહાસિક વધારા તરીકે ગણાવીને જેટલીનો આભાર માન્યો છે. તેમણે કહ્યુ છે કે આના કારણે મુસ્લિમ સમુદાયના શૈક્ષણિક સ્તરમાં સુધારો થનાર છે. તેમણે કહ્યુ હતુ કે ૧૬ ટકા મુસ્લિમ મહિલા અધવચ્ચે અભ્યાસ છોડી દે છે. અભ્યાસ અધવચ્ચે છોડી દેવા માટે કેટલાક કારણો પણ રહેલા છે. શિક્ષણ માટે સાત યોજના શરૂ કરવામાં આવનાર છે. આ યોજના માટે ૨૪૫૩ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે. પૂર્વ માધ્યમિક ધરોણમાં મુસ્લિમ યુવતિઓ અને યુવક અભ્યાસ અધવચ્ચે છોડી ન દે તે માટે ૯૮૦ કરોડ રૂપિયાની સ્કોલરશીપ આપવામાં આવનાર છે. મૌલાના આઝાદ ફેલોશીપ માટે ૧૫૩ કરોડ રૂપિયા જારી કરવામાં આવ્યા છે.વિદેશમાં અભ્યાસ માટે પ્રોત્સાહન પણ આપનાર છે.

### મોદી વિચાર મંચની બેઠક અમદાવાદમાં યોજાઇ

# કોંગ્રેસને સત્તાથી દૂર રાખવા મોદી વિચાર મંચની ભૂમિકા

**વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને લઈને કામે લાગી જવા રવિ ચાણકયની હાકલ : બેઠકમાં નવા હોદ્દેદારો નિમાયા**

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતને સર્વ શકિતશાળી રાષ્ટ્ર એટલે કે, વિશ્વની મહાસત્તા બનાવવા તરફ આગળ વધી રહ્યા છે ત્યારે તેમના વિચારો, કાર્યો અને નીતિઓ-સિધ્ધિઓને લોકો સુધી પહોંચાડવા અને તેની સાચી સમજ કેળવાય તે હેતુથી કાર્યરત નરેન્દ્ર મોદી વિચાર મંચની એક મહત્વની બેઠક આજે શહેરના સરકીટ હાઉસ, એનેક્સી ખાતે યોજાઇ હતી. જેમાં મંચના રાષ્ટ્રીય સંયોજક રવિ ચાણકયએ અધ્યક્ષપદેથી જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસને સત્તાથી દૂર રાખવામાં નરેન્દ્ર મોદી વિચાર મંચની પણ ઘણી મહત્વની ભૂમિકા રહી છે. દેશના દરેક રાજયોમાંથી લગભગ ૧૨૨ જેટલા કાર્યકરો અને હોદ્દેદારોની ટુકડીઓ ગુ-જરાતમાં પોતાના ખર્ચે લોકો સુધી પહોંચી તેમને નરેન્દ્ર મોદીની વિકાસ ગાથા અને ભારત દેશને વિશ્વની મહાસત્તા બનાવવા તરફના નોંધનીય પ્રયાસોની જાણકારી જન-જન સુધી પહોંચાડી હતી અને ગુજરાતનો જનમત ભાજપ તરફથી બનાવવા માટે ભારે મહેનત કરી હતી, જેને પગલે ગુજરાતમાં ભાજપનો ભગવો ફરી એકવખત લહેરાયો છે.તેમણે આગામી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને લઇ અત્યારથી જ કામે લાગી જવા કાર્યકરોને હાકલ કરી હતી. તેમણે દેશ માટે સમર્પિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વધુ શકિતશાળી બનાવવા અને દેશને વિકાસની નવી ઉંચાઇઓ સુધી લઇ જવા ઉત્સાહ અને જુસ્સા સાથે રણનીતિમાં જોતરાઇ જવા પણ કાર્યકરોને અનુરોધ કર્યો હતો.

# હવે શંકરસિંહ વાઘેલા બનશે ઓરિસ્સાના રાજયપાલ..!!?

ગાંધીનગર

ગુજરાતના વિપક્ષના કદાવર નેતા ગણાતા શંકરસિંહ વાઘેલાની રાજયપાલ તરીકે નિમણૂંક થઈ શકે છે. જાણવા મળી રહ્યું છે કે, શંકરસિંહ વાઘેલાને ઓરિસ્સા અથવા મહારાષ્ટ્રના રાજયપાલ બનાવવામાં આવી શકે છે. વજુભાઈ વાળા અને આનંદીબહેન પટેલ બાદ શંકરસિંહ વાઘેલા ત્રીજા નંબરના કદાવર નેતા છે. મહત્વનું છે કે ઓરિસ્સાના રાજયપાલ એસ.સી. જમીર આગામી બે મહિનામાં નિવૃત્ત થશે અને બીજી બાજુ મહારાષ્ટ્રના રાજયપાલ સી. વિદ્યાસાગર રાવનો કાર્યકાર પૂર્ણ થવાને હજુ એક વર્ષથી વધુ સમય છે. જેથી બાપુને ઓરિસ્સાના રાજયપાલ બનાવવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા જ શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ સાથે છેડો ફાડી નાખ્યો હતો અને 'જન વિકલ્પ' નામે નવો પક્ષ ઉભો કર્યો હતો. જો કે આ મામલે અધિકારીક રીતે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે વજુભાઈ વાળા બાદ ભાજપના આનંદીબેન પટેલને પણ મધ્યપ્રદેશના રાજયપાલ બનાવવામાં આવ્યા છે.

# એક અઠવાડીયામાં ફી નિયમન કમીટીની રચના કરવામાં આવશે : ભુપેન્દ્રસિંહ ચુડાસમા

અમદાવાદ

ગુજરાતમાં ખાનગી સ્કુલો દ્વારા ફી નિર્ધારણ સમિતિ સમક્ષ કરાયેલી ફી વધારાની દરખાસ્ત અંગે ગુરૂવારે નિર્ણય લેવાય તેના ચાર કલાક પહેલા જ સુપ્રીમ કોર્ટે ફી નિર્ધારણની આખા પ્રક્રિયા બદલી નાખતો ચુકાદો આપ્યો છે. ફી નિધારણ મામલે ગુજરાતમાં ૧૧ મહિનાની લાંબી કાનુની લડત બાદ સુપ્રીમ કોર્ટે સીમાચિહ્ન ચુદાકામાં ઠેરવ્યું છે કે સ્કુલો માટેની ફી નક્કી થયા બાદ પણ સુપ્રીમ કોર્ટના આદેશ સકિવાય તે લાગુ થઇ શકશે નહીં. એટલું જ નહીં રાજય સરકારના જુના કાયદા હેઠળ નક્કી થયેલી ફીને પણ વાલીઓના બે પ્રતિનિધિમંડળો અને શાળા સંચાલકોને સાંભળ્યા બાદ નવેસસરથી ફી સ્ટ્રકચર નક્કી કરવા સુપ્રીમે સરકારને આદેશ આપ્યો છે.

આ અંગે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમો જણાવ્યું હતું કે રાજય સરકારના અધિકારને સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યો છે સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ફી નિયમ એકટ સીબીએસસી સહિતના તમામ બોર્ડને લાગુ પડશે. આ ઉપરાંત વધારાના સુધારા હોય તો સાંચલકો કે વાલીઓએ બે અઠવાડીયાની અંદર આ અંગેની રજુઆત રાજય સરકારને કરવાની રહેશે.જેના પછીના બે અઠવાડિયામાં રાજય સરકારે નવું ફીકસેશ નજાહેર કરવાનું રહેશે

શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું. હાઈકોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં સમિતિ એક અઠવાડીયામાં બનાવવામાં બનાવવામાં આવશે. ૨ નિવૃત જજ સહિત ચાર સભ્યોની કમિટી રચાશે. ૨૮ ફેબ્રુઆરી સુધી વાલીઓની રજુઆત સાંભળવામાં આવશે. કમિટિમાં વાલીઓના સ્થાન માટે કોઇ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તેમણે જણાવ્યું હતું કે મુક્તિ મર્યાદામાં ફેરવિચારણા કરાશે. બાકી રહેલી તમામ શાળાઓએ દખાસ્તો બે સપ્તાહમાં રજુ કરવાની રહેશે. શાળાઓની દરખાસ્તોને ધ્યાનમાં લઇ બે અઠવાડીયામાં ફી નકકી કરવામાં આવશે. ચાર સપ્તાહમાં ફી નિર્ધારણની આખરી યાદી જાહેર કરવામાં આવશે. કાયદા પ્રમાણે ફી નિર્ધારણ કરવામાં આવશે.

શ્રી ચુડાસમાએ જણાવ્યુ હતું કે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ શાળા સંચાલકોને સમર્થન આપે છે.તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસના નેતા સંચાલકોના કેસ લડે છે.શ્રી ચુડાસમાએ સંચાલકોને કોર્ટ વકીલોના ખર્ચને ઘટાડવામાં કરવાની વિનંતી કરી હતી.

# તા.૮થી ૧૦માં કોંગ્રેસના ધારાસભ્યોની ક્લાસ, સારી કામગીરીના પાઠ ભણાવાશે

ગાંધીનગર

વિધાનસભા-૨૦૧૭ના પરિણામોએ કોંગ્રેસમાં પ્રાણ સંચાર કર્યો છે. આગામી વિધાનસભાનું બજેટ સત્ર તા.૧૯ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યું છે. ૨૮ માર્ચ સુધી ચાલનાર આ બજેટ સત્ર દરમિયાન વર્તમાન ભારતીય જનતા પાર્ટીની સરકારને ઘેરવા માટે કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને વિશેષ તાલિમ વર્ગ યોજી રહ્યું છે. તા.૮, ૯ અને ૧૦ ફેબ્રુઆરી યોજાનાર આ તાલિમ વર્ગમાં પ્રજાના પ્રશ્નોને લઈને ગૃહની અંદર અને ગૃહની બહાર મોરચો ખુલશે. પરિણામે આ વખતનું વિધાનસભાનું બજેટ સત્ર અત્યંત તોફાની પુરવાર થાય તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. આ તાલિમ શિબિરમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ધારાસભ્યોને પરફોર્મન્સના પાઠ ભણાવશે. આ તાલિમ દરમિયાન ધારાસભ્યોને તેમના વિસ્તારના પ્રશ્નો ઉપરાંત કયા વિભાગના પ્રશ્નો અંગે વિશેષ સમજણ અને રસ છે તે પ્રમાણે ત્રણ ધારાસભ્યો વચ્ચે એક મિનીસ્ટ્રીને વહેંચવામાં આવશે. પ્રથમ વખત કોંગ્રેસ દ્વારા સેડો મિનિસ્ટ્રી બનાવવામાં આવી રહી છે. જેની જાહેરાત દિલ્હીથી કરવામાં આવનાર છે. આ સેડો મિનીસ્ટ્રી લોકશાહીના નિયમ વિરૂધ્ધ છે કે નહી તેની કાયદાકીય તપાસ અને અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે. આ અભ્યાસના તારણોને આધારે આવતા દિવસોમાં સેડો મિનિસ્ટ્રીની રચના કરવામાં આવશે. આ વખતની વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યો ગૃહની અંદર અને ગૃહની બહાર પણ મોરચો ખોલશે અત્યંત લડાયક મૂડ સાતે આ વખતે વિધાનસભા ગૃહ મળશે તેવા સ્પષ્ટ એંધાણ મળી રહ્યા છે.તેના ભાગરૂપે ત્રણ દિવસની તાલિમ શિબિર યોજવામાં આવી રહી છે જેમાં ત્રણ દિવસ સતત તાલિમ, માર્ગદર્શન આપવામાં આવશે.

# ડૉ. પ્રવિણ તોગડિયાએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને નોટીસ પાઠવી

અમદાવાદ

૨૧ વર્ષ અગાઉ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં થયેલા તોફાનના કેસમાં અને રાજસ્થાનના ગંગાપુર કોર્ટમાં નોંધાયેલી ફરિયાદના સંદર્ભમાં વિશ્વ હિન્દુ પરિષદના નેતા ડૉ પ્રવિણ તોગડિયાનું વોરંટ નિકળતા હવે તોગડીયા પણ લડાયક મુડમાં આવી ગયા છે. પ્રવિણ તોગડિયા અમદાવાદની શાહીબાગ હોસ્પિટલમાં દાખલ થયા હતા. ત્યાં તેમણે ક્રાઈમ બ્રાન્ચના જોઈન્ટ પોલીસ કમિશનર જે. કે. ભટ્ટ પર આરોપ મુક્યો હતો કે તેઓ નરેન્દ્ર મોદીના ઈશારે તેમને પરેશાન કરવા ખોટા કેસ ઉભા કરી તેમના બદનામ કરી રહ્યા છે.આ મામલે તોગડિયા જેસીપી જે. કે. ભટ્ટ સામે ફરિયાદ કરવાની પણ જાહેરાત કરી હતી. જેના પગલે તેમણે ક્રાઈમ બ્રાન્ચને પોતાના નવા વકિલ મારફતે એક નોટીસ પાઠવી જણાવ્યુ છે કે ગંગાપુર કોર્ટના વોરંટ બાદ તે પરિષદના કાર્યકર ઘનશ્યામના ઘરે ગયા હતા,તે અંગે તપાસ કરવા ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ મોડી રાત્રે ક્યા ગુનાના કામે અને કોના હુકમથી ઘનશ્યામના ઘરે ગયા હતા.તોગડિયાએ નોટીસ દ્વારા માગણી કરી છે કે ઘનશ્યાને તેમના ઘરેથી ક્રાઈમ બ્રાન્ચના અધિકારી ઉપાડી ગાયકવાડ હવેલી ખાતે લઈ આવ્યા હતા, તો મારે તે રાતના સીસીટીવી ફુટેજની જરૂર છે. કારણ ઘનશ્યામ કોઈ કેસના આરોપી ન્હોતા અને સાક્ષી પણ ન્હોતા તો શા માટે મોડી રાતે તેમને ક્રાઈમ બ્રાન્ચ લાવવામાં આવ્યા હતા? આ રાત્રે ક્રાઈમ બ્રાન્ચમાં કોણ કોણ અધિકારી ફરજ ઉપર હતા તેમના નામની યાદી પણ આપવામાં આવે. આ અંગે ક્રાઈમ બ્રાન્ચના સુત્રોને પૂછતાં તેમણે તોગડિયા તરફથી મોકલવામાં આવેલી નોટીસ અંગે સમર્થન આપ્યુ હતું. અત્રે ઉલ્લેખનિય છે કે રાજસ્થાનની ગંગાપુર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ ગંગાપુર કોર્ટનું વોરંટ લઈ આવ્યા હતા, જ્યાર બાદ તેઓ તોગડિયા ભુગર્ભમાં જતાં રહ્યા હતા.

# પેન કાર્ડ, આધાર કાર્ડ માટે બનાવટી દસ્તાવેજો તૈયાર કરી આપનાર એજન્ટ ઝબ્બે

ભાયંદર

પેનકાર્ડ અને આધાર કાર્ડ મેળવવા માટે બનાવટી દસ્તાવેજો તૈયાર કરી આપવા પ્રકરણે જે એજન્ટ વિરુદ્ધ ગુનો નોંધવામાં હતો તેના આગોતરા જામીન હાઈ કોર્ટે નકાર્યા બાદ ભાયંદર પોલીસે તેની ધરપકડ કરી હતી. પકડાયેલા એજન્ટને સ્થાનિક અદાલતમાં હાજર કરાતાં તેને ચાર દિવસની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

ભાયંદર પોલીસ સ્ટેશનના પીઆઇ રાજેન્દ્ર કાંબળને પેનકાર્ડ, આધાર કાર્ડ કાઢી આપનારા એજન્ટ વિશે માહિતી મળ્યા બાદ બોગસ ગ્રાહક તૈયાર કરી વાલચંદ શોપિંગ કોમ્પ્લેક્સ ખાતે આવેલી મહેતા એસોસિયેટ્સ નામની શોપમાં પાઠવાયો હતો. બોગસ ગ્રાહક પાસે કોઇ પણ પુરાવા ન હોવા છતાં તેની પાસેથી વધારાના રૂ. બે હજાર લઈને પેનકાર્ડ, આધાર કાર્ડ કાઢી આપ્યાં હતાં. આધાર કાર્ડમાં પુરાવા તરીકે ડ્રાઈવિંગ લાઇસન્સ રજૂ કરાયાનો ઉલ્લેખ હતો.

દરમિયાન બોગસ ગ્રાહક પાઠવીને ખાતરી કરી લીધા બાદ પોલીસે ૬ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ એ શોપમાં છાપો માર્યો હતો.

# રાય યુનિવર્સિટી અમદાવાદ દ્વારા ચોથો પદ્વીદાન સમારોહ યોજાયો

૨ જી ફેબ્રુઆરી ૨૦૧૮, શુક્રવારના રોજ રાય યુનિવર્સિટી દ્વારા તેના ચોથા પદવીદાન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવેલું જેમાં સમારોહના અતિથિ વિશેષ તરીકે ભુપેન્દ્રસિંહ ચુડાસમા (શિક્ષણ મંત્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાય, અતિથિ અનુપમ જલોટે (ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર - આઈ - ક્રીયેટ, ઈન્ટરનેશનલ સાયન્સ ફોર એન્ટરપ્રિન્યરશીપ એન્ડ ટેકનોલોજી, ગુ-જરાત (સરકાર), ક્રિશ્ના પૂજારા (યુ.કે.ચૅર ઑલ લેડીઝ લીગ) ઉપસ્થિત રહ્યા હતા. પધારેલા આદરણીય મહેમાનો, વિદ્યાર્થી તથા તેના માતા- પિતા, મિત્રો અને સંબંધીઓનાં માનવ મહેરામણથી સમારોહની શોભામાં અભિવૃદ્ધિ થઈ હતી.

રાય યુનિવર્સિટીના વાર્ષિક દિક્ષાંત સમારોહની શરૂઆત અતિથિ વિશેષ અને બોર્ડના સભ્યોના પ્રસ્થાન દ્વારા થઈ. ભુપેન્દ્રસિંહ ચુડાસમા (શિક્ષણ મંત્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ) અતિથિ અનુપમ જલોટે (ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર- આઈ- ક્રીયેટ, ઈન્ટરનેશનલ સાયન્સ ફોર એન્ટરપ્રિન્યરશીપ એન્ડ ટેકનોલોજી, ગુજરાત સરકાર) ક્રિશ્ના પૂજારા (યુ.કે.ચૅર ઑલ લૅડીઝ લીગ) ડૉ.હર્બીન અરોરા(પ્રેસિડેન્ટ, રાય યુનિવર્સિટી), ડૉ.કાર્તિક જૈન (પ્રૉવોસ્ટ, રાય યુનિવર્સિટી) અને પ્રો.અનિલ તોમર (ડેપ્યુટી પ્રોવોસ્ટ અને રજીસ્ટ્રાર, રાય યુનિવર્સિટી) દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ ડૉ.હર્બીન અરોરા (પ્રેસિડેન્ટ, રાય યુનિવર્સિટી) દ્વારા દિક્ષાંત સમારોહની શુભ શરૂઆત થઈ. ડૉ.હર્બીન અરોરાએ મહાનુભાવોને આવકાર આપી અવસરને અનુરૂપ પ્રેરણાદાયી પ્રમુખ પ્રવચન આપતાં જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનાં સ્ટાર્ટ અપ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ દર્શાવેલા પથ પર રાય યુનિવર્સિટી હંમેશા એક અભિન્ન અંગ બની ૧૦૦% કાર્યરત રહેશે. આઈ- ક્રિએટ સાથે તેમનાં પ્રોજેક્ટમાં જોડાઈને અમારી યુનિવર્સિટી ખુશી અનુભવશે.'' પદવી મેળવનારા તમામ વિદ્યાર્થીઓને ઉદેશીને ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાનાં પ્રવચનમાં જણાવ્યું કે ''માત્ર પદવી નહિં પણ આજના વૈશ્વિક સ્પર્ધાના યુગમાં તમારી મહેનત, અને કંઈક નવું કરવાની ઈચ્છા જ તમને સક્ષમ બનાવે છે.

## તંત્રી સ્થાનેથી ...

**સદાચારથી ધર્મ ઉત્પન્ન થાય છે અને ધર્મથી જ આયુષ્યની વૃધ્ધિ થાય છે.**

# રાજ્યમાં માર્ગોનું નવિનીકરણ યુધ્ધના ધોરણે થવું જરૂરી

અમદાવાદ જેવા મહાનગરમાં બિસ્માર- ઉબડખાબડ રોડ - રસ્તા તેમજ રખડતા ઢોર અને ગૌચરની જમીનના પ્રશ્ને અતિ ગંભીર સવાલો ઉભા થયા છે. માર્ગોનું નવિનીકરણ કરવા માટે સરકાર દ્વારા લાખો-કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે. પરંતુ થોડા સમય અગાઉ બનાવેલા રસ્તા ચોમાસા દરમ્યાન તૂટી જાય તો જવાબદાર કોણ? નગરપાલિકા કે પછી રોડ કોન્ટ્રાક્ટર? આમ તો સરકાર સમક્ષ સરકારની કામગીરી બાબતે ઘણા લોકો પોતાનો બળાપો વ્યક્ત કરતા હોય છે. ત્યારે બે મહિનામાં રોડ તુટી જાય તો કરોડો રૂપિયાનો થયેલ ખર્ચ માથે પડતો હોય છે.

ગત ચોમાસામાં અમદાવાદમાં ધોવાઈ ગયેલા રસ્તાઓના મુદ્દે થયેલી રિટમાં એ.એમ.સી. દ્વારા ગત મંગળવારે હાઈકોર્ટ સમક્ષ રિપોર્ટ કરવામાં આવેલ. જેમાં જણાવ્યું હતું કે શહેરના કુલ ૨૬૦૦ કિ.મી.ના રસ્તાઓ પૈકીના ૯૮૧ કિ.મી.ના રસ્તાઓનું સર્વે કરાયું છે. જેમાં ખરાબ અને અતિ ખરાબ રસ્તાઓ કહી શકાય તેવા ૭૦ કિ.મી.ના રસ્તાઓ અને અન્ય રસ્તાઓનું સર્વે કામ કરવાનું બાકી છે, એક અરજદાર તરફથી એવી દલીલ કરાઈ હતી કે મ્યુ.કોર્પોરેશન ગેરમાર્ગે દોરી રહ્યું છે. જો ૨૧ કિ.મી.ના ખરાબ રસ્તા હોય તો માત્ર એક જ દિવસમાં તેનું રિપેરીંગ થઈ શકે. મહાનગરમાં ખરાબ રસ્તા ક્યા છે તે બાબતની મુળ હકીકત મહાપાલિકા દ્વારા જણાવાઈ નથી. તેની પાછળનું કારણ શું?

સુનાવણી દરમ્યાન અરજદાર તરફથી એડવોકેટ પંચાલે એવી દલીલ પણ કરી હતી કે છેલ્લા ચાર માસથી એ.એમ.સી.ને રસ્તા રિપેર કરવા માટે હાઈકોર્ટે આદેશ કર્યો છે ત્યારે કોર્પોરેશન આટલા રસ્તા રિપેર થયા છે એવું કહે છે, પરંતુ આ વિસ્તારમાં કેટલા રસ્તા રિપેર થયા તે બાબતની સ્પષ્ટતા કરી નથી.

કોર્પોરેશને પસંદ કરેલા શહેરના ૨૩૧ રસ્તાઓ પૈકી ૯૦ રસ્તાઓને પ્રથમ સુનાવણીમાં ખરાબ હોવાનું સ્વીકાર્યું હતું અને ૯૦ રસ્તા ક્યાં આવ્યા? તે બાબતે કોર્પોરેશન કંઈ જણાવતી નથી.

શહેરમાં ગમે ત્યાં ગમે તે કારણથી રસ્તાઓ બિસ્માર થાય ત્યારે તેને ઝડપથી રિપેર કરવાની તમામ જવાબદારી મહાનગરપાલિકાની હોય છે અને રસ્તા રિપેર ન થાય તો મહાનગરપાલિકાએ તેનો રિપોર્ટ લાગતા વળગતા સત્તાધિશો સમક્ષ રજુ કરવો જોઈએ.

બીજી તરફ અમદાવાદ જેવા મહાનગરમાં જ્યાં જ્યાં જે પરા વિસ્તારમાં તળાવો આવ્યા છે તે તળાવોની સફાઈ માટે ૪૦ કરોડનો ખર્ચ બતાવવામાં આવ્યો છે. આ બધું તો ઠીક પરંતુ આટઆટલો ખર્ચ કરવા છતાં મેમનગરના તળાવમાં શહેરની ગટરનું પાણી વહેતુ કરવામાં આવ્યું હોવાની ફરિયાદો ઉઠી છે. જો તળાવોની સફાઈ માટે રૂા. ૪૦ કરોડનો ખર્ચ થયો હોય તો મેમનગરના તળાવને શા માટે બાકાત કરેલ છે અને તેમાં ગટરનું પાણી વહેતુ કરવાનો અર્થ શું? વડાપ્રધાન મોદીના સ્વચ્છતા અભિયાન ચલાવવા માટે ગુજરાતમાં જે તે શહેરોને ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તેની સમીક્ષા થવી જોઈએ. ગ્રાન્ટના નાણાંનો પુરેપુરો ઉપયોગ જે તે કામ અર્થે થાય તે અત્યંત જરૂરી છે. વર્તમાન સંજોગોમાં રાજ્યના તમામ શહેર અને ગામડાઓમાં રોડ - રસ્તા અને આરોગ્ય અને શિક્ષણ માટે ફાળવાતી ગ્રાન્ટો બાદ તેમાં કોઈપણ જાતની ગેરરીતિ ન થાય તે બાબતે રાજ્ય સરકાર દ્વારા શહેર અને ગામડાઓ માટે અલગ અલગ તપાસ સમિતિનું નિર્માણ થાય તે જરૂરી છે.

## ગુજરાતનું ગૌરવ



આપણા ગુજરાતમાંથી અજમલભાઈ પટેલ, ગામ - સરકારી ગોળીયા, તાલુકો - લાખણી, જીલ્લો - બનાસકાંઠા છેલ્લા બે વર્ષથી દાડમમાં વૈજ્ઞાનીક ખેતી જેવી કે 'ટપક સિંચાઈ પધ્ધતિ' અને ટીસ્યુ કલ્ચર રોપા અપનાવી વધું અને ઉચ્ચત્તમ ગુણવત્તા મેળવેલી હોવાથી તેમને પુનાની (મહારાષ્ટ્ર) દાડમ પરીસંવાદમાં "સ્વર્ગીય શ્રી હીરાલાલ જૈન હાયટેક દાડમ એવોર્ડ - ૨૦૧૮" થી સંન્માનીત કરવામાં આવેલ છે.અખીલ મહારાષ્ટ્ર દાડમ ઉત્પાદનઅનેસંસોધનસંઘ ધ્વારા તા. ૦૬ અને ૦૭ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ પુના મહારાષ્ટ્રમાં બે દિવસનું દાડમ પાક પરીસંવાદ કરવામાં આવેલું. એમા "દાડમની ફાયદાકારક ખેતી" આ વિષય પર રાષ્ટ્રિય પરીસંવાદનું આયોજન કરવામાં આવેલું હતું.પુનામાં બજાર સમીતીમાં નીર્સગ મંગલ કાર્યાલયમાં આ પરીસંવાદનું આયોજન કરવામાં આવેલું હતું. આ પરીસંવાદનું આયોજન દાડમ સંઘની સાથે મહારાષ્ટ્ર ફળ અનેઔષધી વનસ્પતિ મંડળ, દાડમ સંસોધન કેન્દ્ર, સોલાપુર, મહાત્મા ફુલે કૃષિ યુનિવર્સિટી, રાહુરી અને જૈન ઈરીગેશન સીસટમ લીમીટેડ, જંલગાવ ના સહયોગથી થયું.દાડમઉત્પાદનઅનેસંસોધનસંઘ ધ્વારા દર વર્ષે દાડમનુંઉચ્ચ્તમ ઉત્પાદન, વેચાણ, પ્રક્રિયા અને એનો નિકાસ વગેરે આવા વિવિધ ક્ષેત્રમાં સારૂ કામ કરનારા ખેડુતોને "દાડમ રત્ન એવોર્ડ" આપીને સંન્માનીત કરવામાં આવે છે. એની સાથે-સાથે જે વૈજ્ઞાનીકોએ દાડમના પાકમાં સારૂ કામ કર્યુ હોય તેમને પણ "દાડમ રત્ન એવોર્ડ" આપીને સંન્માનીત કરવામાં આવેલું.

## બજેટ પર ગોદરેજ એપ્લાયન્સિસનાં બિઝનેસ હેડ અને ઈવીપી શ્રી કમલ નાંદીની પ્રતિક્રિયા

"યુનિયન બજેટ ૨૦૧૮માં કૃષિ ક્ષેત્ર તરફ વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ સરકારનાં નીતિ આયોગની પહેલને સુસંગત છે, જેનો ઉદ્દેશ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો છે. અમારું માનવું છે કે, લઘુતમ ટેકાનાં ભાવ (એમએસપી) કૃષિ ઉત્પાદનનાં ખર્ચ કરતાં ૧.૫ ગણી કરવાની જાહેરાતથી વિવેકાધિન ખર્ચ માટે ઉપલબ્ધ આવકમાં વધારો કરવામાં મદદરૂપ થશે એટલે ભારતમાં કન્ઝ્યુમ ડ્યુરેબલ્સનાં માગને પ્રોત્સાહન મળશે. અમને રાજ્યોમાંથી માગ વધવાની અપેક્ષા છે, જેમાં મુખ્યત્વે પંજાબ, હરિયાણા, બિહાર, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મધ્યપ્રદેશ વગેરે જેવા કૃષિ પર નિર્ભર રાજ્યો સામેલ છે.

ઉપરાંત સૌભાગ્ય યોજના અંતર્ગત ૪ કરોડ ગરીબ કુટુંબે મફત વીજળી પ્રદાન કરવાની જાહેરાતથી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ક્ષેત્ર માટે પ્રત્યક્ષ અને સકારાત્મક અસર થશે. ઉપરાંત ૫૦૦ શહેરોમાં તમામ કુટુંબોને પાણીનાં પુરવઠા પર ધ્યાન કેન્દ્રિત કરવા અમૃત કાર્યક્રમની જાહેરાત આ વિસ્તારોમાં વોશિંગ મશીનોની સ્વીકાર્યતા પર સકારાત્મક અસર કરી શકે છે. અમને આશા છે કે, આ પહેલોનાં બળે પહોંચમાં વધારો જોવા મળશે."

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# કેરલાની એન્સીએ એક દિવસમાં જીત્યા બે મેડલ

તમિલનાડુના સી. પ્રવીણ ખેલો ઈન્ડિયા સ્કૂલ ગેમ્સની પહેલી આવૃત્તિમાં ગુરૂવારે લાંબી કૂદમાં બે સુવર્ણ મેડલ જીતી શક્યા હોત, પરંતુ હરિયાણાના ભૂપેન્દ્રસિંહે તેમને એવું કરતા રોકી લીધા, ત્યાં જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં રમવામાં આવી રહેલી સ્પર્ધામાં ભાલા ફેંકમાં મહારાષ્ટ્રના વિકાસ યાદવે ૭૫.૦૨ના થ્રો ની સાથે સુવર્ણ મેડલ પર કબ્જો કર્યો. પ્રવીણે એક દિવસમાં બે મેડલ જીતવાની બાબતમાં સ્પ્રિંટર-જમ્પર એવી એન્સી સોજાન અને જમ્પર સૈંડ્રા બાબૂની સાથે ઉભી રહી ગઈ. પ્રવીણે ટ્રીપલ કૂદમાં સુવર્ણ જીત્યો તો લાંબી કૂદમાં રજત મેડલ જીત્યો. એન્સીએ લાંબી કૂદમાં સુવર્ણ મેડલ જીત્યું તો ૨૦૦ મીટરમાં રજત મેડલ પોતાના નામે કર્યુ. સૈંડ્રાએ લાંબી કૂદમાં અને ટ્રીપલ કૂદમાં રજત મેડલ પોતાના નામે કર્યુ.લાંબી કૂદમાં ખેલાડી ભૂપેન્દ્રએ બે શાનદાર જમ્પનું પ્રદર્શન કર્યુ અને ૬.૯૯ મીટર અને ૭.૦૪ મીટરનું અંતર માપ્યું જ્યારે પ્રવીણે ૬.૯૩ મીરની સાથે રજત મેડલ જીત્યું. આ પહેલા પ્રવીણે ટ્રિપલ કૂદમાં જીત હાંસલ કરી હતી. ટ્રિપલ કૂદ અને લાંબી કૂદમાં બે મેડલ જીત્યા બાદ બાલાકૃષ્ણનન માર્ટિક્યૂલેશન સ્કૂલના વિદ્યાર્થી પ્રવીણ ખુબ જ ખુશ હતા. તેમણે કહ્યું કે ખેલો ઈન્ડિયા ગેમ્સના માધ્યમથી ભવિષ્યની તૈયારીનો જે અવસર આપવામાં આવી રહ્યો છે તે શાનદાર છે. દરેક પ્રતિસ્પર્ધિ આને લઈને ઉત્સાહિત છે. કેરલની ૧૬ વર્ષની એન્સી એ બે મેડલ જીતીને પોતાના પ્રદેશની સારા જમ્પરની પરંપરાને બનાવી રાખી. તેણે ઊંચી કૂદમાં ૫.૮૦ મીટરનું અંતર માપ્યું. તેમણે બાલિકાઓની ૨૦૦ મીટર સ્પર્ધામાં રજત મેડલ જીત્યું. આ સ્પર્ધામાં પંજાબની ચાનવીર સિંહે ૨૪.૭૬ સેકન્ડના સમયમાં સુવર્ણ પોતાને નામ કર્યુ.

## વનપ્લસ જાહેર કરે છે, બાયબેક પ્રોગ્રામ તેના ઓફિશિયલ ઈ-સ્ટોર વનપ્લસસ્ટોર ડોટ ઈન માટે




વનપ્લસ, એક વૈશ્વિક પ્રિમિયમ સ્માર્ટફોન કંપની, તેના ઈ-સ્ટોર વનપ્લસસ્ટોર ડોટ ઈન પર ઓફિશિયલ 'બાયબેક પ્રોગ્રામ'ની કેશીફાઈ - વપરાયેલા સ્માર્ટફોનના વેચાણ માટેના દેશના સૌથી મોટા અને સૌથી વિશ્વસનિય પ્લેટફોર્મની સાથે ભાગીદારીમાં રજૂઆત કરે છે. આ પ્રોગ્રામમાં વપરાશકર્તાને તેના હાલના ડિવાઈસને અત્યાધુનિક વનપ્લસ ડિવાઈની સાથે બદલવા મળશે અને તે પણ શ્રેષ્ઠ એક્સચેંજ મૂલ્યની ખાતરી સાથે. આ પ્રોગ્રામના ભાગરૂપે ગ્રાહકો તેના જ્યારે તેઓ વનપ્લસસ્ટોર્સ ડોટ ઈન પરથી કોઈપણ વનપ્લસ ડિવાઈસની ખરીદી કરશે તો, તેમને હાલના વપરાયેલા સ્માર્ટફોનની બદલે તાત્કાલિક કેશ મળશે.આ પ્રોગ્રામ લગભગ ૩૦ શહેરોમાં ફેલાયેલા વપરાશકર્તાઓને તેમના જૂના સ્માર્ટફોનના ૧૦૦ ટકા માર્કેટ વેલ્યૂ મળશે અને તે પણ તેની ખરીદીના ૭૨ કલાકમાં તાત્કાલીક કેશના રૂપમમાં. નોંધનિય બાબત એ છે કે, વનપ્લસસ્ટોર્સ ડોટ ઈન પર જે બાયબેક વેલ્યુ ઓફર કરવામાં આવશે તે, અન્ય કોઈપણ મોટા ઈ- કોમર્સ પ્લેટફોર્મ દ્વારા ઓફર કરવામાં આવેલા મૂલ્યો કરતા નોંધપાત્ર વધુ રહેશે.ઘણા સમયથી રાહ જોવાતો બાયબેક પ્રોગ્રામ અન્ય અધિકૃત વેચાણ પ્લેટફોર્મ પર ચાલી રહેલા ઓફર્સની ભરપાઈ કરે છે, કારણકે, તે વપરાશકર્તાઓને તેમના હાલના સ્માર્ટફોનનું શ્રેષ્ઠ મૂલ્ય ઓફર કરે છે, તેથી જ તેને વધુ આકર્ષક બનાવવા તથા વનપ્લસ ફાઈવટી, જે દેશમાં પ્રિમિયમ એન્ડ્રોઈડ સ્માર્ટફોન બજારમાં શ્રેષ્ઠ વેચાણ પામતો ફોન છે તેને સરળતાથી મેળવી શકશે."

## ડીસીએમ શ્રીરામ લિમિટેડે Q3 FY '18 માટે પોતાના નાણાંકીય પરિણામોની ઘોષણા કરી

મુખ્ય વિકાસ અને દૃષ્ટિકોણ : Q3 FY '18

૧. કુલ આવક ૧૭૮૪ કરોડ રૂ. રહી જે છેલ્લા વર્ષની સમાન સમયગાળા માટે ૧૩૬૫ કરોડ રૂપિયા હતી. (અ) રસાયણ - ભરૂચની ક્ષમતા વિસ્તારના સંપૂર્ણ વપરાશ તથા યોગ્ય કિંમતોના ચાલતા માત્રામાં ૩૪ ટકા વધારો (બ) ખાંડ – સીઝન જલ્દી શરૂ થવાની માત્રામાં ૧૯ ટકા વૃદ્ધિ, સબ ઉત્પાદનનો શેર વધ્યો ૨. PBIT 347 કરોડ રૂ. રહ્યું જે ગત વર્ષના સમાન સમયગાળા માટે ૨૦૦ કરોડ રૂપિયા હતું. (અ) રસાયણ – યોગ્ય અનુભૂતિના ચાલતા માત્રામાં વધારો. દર, વિશેષ રૂપે કોલસાનો દર વધવાનો શરૂ થઈ ગયો છે. (બ) ખાંડ - ખાંડ અને સબ ઉત્પાદનોની કિંમતોમાં ભારે ઘટાડાના ચાલતા નફો ઓછો થયો, ખાંડની ઊંચી માત્રા અને પાવર વિક્રયના કારણે પણ આમાં ઘટાડો આવ્યો છે. (ક) એસએફએસ – વેલ્યૂ એડેડ ઈનપુટ વધવાને કારણે નફો વધ્યો છે. (ડ) ફેનેસ્ટા – વધુ ડિલીવરીના ચાલતા ટર્ન ઓવર વધ્યું અને નફો પણ વધ્યો૩. PAT 56 ટકા વર્ષ દર વર્ષના દરથી વધીને ૨૧૩ કરોડ રૂપિયા પર પહોંચી ગયો. ત્રિમાસિક માટે ઈપીએસ ૮.૪ રૂપિયાથી વધીને ૧૨.૧ રૂપિયા સુધી પહોંચી ગયો. ૪.કુલ દેવું ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ ૬૩૧ કરોડ રૂપિયા હતું, જે ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ એ ૯૬૪ કરોડ રૂપિયા હતું. ૫.૧૨૦૦ કરોડ રૂપિયાના રોકાણની સાથે ચાલુ પરિયોજનાઓ - ખાંડ અને ફ્લોર વિનાઈલ સેગમેન્ટમાં આ પરિયોજનાઓ આગામી બે વર્ષમાં પૂરી થઈ જશે. ૬.ક્રેડિટ રેટિંગ – CRISIL એ કોમર્શિયલ પેપર પ્રોગ્રામને ઉચ્ચતમ "A1+" રેટિંગ આપી છે, આ રેટિંગ ICRA દ્વારા પણ આપવામાં આવી છે.

## મેજિકબ્રિક્સે Q3 FY'18 દરમિયાન પ્રોડક્ટ ઈનોવેશન્સના પગલે આવકમાં ૩૬ ટકા QoQનો વધારો નોંધાયો

ભારતની નં ૧ પ્રોપર્ટી સાઈટ મેજિકબ્રિક્સે આજે ત્રીજા ક્વાર્ટરમાં પોતાના શાનદાર પ્રદર્શનનું એલાન કર્યુ છે. કંપનીએ ઊંઊ આવકમાં ૩૬ ટકાના વધારા સાથે ઓનલાઈન રીયલ એસ્ટેટ ઉદ્યોગમાં પોતાની સ્થિતિને વધારે સશક્ત બનાવી લીધી છે.કંપનીએ ૧૧ ટકા ર્રૂ વિકાસ સાથે ત્રિ માસિક આવકમાં ૪૧.૧ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો હતો. આવકના આ આંકડા માત્ર બહારના ગ્રાહકોના છે અને તેમાં કોઈપણ ગ્રુપ કંપની અથવા બંડલ્ડ ઉત્પાદોંથી આવવાવાળી આવક સામેલ નથી. "ચાલુ વિત્તીય વર્ષની પહેલા ક્વાર્ટરની ચુનૌતીપૂર્ણ શરૂઆત પછી, પાછળના બે ક્વાર્ટર દરમિયાન પોતાના કારોબારમાં તેજીથી અમે બહુજ ખુશ છીએ. આ વર્ષે ઉત્કૃષ્ટ પ્રયત્નોથી ચાલતા ત્રીજા ક્વાર્ટરની આવકમાં સારો વધારો થયો છે જેનો શ્રેય મેજિકબ્રિક્સ પર વધતા ટ્રૈફિક, સક્રિય ગ્રાહકો અને ઈનોવેશન્સને આપવામાં આવે છે. "કોમસ્કોર અનુસાર આ અવધિ દરમિયાન મેજિકબ્રિક્સના ટ્રૈફિક માર્કેટ શેયર ૩૪ ટકા રહ્યાં, તેના યુનિક વિઝિટર્સની સંખ્યા નંબર ૨ ખિલાડીની તુલનામાં ૪૦ ટકા વધારે રહી. મેજિકબ્રિક્સ માર્કેટ શેયરમાં વધારાની સાથે ટ્રૈફિકની દ્રષ્ટિથી ૨૭ ટકા આગળ છે.

## ડબ્લ્યૂટીસી ગિફ્ટ સિટી અને ડબ્લ્યૂટીસી નોએડા ચીની વેપાર પ્રતિનિધિ મંડળ, સીએએસએમઈ માટે બનશે પસંદીત રોકાણ લક્ષ્યસ્થાન



વર્લ્ડ ટ્રેડ સેન્ટર (ડબ્લ્યૂટીસી) ગિફ્ટ (ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક) સીટી અને વર્લ્ડ ટ્રેડ સેન્ટર નોએડાએ આ ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપવા ચીની વેપાર પ્રતિનિધિમંડળના ૩૦ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિઓ માટે યાત્રા આયોજીત કરી હતી. સીએએસએમઈ (ચાઈના એસોસિએશન ફોર સ્મોલ એન્ડ મીડિયમ ઈન્ટરપ્રાઈઝેઝ)ના નેતૃત્વમાં ચીની વેપાર પ્રતિનિધિમંડળ આ યાત્રાના માધ્યમથી ભારતમાં રોકાણના અવસરોની ઓળખ કરશે. આ સમૂહ માટે પસંદીત રોકાણના ક્ષેત્ર ગિફ્ટ સિટી અને નોએડા હતા, કેમકે આ બંને ક્ષેત્ર વેપાર, વિનિર્માણ અને રોકાણના કેન્દ્ર રૂપે ઉભરી રહ્યા છે. ડબ્લ્યૂટીસી ગિફ્ટ સિટી અને ડબ્લ્યૂટીસી નોએડાના વ્યાપારિક સેવાઓના કાર્ય દેખતી બરવાઈડે આ યાત્રાનું આયોજન કર્યુ હતું. પ્રતિનિધિમંડળે ગિફ્ટ સિટી, ગુજરાતની ૩૧ જાન્યુઆરી એ મુલાકાત લીધી, અને ગિફ્ટ સિટી અધિકારીઓની સાથે વિસ્તૃત ચર્ચા કરી. આ ચર્ચા સીએએસએમઈ સભ્યો માટે બીએફએસઆઈ અને નિર્માણ ક્ષેત્રમાં વ્યાવસાયિક સંભાવનાઓ પર કેન્દ્રિત હતી. માનનીય પ્રધાનમંત્રી પરિકલ્પના અનુસાર ભવિષ્યમાં બનાવવામાં આવનારા ગિફ્ટ સિટીએ વેપાર પ્રતિનિધિઓ પર સ્થાનિક અસર નાખી છે તથા ગિફ્ટ સિટીમાં રોકાણ કરવા માટે રોકાણકારોને આકર્ષ્યા અને આત્મવિશ્વાસ પણ આપ્યો છે. તેમણે મોટા સ્તરે રોકાણોની તકોની શોધ માટે ૨૮ જાન્યુઆરી ૨૦૧૮ એ ડબ્લ્યૂટીસી નોએડાની મુલાકાત પણ લીધી હતી.

## વિશ્વભરમાં બાલસ્વરૂપ ગણપતિ ધરાવતા એકમાત્ર શ્રી વડસરીયા ગણેશ મંદિરમાં મહા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ



પૂર્વકાળથી શ્રી ગણપતિની ઉપાસના પ્રસિદ્ધ છે જેમ વિષ્ણુના અવતારો દરેક યુગમાં અવતારો થયા છે તેવી રીતે શ્રીગણેશના પણ અવતારો થયા છે. ગુજરાતમાં ગાંધીનગર નજીક વડસરમા શ્રી બાલ સ્વરૂપ વડસરીયા ગણેશજીનું મહાત્મ્ય પણ અનેરૂં છે. ધર્મશાસ્ત્રોની ઉક્તિ 'કલૌ ચંડી વિનાયકો' અર્થાત કલિયુગમાં માતાજી અને ગણેશ તુરંત ફળદાયી છે. એ જ રીતે વડસરના શ્રી બાલ સ્વરૂપ વડસરીયા ગણેશજીને ચમત્કારિક માનવામાં આવે છે અને અહીં લોકો અપાર શ્રદ્ધા ધરાવે છે. ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ મંદિરના ટ્રસ્ટી પરેશભાઈ બાબુભાઈ પટેલ તથા પરિવાર તેમજ સમસ્ત વડસર ગામના પરિવારો દ્વારા વડસરીયા ગણેશજી મંદિરે ભવ્ય મહા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું સાત દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે. ૩૦ જાન્યુઆરીથી શરૂ થયેલો આ મહોત્સવની પૂર્ણાહૂતિ ૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ થશે.

પરેશભાઈ બાબુભાઈ પટેલે કહ્યું હતું, 'ચમત્કારિક શ્રી બાલ સ્વરૂપ વડસરીયા ગણેશ તથા સર્વ દેવો ધર્મપ્રેમી પ્રજાના જીવનમાંથી વિઘ્નો દૂર થાય અને આરોગ્યવાન, ઐશ્વર્યવાન અને સંસ્કારી બને તે જ અભ્યર્થના સાથે મહા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સ્વનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ લાભ લઈ શકે છે. આ માટે ગુજરાતમાંથી વિદ્વાન વેદપાઠી પંડિતો પધાર્યા છે.'૨૦૦૮માં આ મંદિરનો સુંદર જીર્ણોદ્ધાર થયો હતો એવા આ શ્રી વડસરીયા ગણેશના મુખ્ય મંદિરમાં હનુમાન દાદા, ભૈરવદાદા, ઈન્દ્ર દેવ, કુબેર દેવ, વરૂણ દેવ, યમરાજ દેવ અને ગણેશનું વાહન ઉંદર વગેરે પ્રતિમાઓ તથા શિવમંદિરમાં શિવ પરિવારની મૂર્તિઓ તથા અન્નપૂર્ણા માતાજી તથા હિંગળાજ માતા તથા પ્રાંગણમાં શ્રી અંબાજી માતાના મંદિરમાં શ્રી જગંદબા, વાઘ, શ્રી ગણેશજી શ્રી હનુમાનદાદાની મૂર્તિઓ, શ્રીં ગોગાજી મહારાજનાં મંદિરમાં ફોટાની પધરામણી તથા દરેક મંદિર ઉપર કળશ અને ધ્વજા આરોહણ તેમજ નવકુંડી પ્રાણપ્રતિષ્ઠા યજ્ઞનું આયોજન કરેલ છે. શ્રી વડસરીયા ગણેશ મંદિર ૧૨૦૦ વર્ષ જુનું પ્રાચીન મંદિર છે. વિશ્વભરમાં આ એક જ ગણેશ મંદિર છે, જ્યાં શ્રી ગણપતિનું બાલસ્વરૂપ એક શિલામાં સ્વયંભૂ ઉપસી આવેલી મૂર્તિ છે. અહીં દર મહિનાની વદ ચોથ સંકટ ચતુર્થિના રોજ દૂરદૂરથી અંદાજે બે લાખ શ્રદ્ધાળુઓ દર્શન કરીને ધન્ય થાય છે.

## ઝી ક્લાસિક ઉજવણી કરે છે, શાશ્વત પ્રેમકથા- કયામત સે કયામત તક




સુપ્રસિદ્ધ પ્રોડ્યુસર- ડિરેક્ટર, નાસિર હુસૈને ભારતીય દર્શકોને એક પછી એક હિટ ફિલ્મો આપી છે. ભારતીય ફોર્મ્યુલા (મસાલા) ફિલ્મના શોધક તરીકે જાણિતા આ માણસે ફક્ત એક ટ્રેન્ડ સેટ કર્યો એટલું જ નહીં પરંતુ આજની કોમર્શિયલ સિનેમા જ્યા ઉભી છે, તેના માટે તેનો રસ્તો પણ તૈયાર કર્યો હતો. યાદોં કી બારાત, તિસરી મંઝીલ, હમ કીસી સે કમ નહીં અને તેની ચૌરંગી ફિલ્મ કયામત સે કયામત તક. આ એક દ્રષ્ટિકોણ ધરાવતા પ્રોડ્યુસર- ડિરેક્ટર મહાન સંગીત, ઉચ્ચ અસરકર્તા નાટક અને સ્ટાર પાવર જેવી ફોર્મ્યુલા તેની મૂવીમાં ઉપયોગમાં લેતા હતા, તેનાથી તે બોક્સ- ઓફિસ પર મોટી સફળતા મેળવતી અને 'મ્યુઝિકલ એન્ટરટેઈનર'ના ટાઈટલ તેના દીલ જીતી લેતી હતી.ઈન્ડસ્ટ્રીમાં તેના આ સુપ્રસિદ્ધ પ્રવાસની ઉજવણીના ભાગરૂપે, ઝી ક્લાસિક, તેના ટાઈટલ વો ઝમાના કરે દિવાનાની હેઠળ એક મહિના લાંબા નાસિર હુસૈનની મહાન હિટ ફિલ્મોને 'નાસિર હુસૈન ફિલ્મ ફેસ્ટિવલ'ના બેનર હેઠળ રજૂ કરી રહી છે અને હાલમાં તેની કલ્ટ ક્લાસિક- કયામત સે કયામત તક, આ રવિવાર ૪થી ફેબ્રુઆરી બપોરે ૧૨ વાગ્યે રજૂ થશે.આ ૮૦ની ફિલ્મમાં રોમિયો જુલિયેટને ગ્રામ્ય ભારતને આધારે રજૂ કરી હતી અને જેમાં બે દુશ્મનો ધનરાજ સિંઘ અને રણધિર સિંઘની વાર્તા છે. મુશ્કેલી ત્યારે વધે છે, જ્યરે બંનેના બાળકો રાજ (આમિર ખાન) અને રશ્મિ (જુહી ચાવલા) પ્રેમમાં પડે છે. તેમના પરિવારની દુશ્મનીને લીધે જોડી ઘણી મુશ્કેલી અને પડકારોનો સાથે મળીને સામનો કરે છે.

તેમના પ્રેમના વિરોધને લીધે આ જોડી ભાગી જાય છે. પરંતુ તેમના પિતાઓ એકબીજાની સાથે ગુસ્સા અને વિરોધથી આંધળા હોય છે અને તેઓ તેમને અલગ કરવા માટે તમામ પ્રયત્ન કરે છે.

**આઈ પાવર વર્લ્ડ વન્ડર ક્લબ દ્વારા રેકોર્ડ નોંધાશે**

# બેંગકોકઃ મંદિરમાં ૨૦૨૦ ફુટની ધજા ચઢાવવા તૈયારી

અમદાવાદ

ભારતની સૌથી મોટી રિલિજિયસ ક્લબ (ધાર્મિક ક્લબ) એવી અમદાવાદની આઈ પાવર વર્લ્ડ વન્ડર ક્લબ લિ. દ્વારા તા. ૬ ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ થાઈલેન્ડના બેંગકોક સ્થિત શિવમંદિરમાં ૨૦૨૦ ફુટ લાંબી અને ૧૦ ફુટ પહોળી ધજા અર્પણ કરી વર્લ્ડ રેકોર્ડ સ્થાપશે, તો, બેંગકોકમાં જ વર્લ્ડ કોન્ફરન્સ યોજી સંસ્થા દ્વારા અનોખો વિશ્વ વિક્રમ નોંધાવાશે. જ્યારે અમેરિકાના નેજા હેઠળ તા. ૧ લી જુલાઈ, ૨૦૧૮ ના રોજ અમેરિકાનું ન્યુ જર્સી સ્થિત ઉમિયાધામ મંદિર ખાતે આઈ પાવર દ્વારા એક સાથે અલગ-અલગ દસ નવા વર્લ્ડ રેકોર્ડ સ્થાપવામાં આવશે. એમ અત્રે આઈ પાવર વર્લ્ડ વન્ડર ક્લબ લિ.ના ચેરમેન ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમેરિકામાં આ પ્રકારનું સૌપ્રથમવાર આયોજન કરવામાં આવ્યું છે. વર્લ્ડ રેકોર્ડની આ ઈવેન્ટમાં ભારતમાંથી અંદાજે પાંચથી દસ હજાર જેટલા લોકો ભાગ લેશે. આઈ પાવર વર્લ્ડ વન્ડર ક્લબ લિ.એ ધાર્મિક ક્લબ છે અને તે ધાર્મિક ક્ષેત્ર અને વિષયોને લગતાં જ રેકોર્ડ કરતી આવી છે. અત્યાર સુધીમાં આઈ પાવરે ભારત અને દુબઈ સહિત કુલ ૧૯ વર્લ્ડ રેકોર્ડ કર્યા છે. આઠ વર્લ્ડ રેકોર્ડ પાઈપલાઈનમાં છે, જેને પરિપૂર્ણ કરવાની દિશામાં પ્રયાસો ચાલી રહ્યા છે. આ વર્ષમાં મળી કુલ ૪૧ રેકોર્ડ બનવવાનું આઈ પાવરનું આયોજન છે. એમ ક્લબના ચેરમેન ભુપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યું હતું. આઈ પાવરની ધાર્મિક પ્રવૃત્તિઓ અને વર્લ્ડ રેકોર્ડની ગાથાઓને બિરદાવવા ઘાટલોડિયાના ભાજપના ધારાસભ્ય ભુપેન્દ્રભાઈ પટેલ, સાબરમતીના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# સંત શિરોમણી શ્રી રોહિદાસજી આત્મ પ્રકાશમય જીવન જયોત

**જન્મજયંતિ તા.૩૧/૧/૨૦૧૮**

ભારતની પવિત્રભૂમિ પર મધ્યકાલીન યુગમાં અનેક મહાન સમાજ સુધારાવાદી સંતો થયા. તે સમય દરમ્યાન હિન્દુ સમાજમાં પ્રવર્તમાન કુરિવાજો અને ઊંચનીચના ભેદભાવને દૂર કરી માનવ સમાજને સામાજીક સમરસતા માટે સાચો રાહ ચિન્ધનાર સંતોમાં સૌથી ઉપર મહાન ક્રાન્તીકારી સંત તરીકે શ્રી રોહિદાસજીનું નામ આવે છે. સંત પરંપરામાં કર્મયોગી, સંત સદગુરુ અને મહાત્મા શ્રી રોહિદાસજીનો જન્મ સવંત ૧૪૩૩ મહાસુદ પુનમને રવિવારે કાશીનગરની બાજુમાં આવેલ ભોઢુંર ગામમાં થયો હતો. સંતશ્રીનો જન્મ રવિવારે થયો હોવાથી તેમના માતા - પિતાએ તેમનું નામ રવિ રાખ્યું હતું. બાર વર્ષની નાની ઉંમરે જ ભક્તિના માર્ગ દ્વારા આત્મ પ્રકાશ દ્વારા, તેઓએ પરમાત્માને જાણી અને માણી લીધા હતા. તેઓશ્રીની ખ્યાતી અને નામના ચારેય દિશામાં થતા તેઓ રવિદાસ, રૈદાસ અને રોહિદાસના નામે સમગ્ર ભારતભરમાં ઓળખાયા.

સંત શિરોમણીશ્રી રોહિદાસજીના સમય દરમ્યાન સમાજમાં જાત - પાત, ઉંચ - નીચ અને અસ્પૃશ્યતાનું પ્રમાણ ખૂબ જ હતુ. કાશીનગરમાં ગંગા સ્નાન માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય માટે અલગ ઘાટ હતો અને શુદ્રો માટે અલગ ઘાટ હતો. આ જોઈ સંતશ્રી રોહિદાસજીએ બ્રાહ્મણોના ઘાટ ઉપર જઈને પ્રેમ અને આદરપુર્વક સૌને સમજાવ્યું કે , આપણે સૌ એક જ માતા - પિતાના સંતાન છીએ. આપણા સૌના શરીરમાં વહેતા લોહીનો રંગ એક જ છે. તે જ રીતે ગંગાનું પાણી એક જ છે તો પછી આ ગંગાના કિનારે અલગ - અલગ ઘાટના ભેદ શા માટે ? આ સંસારમાં બ્રહ્મને જાણે તે જ બ્રાહ્મણ કહેવાય. બ્રાહ્મણો જન્મ થયા પછી યજ્ઞોપવીત થયા બાદ જનોઈ ધારણ કરે છે જ્યારે હું શરીરની અંદર જ જનોઈ ધારી છું માટે આપણે સૌ એક જ પરમાત્મના સંતાન છીએ. માણસ જન્મથી નહી પણ કર્મથી મહાન છે. જો હરિ કો ભજે સો હરિ કો હોય. અમ આત્મજ્ઞાન આપી કાશીનગરના પંડિતોને પરમાત્માની સાચી સમજણ આપી હતી.

સંત શિરોમણીશ્રી રોહિદાસજીએ કહ્યું છે કે 'જાતિ - જાતિ મેં જાતિ હૈ, જયો કેલન મેં પાત, રૈદાસ, માનુષ ના જુડ શકે, જબ તક જાતિ ન જાત'માનવ સમાજમાં, જાતિમાં જાતિ અને એ જાતિમાં પણ જાતિ, જેમ કે કેળાનું ઝાડ, કેળાના ઝાડ ઉપરથી એક છિલકુ (પડ) ઉતારો, ફરી એક છિલકું ઉતારો અને ઉતારતા જ જાઓ, છીલકુ ઉતારતા - ઉતારતા ઝાડ સમાપ્ત થઈ જશે. એજ રીતે જાતિમાં જાતિ બતાવતા - બતાવતા માનવતા સમાપ્ત થઈ જાય છે. પરંતુ જાતિ સમાપ્ત થતી નથી. તેઓશ્રી એ કહ્યું છે કે, માનવતાને બચાવવી હશે તો, માનવ સમાજમાંથી, જાતી વ્યવસ્થા સમાપ્ત કરવી પડશે. કારણ કે જાતિવાદને કારણે માનવ માનવ વચ્ચે પ્રેમભાવ રહેતો નથી. જાતિવાદ જ હિન્દુ સમાજની મોટામાં મોટી સમસ્યા છે. જાતિવાદને દૂર કરવા આપણે સૌ એ હિન્દુ સમાજમાં સામાજીક સમરસતા લાવવી પડશે. એજ સાચું માનવતા અને પ્રભુતાનું કામ છે.

સંતશ્રી રોહિદાસજીની ભક્તિ... ભજન... આચરણ.... અને પ્રવચનને કારણે હિન્દુ સમાજમાં સામાજીક સમરસતાની શુભ શરુઆત થઈ હતી અને સ્વામી રામાનંદજીના શિષ્ય એવા શ્રી રોહિદાસજીની આધ્યાત્મિક ઉંચાઈ વધતી ગઈ. સંતશ્રીના જ્ઞાન અને તેમની પ્રસિધ્ધિ જોઈને એ સમયના બ્રાહ્મણો એ ચમાટ દ્વારા જાહેરમાં થતા ધર્મોપદેશના કાર્યને ધર્મ વિરૂધ્ધ ગણાવીને તે અંગે કાશી નરેશને ફરિયાદ કરી. રાજાએ સંત રોહિદાસજી અને તેમના વિરોધીઓને દરબારમાં બોલાવ્યા અને બન્ને પક્ષો વચ્ચે ધર્મને લઈને આધ્યાત્મિકતા બાબતે, ખૂબ જ લાંબી ચર્ચા ચાલી. ધાર્મિકતા બાબતે પ્રશ્નોની આપ - લે થઈ. જેમાં બ્રાહ્મણોએ આખરે પોતાની ભુલ સ્વીકારી સંતશ્રી રોહિદાસજીને નમન કર્યા. આ સમયે સંતશ્રી રોહિદાસજીના તર્કયુક્ત અને વૈદિક પરંપરાને અનુકુળ જવાબો સાંભળી રાજા ખૂબ જ પ્રભાવિત થયા અને રાજાએ સંત રોહિદાસજીનું ગુરૂભાવે સન્માન કર્યું. રાજસ્થાનમાં રાજાની પુત્રી અને ચિતોડના રાજાની રાણી મીરાંબાઈ પણ સંત રોહિદાસજીના શિષ્યા હતા. ગુરૂની યાદમાં મીરાંબાઈએ ચિતોડના કિલ્લામાં આવેલ શ્યામમંદિરના પ્રાંગણમાં સ્મારક રુપે સંત રોહિદાસજીની છતરી અને ચરણ - ચિન્હો બનાવડાવ્યા હતા જે આજે પણ ચિતોડમાં લાખો શ્રદ્ધાળુઓ માટે મોટું તીર્થ સ્થાન છે.

સંત શિરોમણીશ્રી રોહિદાસજીએ કહ્યું કે, 'મન ચંગા તો કથરોટ મેં ગંગા' એક એવું સર્વોપયોગી કથરોટ નામનું વાસણ હતું જેનો ઉપયોગ ગરીબ કે અમીર તમામ વર્ગની સ્ત્રીઓ ઘર વપરાશમાં વાપરતી હતી તે સમય દરમ્યાન નીચી જાતિના લોકોને ગંગામાં સ્નાન કરવાની છુટ ન હતી. તે સમય દરમ્યાન સંતશ્રી લોકોને સલાહ આપતા કે તમારે મનને સાફ કરવા ગંગા કિનારે જવાની જરૂ નથી . આપણુ મન જ દરેક ઈચ્છા વસ્તુનું કાટક છે અને તેજ મન ઈચ્છા વસ્તુનો નાશ કરે છે. તમે એક નાના વાસણમાં જળભરીને તેને ગંગાજળ માનીને તેમાં તમારી આત્મશક્તિથી પવિત્ર ભાવના ઉમેરો એટલે તે ગંગાજળ બની જશે. તમારે સૌએ મનને પવિત્ર કરવા માટે છેક ગંગા કિનારે જવાની જરૂર નથી.

સંત શ્રી રોહિદાસજીએ કહ્યું છે કે 'પરાધીનતા પાપ હૈ, જાન લેહુ રે મીત, રૈદાસ, દાસ પરાધીન સૌ કૌન કરે હૈ પ્રીત' આ દુનિયામાં ગુલામી સ્વીકારવી અને ગુલામ બની રહેવું એ મોટામાં મોટું પાપ છે. જે વ્યક્તિ ગુલામ છે તેને માનવ સમાજમાં કોઈ માન કે સન્માન મળતા નથી.જે વ્યક્તિ ગુલામ છે તે પરાધીન છે દુર્બળ છે. ગુલામને સૌ નીચી દ્રષ્ટીથી જુએ છે.

જેથી સંતશ્રી એ કહ્યું છે કે દરેક મનુષ્યે પોતાના પગ ઉપર ઊભા રહેવું જોઈએ. અને માનભેર, સ્વમાનથી સમાજમાં જીવવું જોઈએ. વધુમાં સંતશ્રીએ કહ્યું છે કે પરાધીન કો દીન કયા, પરાધીન બેદીન, રૈદાસ પરાધીન કો સબહી સમજે હીન' સંતશ્રીએ તેમના સમય દરમ્યાન લકોને સામાજીક અને વૈચારિક ગુલામીમાં જીવન જીવતા જોયા છે એટલે તેઓશ્રી ગુલામોને ગુલામીનો અહેસાસ કરાવતા કહે છે કે,ગુલામનો કોઈ ધર્મ નથી હોતો, જયારે ગુલામોને સામાજીક અને વૈચારિક સ્વતંત્રતા જ નથી તો પછી ધર્મ કે ધાર્મિક માન્યતાનો શું અર્થ ? બીજાને સહારે જીવવાવાળા મનુષ્યો પશુસમાન હોય છે એટલે જ સંતશ્રીએ કહ્યું છે કે, ગુલામી એક અભિશાપ છે અભિશાપમાંથી બહાર આવવા માટે ગુલામીમાંથી જાતે બહાર આવવું પડશે. માન અને સ્વમાનથી જીવવા માટે લોકો એજ જાતે પગભર થઈ, ખૂબ મહેનત કરી આગળ આવવું પડશે.

સંતશ્રી રોહીદાસજીએ કહ્યું છે કે 'શ્રમ કરી ખાઈ હી જો લો પાર બસાય નેક કમાઈ જઉ કરઈ, કબ હું ન નિષ્ફળ જાય' અહી શ્રમના મહત્વને સંતશ્રી સમજાવે છે કે, માનવે હંમેશા મહેનત કરીનેજ ખાવું જોઈએ. છળકપટ કે બેઈમાની દ્વારા મળતા પૈસાથી હંમેશા દુર રહેવું જોઈએ. જે મનુષ્યે માત્ર ખાવા, પિવા અને ઊંઘવામાંજ જીવન પુરું કર્યું હોય તેવા મનુષ્યના જીવનનો કોઈ અર્થ નથી. તેવા મનુષ્યો અને પશુઓ વચ્ચે કોઈ અંતર નથી. માટે મનુષ્યે શ્રમજવી બનવું જોઈએ.

સંત શીરોમણીશ્રી રોહિદાસજીએ ભારતભરમાં માનવ સમાનતાનો ઉચ્ચ વિચાર ફેલાવ્યો હતો. તેઓશ્રી ઉંચ - નીચ અને જાત - પાતના ભેદભાવ સામે આજીવન ઝઝૂમ્યા હતા. સામાજીક સમરસતા માટે આજીવન ઝઝુમનાર કાંતિકારી સંત શિરોમણીશ્રી રોહિદાસજીને જન્મદીન નિમિત્તે કોટી - કોટી વંદન....

**- વિજયભાઈ અર્જુનલાલ ગાંધી**
**એડવોકટ એન્ડ નોટરી ડીસા**

# કિલ્લોલકુંજ

બાળકોને આનંદ કિલ્લોલ કરાવે...

ગમ્મત સાથે જ્ઞાન પીરસે...

અને કવિતાઓ માટે 'કલમપ્રસાદી' વિભાગ પણ ખરો...

વિનોદ : તારી પત્ની હંમેશાં ગુસ્સામાં જ કેમ રહે છે ?

અજય : મેં એકવાર તેને ભૂલથી કહી દીધું હતું કે તે ગુસ્સામાં પણ ખૂબ સુંદર લાગે છે.

૦૦૦

છોકરો : તું ખૂબ સારૂ ગાય છે.

છોકરીઃ અરે ના, હું તો બાથરૂમ સિંગર છું.

છોકરો : તો બોલાવને ક્યારેક, ત્યાં જ મહેફિલ જમાવીએ.

૦૦૦

પહેલો અધિકારી : તું સોનામાં કેમ ભરતી થયો.

બીજો અધિકારી : એટલા માટે કે મારે પત્ની નથી અને હું લડાયક મિજાજનો છું, પરંતુ તું કેમ ભરતી થયો ?

પહેલો અધિકારી : મારે પત્ની છે અને હું શાંતિ ઈચ્છું છું.

૦૦૦

એક યુવક ગધેડા સામે પડી ગયો. એક સુંદર યુવતીએ તે જોઈને કહ્યું,"તારા મોટાભાઈના ચરણસ્પર્શ કરી રહ્યો છે ?"

યુવક બોલ્યો : હા, ભાભી

૦૦૦

પતિ : મહિલાઓ પોતાના મગજની સરખામણીએ પોતાની સુંદરતા પર વધારે ધ્યાન કેમ આપે છે ?

પત્ની : કારણ કે પુરૂષ ભલેને ગમે તેટલો મૂરખ કેમ ન હોય. આંધળો નથી હોતો.૦૦૦



## મધુવન

**"ગામડાની કોઈ ના ગોરી હતી**
**કે ના કોઈ શહેરની છોરી હતી**
**ભરજવાનીમાં મને ભરખી ગઈ**
**દોસ્ત એ મારી શિરજોરી હતી"**

ગઝલના સિંહ ગણાતા સ્વ.અમૃત 'ઘાયલ' આ મુક્તકમાં જિંદગીને ભરખી જતી શિરજોરીની વાત છે. જીવનની મુખ્ય ત્રણ અવસ્થામાં યુવાવસ્થા ખૂબ જ મહત્ત્વની છે. કારણ કે બાળપણ અને ઘડપણમાં માણસે ઈચ્છા-અનિચ્છાએ બીજાના ઓશિયાળા રહેવું પડતું હોય છે માત્ર જુવાની જ જિંદગીનો સુવર્ણકાળ ગણી શકાય પ્રેમચંદ્રજીએ કહ્યું છે કે યૌવન આવેશમય હોય છે એ ક્રોધથી આગ બની જાય છે. અને કરૂણાથી પાણી બની જાય છે.

**"વ્હાલપનું વ્હાણું તે સોળમું વરસ,**
**યોવનનું ટાણું તે સોળમું વરસ"**

ગુજરાતી ગઝલના બુલબુલ'ગની' દહીંવાલા જવાની ને વ્હાલપના વહાણા સાથે સરખાવે છે. યુવાવસ્થા સુંદર છે. એમાં શંકા નથી પણ જ્યાં જીવનની ગહનતાનો સવાલ આવે છે ત્યારે યૌવનનું કોઈ મૂલ્ય રહેતું નથી આથી જ કહેવાય છે કે યૌવન પાસે પાંખ હોય છે. પણ આંખ હોતી નથી અને ઘડપણ પાસે આંખ હોય છે. પણ પાંખ હોતી નથી.

**"જવાની તો ઘડી કે બે ઘડી છે.**
**છતાં ડગલે ને પગલે નડી છે"**

'આદિલ' મન્સુરીના આ શે'રમાં ઘડી બે ઘડીની જવાની ની વાત વ્યક્ત થઈ છે. એક શાયરે કહ્યું છે કે જો આકે કભી ન જાયે વો બુઢાપા દેખા. જો જા કે કભી ન આયે વો જવાની દેખી. જવાની જ્યારે હો છે ત્યારે એને જાળવવી શકાતી નથી.યૌવન,ધનસંપત્તિ, સત્તા અને અવિવેક આ ચારમાંથી એકાદ પણ અનર્થકારી હોય છે. અને ચારેય સાથે હોય તો તો વાતજ શી કરવી

**"સમંદરના તરંગો ચાંદનીમાં લીન લાગે છે.**
**પવનની લ્હેર પણ ઝણકી ઉઠેલી બીન લાગે છે.**
**એ કુદરત હો કે હો માનવ અનુભવ એક સરખો છે.**
**જવાની હોય છે ત્યારે બધું રંગીન લાગે છે."**

હાસ્યસમ્રાટ શાહબુદ્દીન રોઠોડ પોતાના હાસ્ય દરબારમાં વારંવાર જેની રજૂઆત કરતા રહે છે. એ આ મુક્તક છે શાયર શેખાદમ આબુવા લાનું. સાચે જ જવાની જ્યારે હોય છે. બધું જ રંગીન લાગે છે. પણ જેવી જવાની આપણો સથવારો છોડી દે છે. ત્યારે બધું જ આપોઆપ સમજાઈ જતું હોય છે.

**"નથી જોતું જીવન આખું મળે જો પળ જવાનીની.**
**નવા રંગો મોહબ્બતની કહાની મળી જાએ**
**અમે ધરતી ઉપર જન્નત ખેંચી લાવીએ તારી**
**ખુદા જો એક તક જવાનીને મળી જાએ,**

કુતુબ આઝાદ પોતાના આ શબ્દોથકી શેખાદમની વાતને સમર્થ ન તો આપે જ છે. પણ એઓ એમ પણ કહે છે કે આખા જીવનને બદલે પ્રેમ ભરેલી પળ જવાનીમાં મળી જાય એ વધારે પસંદ છે. વિલિયમ્સે કહ્યું છે કે યૌવન એટલે આશા, સાહસ અને પુરુષાર્થની ઋતુ એ જીવન સાથે સમુદાયને પણ ઉંચે લઈ જાય છે. તો મેન્કે વળી એમ કહ્યું છે ક યૌવન પાસે અનુભવ અને જ્ઞાન ભલે ઓછાં હોય ના દેખાય તો પણ બુદ્ધિ એટલી સુક્ષ્મ મને તીવ્ર હોય છે કે ગમે તેવા દંભની પાર એ તરત જઈ શકે છે. યૌવન પાસે સમય હોય છે. પણ વિવેક નથી. શક્તિ છે પણ એને યોગ્ય રીતે વહાવવાનાં માધ્યમ નથી.પગ તો છે પણ રસ્તો નથી. તીવ્ર વિચારને તરંગો છે તો દિશા નથી રોશોકે એ યૌવનને માદકતા સાથે સરખાવતાં કહ્યું છે કે યૌવન એટલે નિરંતર માદકતા એ સમયે બુદ્ધિને તાવ આવે છે. અંતે જોઈએ શાયર સમ્રાટ સ્ર્વ.'શૂન્ય' પાલનપુરીનો આ શે'ર

**" આ જવાની ! એ બધાં તારાં હતાં તોફાનો**
**જીવ લેનારી હવે કોઈ પરીક્ષા ક્યા છે ?**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## બે મુકતકો

જોજો અરમાન ન રહી જાય
વહી જશે અમુલી આ જીંદગી
મજા લઈ લેજો મજાની છે જીંદગી
શ્વાસ ખુટશે ત્યાં સજાની જીંદગી
મશરીકમાં ઉગતા ચાંદને
કેમ તમે આવકારતા નથી ?
આ તો માનવીની ભાઈ સગાઈ
માનવી કેમ છોડે માદરે વતને ?

**ડૉ.બી.પાટણવાડીયા** (અમદાવાદ)

## સુખ મારૂં વેચતો રહ્યો

નિહાળી તેમને હું હોંશે હોંશે સુખ મારૂં વેચતો રહ્યો
કહી શકતો નથી પ્રેમની આ બિમારી ઘાવે ઘાવે હું મરી રહ્યો
દુઃખ મારા પ્રેમના દુનિયા સામે ગાઈને હું બિચારો બની નિંદાતો રહ્યો
સમજે મારા આ દીલની વ્યથા એવા કોઈ સમજદારને હું શોધતો રહ્યો
સુરત એમની ખુદા સમજી આ પાગલ તેમને હંમેશા પુંજતો રહ્યો
યાદમંથન થકી યાદોનું ઝેર ઉપજાવી હું શંકર બની પીતો રહ્યો
દર્દમાં એમના આંખોમાંથી આંસુ વહાવી પ્યાસ હું મારી બુઝાવતો રહ્યો
મળશે તમારા પ્રેમનો મત એ આશાઓ ચૂંટણી હું લડતો રહ્યો
પ્રેમમાં છે પીડા એ સત્યને મનને હું સદાય સમજાવતો રહ્યો
દહીં થકી તાલ ઉપજાવે હું મીરાં બની જીંદગીના દ્રશ્યપટમાં નાચતો રહ્યો
કહીશું કદાચ પ્રેમની વાતને થશે એમને દુઃખ
એ બીકે હું દોસ્તી નિભાવતો રહ્યો
ઘાયલ છું પ્રેમમાં મળશે ન્યાય એ ખ્યાલે પ્રેમાલયમાં કેસ હું લડતો રહ્યો
સાંભળી શબ્દો એમના લોકમુખે કાગળ પર ચીતરી
કવિ હું પોતાને કહેતો રહ્યો,પ્રેમ દિવ્યતા એમની પામવા જોગી
બની હું સ્મશાનમાં ભુતોને નચાવતો રહ્યો
મળશે એક દિન તમારો સાથ આ દિલને એવી આશાએ
મનોપંથી ખુદની કબર કેવી સજાવતો રહ્યો

**સોલંકી કરમસીંગ મનોપંથી** (મોટા)

## મહેનતની કમાણી

રામપુર નામના ગામે એક લુહાર રહેતો હતો. એનું નામ મોહન હતું. એના દ્વારા બનાવવામાં આવેલા ખેતીના ઓજારો દુર દુરના ગામમાંથી ખેડૂતો આવીને લઈ જતા હતા. ખેડૂતો એની ઈમાનદારી અને કાર્ય કુશળતા પર ખુલ્લા દિલથી પ્રશંસા કરતા હતા. આ લુહારને એક પુત્ર હતો જેનું નામ પ્રસાદ હતું. સ્વભાવથી તે તેના પિતાથી સાવ અલગ હતો. તે એકદમ આળસુ અને કામચોર હતો. તે કોઈપણ કાર્યમાં રૂચિ લેતો નહોતો. એટલે એના માતા પિતા ખુબ જ દુઃખી રહેતા હતા.

એક દિવસ લુહારની પત્નીએ પોતાના પતિને સલાહ આપતાં કહ્યું કે, જો આપણે આપણા પુત્રના લગ્ન કરી દઈએ તો એના પર જવાબદારી આવવાથી તે કદાચ સુધરી જશે કામ પણ કરવા લાગશે.

પત્નીની સલાહ સાથે લુહાર સંમત ન થયો.એણે કહ્યું કે, જ્યાં સુધી એના લગ્ન નહીં થાય. એના કરતાં તું એને ઈમાનદારી અને મહેનતથી કમાવાની સલાહ આપ.જયારે તે કમાવા લાગશે પછી જ એના લગ્ન કરવામાં આવશે.

પોતાના પતિની સલાહ પત્નીને ન ગમી. તે તો કાંઈ બીજું જ વિચારી રહી હતી. એક દિવસ એણે પોતાના પુત્રને કેટલાક સિક્કા આપીને કહ્યું કે, 'લે બેટા ! આ સિક્કા સાંજે તું તારા પિતાને કહેજે કે લો, આજે હું મહેનત કરીને સિક્કા કમાવીને લાવ્યો છું.

સાંજે માતાએ પોતાના પુત્રના હાથમાં થોડાક સિક્કા મુકયા. માતાએ આપેલ સિક્કા મુકયા. માતાએ આપેલ સિક્કાને લઈને પ્રસાદ પોતાના પિતા પાસે ગયો અને માતાએ જેમ સમજાવ્યો હતો તેમ તે બોલવા માંડયો.

મોહન તે સમયે ભઠ્ઠી ઉપર ઓજાર બનાવી રહ્યો હતો. પ્રસાદ પાસેથી સિક્કા લઈને તે ભઠ્ઠીમાં નાખી દીધા.પિતાજીની આ કાર્યવાહીથી તે ખુબ જ ગુસ્સે થઈને બોલ્યો, તમે આ સિક્કાને ભઠ્ઠીમાં નાખીને તમારૂં જ નુકશાન કર્યું છે. આટલું બોલીને તે ત્યાંથી જતો રહ્યો. પછી તેણે પોતાની માતાને આખી ઘટના કહી સંભળાવી.

પ્રસાદની માતાને સમજતા વાર ના લાગી કે એના પતિએ આવું શા માટે કર્યું ? તેમ છતાંય તે ચુપ રહી અને પોતાના પુત્રને પ્રતિદિન ઈમાનદારી અને મહેનતના પાઠ ભણાવતી રહી.

એક દિવસ પ્રસાદ સ્વયં કેટલાક સિક્કાઓને લઈને પોતાના પિતાની પાસે ગયો અને એ સિક્કા પોતાના પિતાને આપતાં કહ્યું કે, લો પિતાજી ! આજે મેં દિવસભર મહેનત, મજુરી કરીને ઈમાનદારીથી પૈસા કમાવ્યા છે.

પિતાજીએ સિક્કાને હાથમાં લીધા અને એક વાર પોતાના પુત્રની સામે જોયું અને પછી પેલા હાથમાં રહેલા સિક્કાઓને ભઠ્ઠીમાં નાખી દીધા.

સિક્કાઓને ભઠ્ઠીમાં નાખેલા જોઈને પ્રસાદ ખુબ જ ક્રોધીત થઈ ગયો અને બોલ્યો, 'પિતાજી ! દિવસભરની મહેનત, મજુરી કરીને આ સિક્કાઓને કમાવ્યો છું અને એને તમે ભઠ્ઠીમાં નાખીને નાશ કરી નાખ્યા. એમાં તમારૂં કોઈ જ નુકશાન નથી થયું પણ મારા આખા દિવસની મહેનત બેકાર થઈ ગઈ.

પોતાના પુત્રની વાત સાંભળીને મોહન તરત જ ભઠ્ઠી ઉપરથી ઉભો થયો અને એણે પોતાના પુત્રને ગળે જ લગાડયો અને કહેવા લાગ્યોઃ 'બેટા ! આજે હું તારી પર અત્યંત ખુશ છું. તને મહેનતની કમાણીનું મૂલ્ય જાણવા મળ્યું છે.

હવે જીવનમાં તું કયારેય દુઃખી નહીં થાય. **કમલેશ કંસારા**

## ચમક

અમારા પ્રેમભર્યા તરંગોમાં ચમક વધુ હતી
સમી સાંજના આકાશમાં લાલાશ ઓછી હતી
અમારા આત્માના સંગાથી પણ તમે જ બન્યા
વિશ્વાસની સાથે અમે
મન મુકીને તેમને પ્રેમ કર્યો
તમે જ અમારા આત્માના અંશ બન્યા હતા

**સલીમભાઈ કુંભાર** (ભીલડી)

## સંબોધન પામ્યા

નયનો જ્યારે તમારા મુખડાનું અવલોકન પામ્યા
મધુર સ્મીત સાથે હોઠો પર કંપન પામ્યા
નયનથી નયન મળ્યા ને સંયોજન પામ્યા
જાણે કે અમે જન્નતનું સિંહાસન પામ્યા
ખુલ્લા દિલ સાથે આવો અને સ્વીકારો તમો
નિખાલસ હૃદય સાથે અમે નિખાલસ મન પામ્યા
કેમ કરીને કરીએ કાબુ હાથમાં નથી ?
ખુબ જ તેજ વેગવંતી અમે ધડકન પામ્યા
ખુશ્બુની આછેરી ઝલકો જો મળી અમને
તમે આવ્યા તો જાણે ચંદનનું ઉપવન પામ્યા
ખુશ થઈ ગયા અમે તમારી વાતથી
જયારથી તમ મુખે પ્રિયેનું સંબોધન પામ્યા
એક વાર જાનવર જરાક જોઈ લો ફરી,
આંખોમાં એમની સ્નેહનુ ઈજન પામ્યા

**અનવર એસ.જુનેજા** (વડગામ)

## ગુલાબી ઠંડી

ઋતુઓની રાણીને વિદાય આપે છે ગુલાબી ઠંડી
ખીલેલા ફુલોને ઓર ખીલાવે છે મધુર ગુલાબી ઠંડી
મહેકતા બાગને ઓર મહેકાવે છે મીઠી ગુલાબી ઠંડી
યુવાનીના ગાલને ગુલાબી બનાવે છે ગુલાબી ઠંડી
પ્રેમી પારેવડાને ઓર નજીક લાવે છે ગુલાબી ઠંડી
ભુખ્યા ભુલકાઓના પેટને કકડાવે છે ગુલાબી ઠંડી
ધ્રુજતા ગલુડીયાને માની સોડમાં સુવાડે ગુલાબી ઠંડી
ફાટેલી ગોદડીની યાદ તાજી કરાવે છે ગુલાબી ઠંડી
ચટાકેદારોને વધુ ચટકા યાદ કરાવે છે ગુલાબી ઠંડી
આળસુઓની આઈસમાં સ્ફૂર્તી લાવે છે ગુલાબી ઠંડી
સોનેરી પાકને જોઈને ખેડુતને હરખાવે છે ગુલાબી ઠંડી
પર્યાવરણને પાનખર યાદ કરાવે છે ગુલાબી ઠંડી
વસંતની સાથે ફુલોની ફોરમ વધારે છે ગુલાબી ઠંડી
વીરા સમયના ચક્ર પ્રમાણે વર્તાય છે ગુલાબી ઠંડી

**વીરાભાઈ સી.ચાવડા** (કાણોદર)

# શાલુની સમજદારી ગલબાને પડી ભારી !

"હવે વાત જાણે એમ છે કે, અમારે ત્યાં પાંચ બચ્ચાં છે. મીલી કહે છે કે, હું ત્રણ બચ્ચાંને સાથે લઈ જાઉં અને મારૂ કહેવું છે કે ત્રણ બચ્ચાંને હું રાખું. આ બાબતે ફરી બન્ને વચ્ચે ઝગડો થયો મેં કહ્યું, આમ ઝગડતા રહેવાથી આપણને કોઈ લાભ નથી. માટે ચાલ આપણે બન્ને આપણા ચંપકવનના સૌથી વધુ બુધ્ધિશાળી એવા ગલબાભાઈ પાસે જઈએ તેઓ આપણને કોઈ યોગ્ય માર્ગ અવશ્ય બતાવશે. જેથી આપણા વચ્ચે ઝગડવાનું કોઈ કારણ જ નહીં રહે." એમ બોલતાં શાલુ સસલો અટક્યો.

ત્યાં મીલી સસલીએ બોલવાનું શરૂ કરી દીધું,"મેં મારી જિંદગીમાં તમારા જેવો બુધ્શાળી કોઈ નથી જોયો. માટે ગલબાભાઈ મેં તરત કહ્યું, જો આપણા બન્ને વચ્ચેના ઝગડાનો નિકાલ ગલબાભાઈ કરાવતા હોય તો તેના જેવું તો કંઈ જ નહીં. આખરે હું તરત જ એ માટે તૈયાર થઈ ગઈ અને અમે તમારી પાસે આવ્યા."

"હવે તમે મારા ઘરે ચાલો. મારા પાંચ બચ્ચાં જુઓ ત્યાર પછી તમારે જે કંઈ નિર્ણય કરવો હોય તે કરજો. તે નિર્ણયને અમે બન્ને શિરે ચડાવી તમારી સલાહનું પાલન કરશું " શાલુ સસલો ઝડપભેર બોલી ઉઠ્યો.

ગલબા શિયાળને તો શાલુ સસલાની વાત ખૂબ જ ગમી ગઈ. આખાય પરિવારનો એક સાથે શિકાર કરવા મળશે. આ પરિવારનો શિકાર કરવાથી પોતાના આખા પરિવારને આનંદ મળશે એ વાત વિચારતા વિચારતા ગલબા શિયાળનું મન તો આનંદથી ઠેકડા મારવા લાગ્યું. તે પોતાના વિચાર શાલુ સસલો જાણી ન જાય તે માટે સાવધ બની ગયો. પછી જરા વિચાર કરવાનું નાટક કરતો ઉભો રહ્યો. થોડીવાર બોલ્યો, "આમ તો તમારા પારિવારીક ઝગડામાં મારાથી વચ્ચે ન પડાય. પરંતુ તમારા બન્નેનો ખૂબ જ આગ્રહ છે તે જાણો મને ખૂબ જ આનંદ થયો છે. આખાય ચંપકવનમાં સલાહ માટે તમે મને પસંદ કર્યો તે મારૂ સૌભાગ્ય ગણાય. તમારો આગ્રહ છે માટે ચાલો હું તમારા ઘરે ચાલીશ. ત્યાં બેસી તમારા બચ્ચાં જોઈ પછી તમને સૌ ને સાંભળી તમારા આ ઝગડાનું યોગ્ય નિરાકરણ લાવી આપીશ."

ત્રણેય જણ સીધા આવ્યા શાલુ સસલાના ઘર પાસે પછી શાલુ સસલાએ ગલબા શિયાળને કહ્યું,"ગલબાભાઈ, તમે જરા અહીં ઉભા રહેજો. અને બન્ને અમારા દરમાંથી અમારા બચ્ચાંને બહાર લઈ આવીએ પછી બધી ચર્ચા કરીશું."

ગલબા શિયાળે તો તરત જ જવાબ આપ્યો, "શાલુ, જરા ઝડપ કરજે. મારે બીજા પણ કેટલાક કામ પતાવવાના છે. હું તમારી રાહ જોતો અહીં જ ઉભો છું."

શાલુ સસલો અને મીલી સસલી તો મોકો મળતાં જ પોતાના દરમાં ઉતરી ગયા. બન્ને જાણે હાશકારો અનુભવ્યો. મીલી કહે, "થઈ તો ભારે હવે આપણે શું કરશું ?"

"ઈશ્વર ઉપર વિશ્વાસ રાખ. બધું જ સારૂ થશે." શાલુ સસલાએ ધીરજ રાખતા જવાબ આપ્યો.

બીજી બાજુ ચંપકસિંહને કોઈ બાબતે શાલુ સસલાની જરૂર પડી."આજે શાલુ સસલો કેમ નથી આવ્યો ?" એમ કહેતા ચંપકવનના રાજા ચંપકસિંહે વિરૂ વરૂનો શાલુ સસલાને બોલાવી લાવવા આજ્ઞા આપી. તેથી વિરૂવરૂ તો તુરંત જ શાલુ સસલાને લેવા જવા માટે રવાના થયો. તે દરમ્યાન ગલબા શિયાળે શાલુ સસલાને બહાર આવવા માટે કહ્યું. પરંતુ શાલુ સસલાએ કંઈ જવાબ ન આપતા ગલબા શિયાળે શાલુ સસલાનું દર ખોદવા માંડ્યું. આથી શાલુ સસલું અને મીલી સસલી તો ગભરાઈ ગયા. ગલબો શિયાળ તેમનું દર ખોદી રહ્યો હતો ત્યાં અચાનક વિરૂ વરૂને આવતો જોતાં ગલબો ગભરાઈ ગયો. તે જાણતો હતો કે, વિરૂ વરૂ ચંપકસિંહનો મુખ્ય પ્રધાન હતો. જો પોતાની શાલુ સસલું અને તેના પરિવારને મારવાની પોલ પાધરી થશે તો તે વિરૂ વરૂ અથવા ચંપકસિંહ પોતાને મારી નાખશે એ વાતનો વિચાર આવતા ગલબો શિયાળ ત્યાંથી તરત જ ભાગ્યો. એટલું જ નહીં પરીવાર સાથે તે ચંપકવન છોડી બીજે ચાલ્યા જવા નીકળી પડ્યો.

વિરૂ વરૂ એ બધું જોયું. તેણે શાલુ સસલાને બોલાવ્યો. બન્ને ચંપકસિંહ પાસે ગયા.

ચંપકસિંહે બધી વાત સાંભળી. પોતાના અન્ય સૈનિકોને ગલાબા શિયાળને ચંપકવનમાંથી શોધી લાવવા આજ્ઞા આપી. પરંતુ ગલબો શિયાળ તો છોડી ક્યારનોય પોતાના પરિવારને સાથે લઈ ચાલ્યો ગયો હતો. તે સમાચાર ચંપકસિંહને મળ્યા ચંપકસિંહે ફરી એકવાર શાલુ સસલાની ચતુરાઈની પ્રસંશા કરતા કહ્યું, "આપણે સૌ એ જ્યારે પણ કોઈ આફત આવે ત્યારે જરાય ગભરાયા વિના યુક્તિપૂર્વક તેનો સામનો કરવો જોઈએ. ડરી જવાથી આખરે આપણે નુકશાન થવાનો સંભવ રહે."

**સાર : ગમે તેવી સમસ્યાનો તેનાથી જરાય ડર્યા વિના યુક્તિપૂર્વક સામનો કરવો જોઈએ.**

**દેવેન કે.વ્યાસ, અંજાર**
**૯૮૨૪૨ ૦૨૧૫૫**

# અબ્દુલ્લાની મમતા

ઘણા સમય પહેલાની આ વાત છે. હરિયાળીની ગોદમાં વસેલું એક નગર, તેની કેશર કેરી ખૂબ વખણાય. નામ સાંભળતાં મોંમા પાણી છૂટે. ગરવા ગીરનારના પહાડોને ધ્રુજાવતા સાવજોનો આ પ્રદેશ. ગીરનારની તળેટીમાં ભવનાથનો મેળો ભરાય.દામો કુંડ, નરસિંહ મહેતાનો ચોરો અને અડી કડી નવઘણ કુવોએ બધાં સ્થળોએ આ નગરની ઓળખાણ. હવે તમને. ખ્યાલ આવી ગયો હશે કે હું તમને સૌરાષ્ટ્રમાં આવેલા જુનાગઢ નામના સુંદર નગરની વાત કહેવા માગું છું.

જુનાગઢ તો ભાઈ મોટું શહેર, તેના કિંગ્સ રોડ ઉપર એક સુંદર હવેલી હતી. અહીં રાષ્ટ્રવીર છેલવાઈ વરિષ્ટ હાકેમ હતા. એ માથે સાફો બાંધતા. છેલભાઈનો ભરાવદાર ચહેરો તેના ઉપર મર્દાનગીની છાપ પાડતી વાં-કડી મૂછો પાણીદાર આંખો અને પડછંદ કાયા.તેમને જોઈને ભલભલા બહારવટીયાઓના છક્કા છૂટી જતા.

તેમની હવેલીમાં તેમના અંગરક્ષક તરીકે એક ઉંચો કદાવર અને બિહામણો માણસ રહે. મોટી દાઢી રાખે તેનું નામ અબ્દુલ્લા.

આ હવેલીમાં ચાર પાંચ વર્ષનો છેલભાઈનો પુત્ર. રૂપાળો નમણોને સોહામણો. જે કોઈ જુએ તેને ગમી જાય તેવો જેવો સુંદર તેવો જ તે વાચાળ.

અબ્દુલ્લા સાથે તેને જબરી ભાઈબંધી તે બહાદુર પિતાનો પુત્ર ખુબ નીડર અને બહાદુર, શેરીના સૌ છોકરા અબ્દુલ્લાથી ખુબ ડરે. પણ તે તેની દાઢી ખેંચે અને પુછે, 'અબ્દુલ્લા તું દાઢી કેમ રાખે છે ?'

'હું મુસલમાન છું ને એટલે'

'મુસલમાન શું હોય ?'

'તે એક જાતિ છે.'

એ વળી કઈ જાતિ. નિશાળમાં અમારા સાહેબ કહે છે કે માનવમાં બે જાતિ હોય છે. સ્ત્રી અને પુરુષ, તો પછી ઓ નારી જાતિ ક્યાંથી આવી.?'

'મુસલમાન, હિદુંઓ બધી મજહબ મુજબની જાતીઓ છે.'અબદુલ્લો સમજાવવાની કોશીષ કરે.

'મજહબ એટલે શું

'ધર્મ'

'ધર્મ કોને કહેવાય ?'

'ભાઈ સાબ ! આ બધી મોટી વાતો કહેવાય. મને તે સમજાવતાં ન આવડે. બાપુને પૂછી જોશો.' પોતે સવાલોથી પોતાની જાતને બચાવવા અબદુલ્લો કહી દે. પણ તેની વાત મુકે નહી. ત્યારે છેવટે કહેશે મારે હજુ ઘણું કામ છે. બાપુ બહાર જવાના છે. તેમના ઘોડાને માલીસ કરવાની છે. ચંદી આપવાની છે અને પાણી પીવા જવાનું છે.'તો..તો.. ચાચા મને સાથે લઈ ચાલો. મને ઘોડો પર બેસવાની ખુબ મજા પડે છે.'

જ્યારે અબદુલ્લાને લાગે કે હવે આ પીછો નહીં છોડે તેને ઘોડા પર બેસાડી ઘોડાને પાણી પાવા અને નવડાવવા લઈ જાય. સાથે તે તો ખરો જ.

આ જોઈ ગામના લોકો વાતો કરે કે છેલભાઈ તો છોકરાને આ કાળઝખ અબદુલ્લો સાંચવે છે. છોકરાની મા'ને છોકરો બહારવટીયોને ભરોસે મુકતાં જીવ કેમ ચાલતો હશે.'

એ વાત પણ ખરી હતી. કારણ કે પુત્ર નિશાળે જાય તો શાળામાં બાળકો પણ તેને ઘણી વખત પુછતા 'તને પેલા અબદુલ્લા ઝરખની બીક નથી લાગતી.? પણ તે તો તરત કહી દે ના ભઈ 'અહદુલ્લાથી બીવાનું શું' એ પણ આપણાં જેવો જ માણસ છે. પણ તેને ઘણી વખત એમ થતું કે તો પછી આ બધા તેને અબદુલ્લો ઝરખ શા માટે કહેતા હશે ? ઝરખ કેવું હોય લાવને આજ તો આ અબદુલ્લાને જ પૂછી જોઉં. આમ પણ તે જંગલની ઘણી વાતો કર છે. એટલે એક દિવસ તેણે અબદુલ્લાને પૂછ્યું.

'અબદુલ્લા ! એક વાત પુછું ?' 'પૂછો.'

'તારે સાચો જવાબ આપવો પડશે.'

'એ તો જેવો આવડશે તેવો આપીશ.'

'આ બધા લોકો તને અબદુલ્લો ઝરખ કહે છે. એવું કેમ ? ઝરખ કેવું હોય ? તેણે પૂછ્યું. 'હા..હા..હા..' અબદુલ્લો ખુબ હસ્યો પછી કહે 'બેટા ઝરખ જંગલી પ્રાણી છે. તે ખુબ હિંસક હોય છે. ઝરખના દાંત ખુબ જ મજબૂત હોય છે. અને હાડકાં પણ તે સહેલાઈથી ચાવી શકે છે. રંગે ભૂખરું મેલું અને શરીર પર વાંકી કાળી પટ્ટીઓમાં રૂવાંટી ઉગેલી હોય છે. તેના લાંબા અણીયાળા કાન હંમેશા ઉભા જ રહે છે. તે જંગલી પ્રાણીઓમાં ખુબ જ લુચ્ચુ અને કદરૂપું પ્રાણી છે. ઝરખ બનાવટી બોલી બોલવામાં ખુબ જ કાબેલ હોય છે. તે નાના બાળક જેવું રૂદન કરી શકે છે. તેના પગ કુતરા જેવા પરંતુ કપાળ, દાંત અને શરીરની અન્ય રચના બીલાડીને મળતી આવે છે.'

'હે અબદુલ્લા ! તું તો ઝરખ જેવો બીલકુલ લાગતો નથી. છતાં લોકો તને આવું શા માટે કહે છે ?' બાળકે આશ્ચર્યથી પૂછ્યું.

પહેલાં હું બહારવટીયો હતો. લોકોને લુટી લેતો. ખુબ હેરાન કરતો. લોકોને ડરાવવા જુદા જુદા અવાજો કાઢતો. અને ઝડપથી જંગલમાં અદ્રશ્ય થઈ જતો. તેથી લોકો મને અબદુલ્લા ઝરખના નામે ઓળખાતા હતા.

'તો હવે તું સાવ બદલાઈ ગયો છે ?'

'તે સૌરાષ્ટ્ર સિંહ છેલભાઈ બાપુને લીધે!'

'એ કેવી રીતે ?'

'બેટા ! હું જંગલમાં રહી લુંટફાટ કરતો નિર્બળ અને બેબસ લોકોને પરેશાન કરી મારી જાતને બહાદુર સમજતો. પણ એક દિવસ એક બહાદુર મને મળી ગયો.'

'શેરને મથે સવાશેર ખરું ને ? બાળકે હસતાં હસતાં કહ્યું.'હાં તેણે મને સુધાર્યો હું તેના શરણે ગયો જેલમાં પુરાયો. મને લાંબી સજા થઈ.'

'તો પછી બાપુએ તને છોડાવ્યો નહીં ?'

'બાપુએ જ મને છોડાવ્યો. મને બરાબર એ દિવસ યાદ છે. નવાબ સાહેબનો જન્મ દિવસ હતો. સહ મુબારકબાદી દેવા જતા અને ભેટ સોગાદો મેળવતાં હતાં. છેલભાઈ બાપુ પણ મુબારક બાદી આપવા ગયા.ત્યારે નવાબે કહ્યું, બાપુ પણ મુબારક બાદી આપવા ગયા. ત્યારે નવાબે કહ્યું,'છેલવાઈ બોલો જે જોઈએ તે આપું. છેલભાઈએ કહ્યું કે'જો ખરેખર મને કાંઈ આપવું હોય તો અબદુલ્લાને જેલ મુક્ત કરો. મેં એને વચન આપ્યું છે.' પરંતુ નવાબ સાહેબ એમાં સહમત નહોતા તેથી છેલભાઈએ નવાબ સાહેબના હાથમાં રાજીનામનો કાગળ ધરી દીધો. નવાબ સાહેબે મને માફી આપીને જેલ મુક્ત કરવા હુકમ આપ્યો. છેલભાઈનું રાજીનામું ફાડી નાંખ્યું.

આમ છેલભાઈ બાપુએ તેમનું વચન પાળ્યું. અને મને પ્રજા ભક્ષકમાંથી પ્રજારક્ષક બનાવ્યો, તે દિવસથી હું અહીં બાપુ પાસે જ રહું છું. તેમણે મને નોકરી અપાવી નેકીનો રાહ બતાવ્યો છે.' અબદુલ્લાએ કહ્યું.

બાલમિત્રો ! આ અબદુલ્લો ઝરખ પછીથી અબદુલ્લા ભાઈના ઈજ્જત ભર્યા નામથી જાણીતો બન્યો. અને પોલીસ ફોજદાર તરીકે નિવૃત જીવન જીવ્યો.

**નટવર હેડાઉ**

**પાલનપુરમાં...**

પાના નં.૧ ચાલુ

આપી સળગાવી મુકવાની ધમકી આપતા પરિવારમાં દહેશતનો માહોલ સર્જાયો હોવાનું પીડિત વેપારીની પુત્રવધુએ જણાવ્યું હતું.

પાલનપુરમા વેપારીના અપહરણ ના મામલે ૧૩ કલાક બાદ પણ પોલીસે ફરિયાદ લીધી નથી. ત્યારે ગતરાત્રે એક શિક્ષક દંપતીના અપહરણ સહિત એક જ દિવસમા બે અપહરણની ઘટનાઓ સામે આવતા લોકોની સુરક્ષા સામે સવાલ ઉઠ્યા છે.

**સણાદર મધ્યે ...**

અનુસંધાન ૩ નુ ચાલુ..

કરવામાં આવેલ તેમાં મોટી સંખ્યામાં લોકોએ ભોજનનો લાભ લીધેલ. આ પ્રસંગે પધારેલ સૌ ભક્તોને અંબાજી આશ્રમ સણાદરના મહંતશ્રી અંકુશગીરી બાપુએ આર્શિવચન પાઠવેલ.આ પ્રસંગે કરશન ભગત સેવા ટ્રસ્ટ સણાદરના સર્વે ટ્રસ્ટીગણ તથા સમસ્ત સેવકગણ તેમજ સણાદર ગ્રામજનો,સણાદર સેવા ટ્રસ્ટના મેનેજરશ્રી ગજાભાઈ માળી સહીત ટ્રસ્ટ દ્વારા સુંદર આયોજન કરાયેલ.

**ભેંસ ધરાવતા ...**

અનુસંધાન ૩ નુ ચાલુ..

સારી પાડી આપશે.

ભેંસને દૂધ ઉત્પાદનના જથ્થાના પ્રમાણમાં દૈનિક ૫૦૦ ગ્રામ ભેંસ દાણ પ્રતિ લિટર દૂધ આપવું જોઈએ અને તે ઉપરાંત શરીરના નીભાવ માટે દૈનિક ૧.૫થી ૨.૦૦ કિ.ગ્રા વધારાનું ભેંસ દાણ આપવાનું રાખવું તેમ બનાસકાંઠા જિલ્લાના ભેંસ પાળતા દૂધ ઉત્પાદકોને અનુરોધ કરવામાં આવે છે.

સુઈગામ તાલુકાના ડુંગળા ગામના પશુપાલક ભાવનાબેને કહ્યું હતું કે પશુપાલન વ્યવસાય કરવાથી અનેક આર્થિક રીતે ફાયદા જોવા મળે છે. હાલના સમયએ બનાસ ભેંસ દાણની ગુણવત્તા ખૂબ જ સારી આવે છે તેના લીધે દૂધ અને ફેટમાં વધારો જોવા મળે છે. જયારે બીજદાન કરાવતા હતા ત્યારે પશુધન ગર્ભધાન થતું ન હતું પરંતુ ગુણવત્તાવાળું બનાસ સુપરમિન અને બનાસ ભેંસ દાણ સારૂં હોવાથી પશુધનના શારીરિક વિકાસ પણ ખૂબ સારા પ્રમાણમાં થાય છે.

શેરગઢ ગામના માસુંગભાઈ પટેલે કહ્યું હતું કે છેલ્લા છ એક મહિનાથી બનાસ ડેરી તરફથી બનાસ ભેંસ દાણ ખેડૂતોને આપવાનું શરુ કર્યું છે જેના પરિણામો ખૂબ જ સારા છે. ભેંસ દાણ આપવાથી ભેંસ દીઠ રોજના દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૫૦૦ ગ્રામ વધારો જેવા મળ્યો છે અને ફેટમાં ૫ દોરા જેટલો વધારો થયો છે. ઉપરાંત બજારમાંથી મળતી કપાસીયા ખોળની તુલનાએ ડેરીનું ભેંસ દાણ સસ્તું પણ છે. હવે ભેંસોમાં ઉથલા મારવા, ગરમીમાં ન આવવું જેવા પ્રશ્નોનું નિરાકરણ આવી ગયું છે.

**હેમચંદ્રાચાર્ય ...**

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને ૯૯૮ સ્ત્રી પરીક્ષાર્થી મળી કુલ - ૧૯૦૦ પરીક્ષાર્થીઓ નોધાયા હતા તે પૈકી ૫૯૬ પુરૂષ અને ૭૧૯ સ્ત્રી પરીક્ષાર્થી મળી કુલ ૧૩૧૫ પરીક્ષાર્થીઓ પાસ થયા. ૨૩૩ પુરૂષ અને ૨૨૨ સ્ત્રી પરીક્ષાર્થી મળી કુલ ૪૫૫ પરીક્ષાર્થીઓ નાપાસ, ૧૨૬ પુરૂષ અને ૬૯ સ્ત્રી પરીક્ષાર્થી ગેરહાજર રહેલ, યુનિવર્સિટી નિયમ મુજબ ૪ પુરૂષ અને ૦ સ્ત્રી પરીક્ષાર્થી મળી કુલ ૪ પરીક્ષાર્થીઓના પરિણામ પેન્ડીંગ રાખવામાં આવેલ છે. એક્સટર્નલ પરીક્ષાર્થીઓમાં ૫૬૦ જનરલ, ૨૭૮ એસ.સી.૮૭ એસ.ટી.૯૬૩ ઓબીસી જાતિના પરીક્ષાર્થીઓ નોંધાયેલ તે પૈકી ૩૯૬ જનરલ, ૧૯૬ એસ.સી.૫૨ એસ.ટી.૬૬૪ ઓબીસી જાતિના પરીક્ષાર્થીઓ પાસ થતાં એક્સટર્નલ પરીક્ષાર્થીઓનું ૭૪.૨૯ ટકા પરિણામ જાહેર કરેલ હોવાનું જાણવા મળેલ છે.

**રાણેસરી પગાર...**

અનુસંધાન ૩ નુ ચાલુ..

મંદિરોના દર્શન, કુદરતી સૌન્દર્ય, દરિયા કિનારો, પહાડો ઈતિહાસિક સ્થળો માણવા-જાણવાની બાળકોને ખુબ જ મજા આવી. આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓના વાલીઓને શાળા પરિવાર પર વિશ્વાસ મૂકી પોતાના બાળકોને પ્રવાસમાં મુકવા બદલ શાળના આચાર્ય દલાભાઈ પટેલે સૌનો આભાર વ્યક્ત કરેલ છે.

**ડીસા સહિત...**

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોને હવે પહેલાની સરખામણીમાં ઠંડીથી રાહત થઇ છે પરંતુ હજુ પણ પારો ખુબ નીચે પહોંચેલો છે. અમદાવાદમાં હવે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. આજે બપોરે અમદાવાદમાં લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો. બીજી બાજુ સ્થાનિક આગાહીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઇ નોંધપાત્ર ઘટાડો કે વધારો થશે નહીં. સ્થિતિ યથાવત રહેશે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪ રહ્યું હતું. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, લઘુત્તમ તાપમાનમાં વધારો થઇ શકે છે અને તાપમાન ૧૪ ડિગ્રીની આસપાસ રહી શકે છે. આજે ગાંધીનગરમાં ૧૪.૫ અને મહુવામાં ૧૪.૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું જયારે ભાવનગરમાં ૧૬.૬ ડિગ્રી તાપમાન રહ્યું હતું. મિશ્ર સ્થિતિના લીધે મોટી વયના લોકો ભારે પરેશાન છે.

**આજથી બનાસકાંઠા...**

પાના નં.૮ ચાલુ

છે જયારે ૪ તાલુકા પંચાયત કોંગ્રેસના કબ્જામાં છે. પરંતુ આ વખતે નવા સીમાંકન મુજબ જિલ્લા પંચાયતની ૬૬ બેઠક અને ૧૪ તાલુકા પંચાયતની ૩૫૦ બેઠકની ચૂંટણી યોજાનાર છે. જેમાં નવું સિમાંકન ઉમેદવારો માટે પડકારરૂપ બન્યું છે. જો કે વિધાનસભાની ચૂંટણીમાં જિલ્લામાં કોંગ્રેસે ૯ માંથી ૬ બેઠક કબ્જે કરી 'અપસેટ' સર્જ્યો હતો.

ત્યારે જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણી જીતવી કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગઈ છે. પરંતુ ભાજપ મોવડીઓ પણ આ ચૂંટણીમાં 'અપસેટ' સર્જવા તત્પર બન્યા છે. તેથી ચૂંટણીને લઈ જિલ્લામાં રાજકીય ગરમાવો સતેજ બની ગયો છે.

**દીદરડા યુવાનના...**

પાના નં.૮ ચાલુ

પત્ર પાઠવી હત્યારાઓને તાત્કાલિક પકડવા માંગ કરી હતી. તેમ છતાં હત્યારા નહી પકડાયતો ગ્રામજનો કુટુંમ્બ સાથે ઘરણાં પર બેસવાની ચિંમકી ઉચ્ચારી હતી.

દીદરડા ગામે ખેતરમાં રહેતા રામજીભાઈ મેઘાભાઈ પટેલનો ૨૫ વર્ષીય દિકરો હીરજીભાઈ બાજુમાં આવેલ બોર વાળા ખેતરમાં સુતો હતો. ત્યાર ૧૬/૧/૨૦૧૮ ની રાત્રીએ કોઈ અજાણ્યા ઈસમોએ તિક્ષ્ણ હથીયારથી ઉપરાઉપરી ઘા ઝીકી મોતને ઘાટ ઉતારી મૃતક હીરજીભાઈના ગળામાં દોરડી બાંધી વિજ થાંભલે લટકાવવાની કોશીશ કરી ફરાર થઈ ગયા હતા જેને લઈને મૃતકના પિતાએ થરાદ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી જોકે ૧૭ દિવસ થવા છતાં હત્યાનો ભેદ ઉકેલવામાં પોલીસ નિષ્ફળ રહેતાં હત્યારાઓ આબાદ ફરી રહ્યા છે. જેને લઈને દીદરડા ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠતાં થરાદ પ્રાન્ત કલેક્ટરને આવેદન પત્ર પાઠવી હત્યારાઓને ઝડપી પાડવા માંગ કરી હતી. જો હત્યારા નહી પકડાય તો તમામ ગ્રામજનો કુટુંમ્બ સાથે ધરણાં પર બેસસે તેવી ચિમકી ઉચ્ચારી હતી.

**માલગઢ બેઠકમાં...**

પાના નં.૮ ચાલુ

ચમનલાલ ટાંકે અમોને હરાવવા કોઈ કસર બાકી રાખી ન હતી. તેમ છતાં ભાજપ મોવડી મંડળે તેમને હોદ્દા ફાળવી અને આ વખતની ચૂંટણીમાં તેમનું નામ ચલાવી હદ વટાવી દીધી છે. જેથી સમગ્ર લોકોમાં નિરાશા છવાઈ છે ત્યારે ભાજપ આ વખતની ચૂંટણીમાં પક્ષના ગદ્દારોને સસ્પેન્ડ કરી પક્ષના નિષ્ઠાવાન કાર્યકરોને ટીકીટ ફાળવે તે ખુદ પક્ષના હિતમાં રહેશે. વધુમાં તેમણે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને ટીકીટ અપાશે તો લોકોના રોષના કારણે ભાજપને બંને બેઠક ગુમાવવી પડશે તેવો બળાપો ઠાલવ્યો હતો.

**થરાદમાં શોપિંગ..**

પાના નં.૮ ચાલુ

ખરીદનાર દુકાનમાં આવવા-જવા પગથીયાની વ્યવસ્થા કરશે તે બિલકુલ રસ્તા ઉપર આવે છે અને રસ્તો સંકડાઈ જશે. જેથી રસ્તા પર દબાણ થતું હોઈ એક વર્ષ અગાઉ નગરપાલિકાને જાણ કરી હતી. જો કે કોઈ પગલાંના ભરતાં આ બાબતે ગત તા.૩૧/૧/૨૦૧૮ ના રોજ નગરપાલિકામાં ખાતરી કરવા ગયેલા રહીશોએ ચિફ ઓફિસરને પુછતાં તેઓએ આખી સોસાયટી તોડી નાખીશ આવી ધમકી આપી હોવાના આક્ષેપો કરી દબાણદારો સામે પગલાં ભરવાની જગ્યાએ અરજદારોને ડરાવાનો ધમકાવાનો પ્રયાસ ચિફ ઓફિસર કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી યોગ્ય પગલાં ભરી આ બાબતે નિરાકરણ લાવવા જણાવી નહીતર ઘરણાં કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ આપી હતી.

**ઉકરડાના..**

પાના નં.૮ ચાલુ

પંચાયતમાં સમાવિષ્ટ ઉકરડા ગામમાં ૨૦ વર્ષોથી કાર્યરત મતદાન બુથ હસનપુર ગામમાં ફાળવી દેવાયું હતુ. જેથી લાંબુ અંતર કાપીને ગ્રામજનોને મતદાન માટે જવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતુ. ત્યારે ગ્રામજનોની રજુઆતને ધ્યાને લઈ નાયબ કલેકટરે જિલ્લા કલેકટર દિલીપ રાણાની સુચનાથી ત્વરિત નિર્ણય લઈ ઉકરડા ગામને મતદાન બુથ ફાળવ્યું હતુ. જેના પગલે ગ્રામજનોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી.

**રાધનપુર પાલિકામાં ..**

પાના નં.૮ ચાલુ

હતા, જેના કારણે પ્રાંત કચેરી આગળ મેળાવડો જામ્યો હતો. વોર્ડ નં.૪ માંથી શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમારે વોર્ડના ત્રણ અન્ય ઉમેદવારો સાથે ઉમેદવારીપત્ર રજુ કર્યું હતું, જેમાં અહેમદભાઈ દાઉદભાઈ ઘાંચી, શકીલાબેન કાલુભાઈ શેખ અને મીનાબેન સુભાષભાઈ મકવાણાનો સમાવેશ થાય છે. આ પેનલના ઉમેદવારોએ પર વિસ્તારમાંથી ઢોલના તાલે રેલી યોજીને પ્રાંત કચેરી આવીને ઉમેદવારી નોંધાવી હતી. રસ્તામાં અનેક લોકોએ આ ઉમેદવારોનું પેંડા ખવડાવીને મોં મીઠું કરાવ્યું હતું. તો વોર્ડ નં.૩ માંથી વેપારી એસોસિયેશનના પ્રમુખ મહેશભાઈ અરજણભાઈ ઠક્કર, જિલ્લા મહિલા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સવિતાબેન કૈલાસબાબુ શ્રીમાળી, મહંમદરફીક પ્યારમહમ્મદ મલેક અને રક્ષિતાબેન રવિભાઈ પટેલે કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી હતી, જો કે કોંગ્રેસના એકપણ ઉમેદવારનો પક્ષ તરફથી મેન્ડેટ આપવામાં આવ્યો ન હતો. પક્ષના અગ્રણીઓના જણાવ્યા મુજબ શનિવારે કોંગ્રેસના તમામ ઉમેદવારોના મેન્ડેટ પ્રદેશમાંથી આવશે, જે પ્રાંત કચેરીમાં રજુ કરવામાં આવશે.

**બનાસકાંઠામાં..**

પાના નં.૮ ચાલુ

સ્ટોરેજ ભરવાના સમયે ૧૮ થી ૨૦ રૂપિયા સુધી ભાવ પહોંચી જાય છે. એક કોલ્ડ સ્ટોરેજમાં દોઢ લાખથી વધુ બારદાનની જરૂર પડતી હોય છે. એટલે એક કોલ્ડ સ્ટોરેજમાં દોઢ લાખથી વધુ બારદાનની જરૂર પડતી હોય છે. એટલે એક કોલ્ડ સ્ટોરેજ ભરવા માટે ૩૦ લાખથી વધુ કિંમતના માત્ર ખાલી બારદાનની ખરીદી કરવી પડતી હોય છે. ત્યારે જિલ્લામાં આવેલા સમગ્ર કોલ્ડ સ્ટોરેજ ભરવા માટે અંદાજીત ૬૦૦ કરોડ જેટલા રૂપિયાના માત્ર બારદાન જ ખરીદાય છે. છેલ્લા ત્રણ વર્ષથી બટાટાના ભાવમાં મંદીનો માર સહન કરી રહેલા ખેડુતોને અને વેપારીઓ માટે આ વર્ષે ખાલી બારદાન ખરીદવા માટે પણ ચણા ચાવવા જેવી સ્થિતિ રહેલી છે. જિલ્લામાં બારદાન ખરીદી પાછળ ૬૦૦ કરોડ રૂપિયાનો કારોબાર રહેલા છે. ત્યારે મંદીના માહોલમાં આ વર્ષે બટાટાના ભાવો કેવા રહે છે. તેના પર ખેડુતો મદાર રાખી રહ્યા છે. બટાટા ખેતરમાંથી કાઢવાની શરૂઆત થઈ ગઈ છે. જેથી શરૂઆતમાં જ ખાલી બારદાનની જરૂરિયાત ઉભી થાય છે. જેના પગલે વેપારીઓએ ખાલી બારદાનની અત્યારે ખરીદી શરૂ કરી છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૬૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦
સોનુ તોલો ૩૦૭૦૦-૩૧૦૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૫૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૬૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૫૧૦
સીગતેલ ૫ લી. ૫૦૦
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૬૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૨૦
પલી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૨૫૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૫૨૦
૨ લી. ૧૯૮
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૩૦૦-૩૪૦૦**
**ખાંડ એમ. ૩૪૫૦-૩૫૦૦**
ખાંડએલ. ૩૫૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૦૦
મેંદો ૬૮૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૬૦
સુકી ડુંગળી ૪૪૦-૫૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૨૦૦-૨૪૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૩૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
ભીંડા ૮૦૦-૯૦૦
કોબી ૧૮૦-૨૪૦
વટાણા ૪૦૦-૫૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૮૦
તુવેર ૬૦૦-૭૦૦

## ચાર દેશની હોકી ટુર્નામેન્ટના પ્રથમ ચરણમાં બેલ્જિયમ સામે ભારતની હાર

ભારતીય પુરૂષ હોકી ટીમના પ્રથમ તબક્કાના ફાઇનલમાં ભારતે બેલ્જિયમ સામે હારનો સામનો કરવો પડ્યો છે. ન્યઝીલેન્ડના ટોરંગાના બ્લેક પાર્કમા રમાયેલી આ મેચમાં બેલ્જિયમે ભારતને ૨-૧થી હરાવ્યું હતુ.ઝીલેન્ડમાં રમાયેલી ટુર્નામેન્ટની ફાઈનલમાં ભારતે લડાયક દેખાવ કર્યો હતો. બેલ્જીયમની મેચની ચોથી મિનિટે ટોમ બૂનના ગોલને સહારે સરસાઈ મળી હતી. જે પછી ૧૯મી મિનિટે મનદીપ સિંઘે ભારતને બરોબરી અપાવી હતી. આ પછી મેચની ૩૬મી મિનિટે સેબાસ્તીયન ડોકીરે ગોલ ફટકાર્યો હતો, જે ભારતની હારનું કારણ બન્યો હતો.ભારતને અગાઉ લીગ મેચમાં બેલ્જીયમ સામે ૦-૨થી હારનો સામનો કરવો પડયો હતો. જોકે હોકી ખેલાડીઓએ જાપાન અને ન્યુઝીલેન્ડ સામે વિજયી દેખાવ કર્યો હતો.

### અમાસમાં ચાંદ

અમાસના અંધકારમાં મારે
પુનમના પ્રકાશની જેમ પથરાવું છે
જીવનના આ જંગમાં મારે
અર્જુનની જેમ ટકરાવું છે
કોણ કહે છે નથી મળતી સફળતા
સખત મહેનત કરી સફળ થઈ બતાવું છે
સતત દોડતી જોવા મળે છે આ જીંદગી
પૈસાની લાલચમાં મારે ના લલચાવું છે
જીવનના આ માયાજાળમાં
મારે તે વળી કયાં ફસાવું છે ?
મારે તો બસ ગમે તેવા સંજોગોમાં
પવનની જેમ જતો લહેરાવું છે
હું તો ભલે ને રહ્યો ગમે તેવો ઉસ્તાદ
છતાંય નામથી નહીં કામથી ઓળખાવું છે

**રાહુલ માળી** (ઉસ્તાદ)

### ધરતીનું જતન

વસુંધરાનું ઘરેણું વૃક્ષો, પક્ષી અને પ્રાણી છે
જેવું કરીએ આપણે જતન બનાવશું વૃક્ષોના વનો
ખીલશે વસુંધરા અને વન્ય જીવન તો
વનરાજી રહેશે રાજી, કરશું જળ, જમીનનું જતન
સમૃદ્ધ થશે આપણું વતન, થશે સંકલ્પ કરો
હરીયાળી ધરા વન તણો હું વનવાસી...
પ્રદુષણ રોકો પર્યાવરણ બચાવો
રક્ષા પ્રકૃતી તણી આપણી પરંપરા
વસુંધરાને એનું ઘરેણું પહેરાવો

**રાજેશ બારૈયા (ભાવનગર)**

### પડછાયો

તલાવડામાં તરતો મેં પડછાયો જોયો
ઊંડો ઊંડો ફરતો મેં પડછાયો જોયો
ચાચર ચોકે ફરતો મેં પડછાયો જોયો
સૌ છોરાંને ગમતો મેં પડછાયો જોયો
ગૌધન લઈને જાતો મેં પડછાયો જોયો
લાંબા ગીતો ગાતો મેં પડછાયો જોયો
પનીહારીના માથે મેં પડછાયો જોયો
હેલ પકડતો હાથે મેં પડછાયો જોયો
પાટી પેને લખતો મેં પડછાયો જોયો
ભણવા સ્કૂલે જતો મેં પડછાયો જોયો
ઝાડની ઉપર ચઢતો મેં પડછાયો જોયો
મધુર ફળને વીણતો મેં પડછાયો જોયો
શીયાળામાં કંપતો મેં પડછાયો જોયો
છતાં જરા ન ઝંપતો મેં પડછાયો જોયો
ઉનાળામાં બળતો મેં પડછાયો જોયો
ખેતરથી ઘર વળતો મેં પડછાયો જોયો
ચોમાસે ભીંજાતો મેં પડછાયો જોયો
નદીયું નાળે ન્હાતો મેં પડછાયો જોયો
ઘડીના જુદો પડતો મેં પડછાયો જોયો
મોતની સાથ મરતો મેં પડછાયો જોયો

**મંગળ રાવળ સ્નેહાતુર**

### ગઝલના શબ્દને છોડો

ગઝલના શબ્દને છોડો, ભીતરના પ્યારને પકડો,
જગત પકડે છે, સુરતને તમે ધબકારને પકડો
બદલતા યુગને જોઈને, રડે છે માણસાઈ પણ
પ્રહારો સભ્યતા પર છે, કોઈ સંસ્કારને પકડો
જગત પકડે છે સુરતને તમે ધબકારને પકડો
ન હિંદુમાં કે મુસલમાનમાં, ન મંત્રો કે ન કલમમાં
પ્રભુ બેઠો છે ઘટઘટમાં, તમે એ સારને પકડો
જગત પકડે છે સુરતને, તમે ધબકારને પકડો
મહોબ્બત ખુદ ખુદા બેશક, મહોબ્બત ઈંતેજારી છે,
હૃદયમાં જીદ છોડી દો સતત રણકારને પકડો,
જગત પકડે છે સુરતને, તમે ધબકારને પકડો....
ગહેરી ઉંઘથી જાગો, દિવા સ્વપ્નો હવે ત્યાગો
સમજદારીથી રંગેલા કોઈ વહેવારને પકડો
જગત પકડે છે સુરતને તમે ધબકારને પકડો
ઝુકાવવા આખી દુનિયાને, કલમ કાફી છે સાંઈની
કહું છું કયાં કે ગુસ્સાથી તમે તલવારને પકડો,
જગત પકડે છે સુરતને તમે ધબકારને પકડો..

**સાંઈરામ દવે**

### કારણ અલગ

રુઠવાનું હોય છે કારણ અલગ
ઝેરનું પણ હોય છે મારણ અલગ
ફેર કયાં ડાબીને જમણી આંખમાં
તોય બંને આંખની સમજણ અલગ
તું કહે કે હું વદુ શબ્દો સરળ
શબ્દ છે પણ શબ્દના તારણ અલગ
કોક પરવાનો પડે જઈ આગમાં
જો ફનાના હોય છે કારણ અલગ
જા સમય તુજને કહું છું અલવીદા
વેશ પળ પળ તું કરે ધારણ અલગ
સોચ યુસુફ આંખમાં ડોકાઈને
હોય છે નજરો તણા કામણ અલગ

**યુસુફ ગુંજાવી**

### જોઈએ

રડતાં રડતાં ખુદને અજવાળી જોઈએ
ચાલને થોડું સ્મીત ભેગું કરી જોઈએ
હસતાં હસતાં ગાલમાં ખાડા તો પડશે જ
ચલને એ જ ખાડામાં, ખુશીના આંસુ ભરી જોઈએ
હમણાં હમણાં જ તપાસ્યા મેં શ્વાસ મારા
ચાલને એ જ શ્વાસમાં વિશ્વાસ ભરી જોઈએ
નમતાં નમતાં સૌને નમી, સૌને ગમી જોઈએ
ચાલને હવે માણસમાંથી ભગવાન બની જઈએ

**સુંડાજી ઠાકોર**
**(સુરાણા)**

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ..........................................

## સાંતલપુર તાલુકાના જાખોત્રામાં શિવ મહાપુરાણ કથાનો શુભારંભ

પ્રતિનિધિ રાધનપુર

સાંતલપુર તાલુકાના જાખોત્રા ગામે પરમપૂજ્ય મહંત શ્રી રામનાથ ઓગડપીર બાપુના આશીર્વાદ અને દિવ્ય દ્રષ્ટિથી સમસ્ત જીવ માત્રના કલ્યાણ હેતુ પુરાણા ઈશ્વરા શિવમંદિરની પાવન ભૂમિમાં મહા ભવ્યાતિભવ્ય શિવમહાપુરાણ કથાનું તા.૧ થી ૭ ફેબ્રુઆરી સુધી આયોજન કરવામાં આવ્યું છે.જે પ્રસંગે ગુરુવારે પોથીયાત્રા કાઢવામાં આવી હતી,જેમાં વિશાળ સંખ્યામાં ભાવિકજનો જોડાયા હતા.શનિવારે શિવવિવાહ યોજવામાં આવનાર છે,જયારે રવિવારે ગણેશ પ્રાગટ્ય અને મંગળવારે દ્વાદશ જ્યોર્તિલિંગ પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે.બુધવારે કથાવિરામ પ્રસંગે પોથીની નગરયાત્રા યોજવામાં આવશે.આ પ્રસંગે દાતાઓ તરફથી દાનની સરવાણી વહાવવામાં આવી હતી.આ કથાના સાતેય દિવસ ગામની તમામ ગાયોને ઘાસનું નીરણ કરવામાં આવશે,તેમજ કથામાં પધારેલ શ્રોતાગણ માટે જમવા-રહેવાની સગવડ પણ કરવામાં આવી છે.આ શિવકથાનું રસમય શૈલીમાં રસપાન સોલા અમદાવાદના શાસ્ત્રીજી કેવલરામ પંડ્યા કરાવશે.

## હિંમતનગરના યસ પરિવાર દ્વારા સહકાર હોલ ખાતે ચતુર્થ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન



હિંમતનગર

યસ પરિવાર દવારા આયોજિત આ ચતુર્થી સ્નેહમિલન કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લામાં નવનિયુક્તિ યુવાઓ, ડોક્ટર્સ, એન્જીનિયર્સ, પી.એચ.ડી.,એમ.ફિલ., એમ.એડ. વિગેરે પદવી પ્રાપ્ત કરનાર જ્ઞાતિજનોનું સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૦માં અભ્યાસ કરતા રોહિત સમાજના તમામ બાળકોને ચોપડા તેમજ પેડનું વિતરણ વિના મૂલ્યે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના નિવૃત કર્મચારીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શનિ-રવીના રોજ યસ પરિવાર દ્વારા નિતના વર્ગો તથા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરાવવા જેવી પ્રવૃતિઓ વિનામૂલ્યે કરવામાં આવે છે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં યસ પરિવારના પ્રમુખ કૃષ્ણ વદન, મંત્રી તુષારભાઈ, જસવંતભાઈ, પાસ પરિવારની સમગ્ર ટિમ તેમજ રાજકીય અગ્રણીઓ અને વડીલોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## જાદર પો.સ્ટે.ના છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી સાબરકાંઠા એસ.ઓ.જી.



હિંમતનગર

સાબરકાંઠા પોલીસ અધિક્ષક સૌરભ સિંઘનાઓએ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અસરકારક પેટ્રોલીંગ કરવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા માટે સ્પેશિયલ ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાને નાસતા ફરતા આરોપીઓ પકડવા માટે ખાસ સુચના આપેલ હોઇ જે અન્વયે એસ.ઓ.જી ઈન્ચાર્જ પો.ઈન્સ. એસ.એન.પરમાર તથા પો.સ.ઇ.શ્રી એચ.એમ કાપડીયા તથા એ.એસ.આઇ નવીનભાઈ, જિતેન્દ્રસિંહ, ધર્મેન્દ્રસિંહ, રમણભાઇ અપેન્દ્રસિંહ વિ. એસ.ઓ.જી સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતાં દરમિયાન જીતેન્દ્રસિંહનાઓને મળેલ ખાનગી બાતમી આધારે જાદર પો.સ્ટે. સે.ગુ.રજી.નં ૩૦૪૧/૨૦૧૭ ઈ.પી.કો.ક. ૫૦૪,૫૦૬ (૨),૧૧૪ મુજબના ગુન્હાના છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી પ્રવિણભાઈ હેમાભાઇ પટેલ રહે.પોશીના તા.ઈડર જી.સાબરકાંઠાવાળાને પોશીના તા.ઈડર ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી જાદર પો.સ્ટે. ખાતે સોંપવામાં આવેલ છે.આમ, સાબરકાંઠા એસ.ઓ.જી.ને નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવામાં વધુ એક સફળતા મળેલ છે.

## વિવિધ બજાર ભાવ

**ભીલડી**

| | |
|---|---|
| એરંડા | ૮૨૮-૮૩૩ |
| રાયડો | ૬૬૦-૬૯૦ |
| બાજરી | ૨૩૫-૨૫૩ |
| ગવાર | ૮૫૦-૮૭૬ |
| કપાસ | ૯૫૦-૯૭૦ |

**ધાનેરા**

| | |
|---|---|
| એરંડા | ૮૧૧-૮૨૬ |
| રાયડો | ૬૪૧-૬૮૭ |
| ઈસ. | ૧૭૦૦-૧૯૦૦ |
| જીરૂ | ૩૩૯૩-૩૪૦૦ |
| તલ | ૧૪૫૧-૧૫૭૧ |
| મેથી | ૫૪૧ |
| સુવા | ૯૧૦-૯૨૪ |
| રાજગરો | ૭૧૬-૭૭૬ |
| અન્ય | ૭૭૬-૯૫૦ |
| બાજરી | ૨૪૭-૨૮૩ |
| મઠ | ૬૬૦ |
| ઘઉં | ૩૬૧ |
| ગવાર | ૮૦૦-૮૫૮ |
| મગફળી | ૫૨૫-૬૨૫ |

**થરાદ**

| | |
|---|---|
| રાયડો | ૬૮૦-૭૧૦ |
| ઈસબગુલ | ૧૮૫૦-૧૯૬૦ |
| એરંડા | ૮૧૦-૮૩૧ |
| જીરુ | ૨૭૦૦-૩૫૧૧ |
| અજમો | ૧૦૦૦-૧૮૦૦ |
| ગવાર | ૮૨૦-૮૭૦ |
| મગ | ૭૦૦-૯૧૫ |
| મઠ | ૫૪૦-૫૯૯ |
| રજકાબાજરી | ૩૨૫-૪૦૪ |
| બાજરી | ૨૬૦-૨૭૦ |

**રાહ**

| | |
|---|---|
| રાયડો | ૬૭૦-૬૯૦ |
| એરંડા | ૮૨૦-૮૩૨ |
| રજકાબાજરી | ૩૮૦-૪૧૦ |
| ચિકુડી | ૯૪૦-૯૯૦ |

**થરા**

| | |
|---|---|
| એરંડા | ૮૨૫-૮૩૨ |
| રાયડો | ૬૮૦-૬૯૫ |
| ગવાર | ૭૬૫-૮૪૭ |
| ઘઉં | ૩૦૫-૩૪૩ |
| બાજરી | ૨૨૯-૨૫૦ |
| જુવાર | ૮૬૦-૮૬૨ |
| અડદ | ૭૭૦-૭૭૫ |
| ર.બાજરી | ૪૦૫-૪૦૭ |

**સિદ્ધપુર**

| | |
|---|---|
| ઘઉં | ૩૨૬-૩૭૨ |
| બાજરી | ૧૮૦-૨૬૦ |
| જુવાર | ૬૫૨-૮૩૮ |
| એરંડા | ૮૦૦-૮૩૨ |
| અડદ | ૬૦૦-૮૬૩ |
| રાયડો | ૫૮૬-૭૦૦ |
| ગવાર | ૮૧૬-૮૬૫ |
| કપાસ | ૯૦૧-૧૦૫૧ |

**પાટણ**

| | |
|---|---|
| જીરૂ | ૩૧૦૦-૩૩૦૧ |
| વરી. | ૧૦૦૦-૧૨૧૧ |
| મેથી | ૪૦૦-૫૭૫ |
| સુવા | ૮૫૦-૯૯૦ |
| રાયડો | ૬૦૦-૬૮૯ |
| એરંડા | ૮૦૫-૮૪૨ |
| અજમો | ૯૨૫ |
| જવ | ૩૩૨ |
| ઘઉં | ૩૨૫-૩૫૯ |
| જુવાર | ૬૫૦-૮૪૫ |
| બંટી | ૩૫૧-૩૬૨ |
| ચોળા | ૮૭૦ |
| મગ | ૯૦૦-૯૨૦ |
| બાજરી | ૨૨૦-૨૩૭ |
| અડદ | ૭૦૦-૮૭૫ |
| ગવાર | ૮૩૦-૮૭૦ |
| કપાસ | ૮૭૦-૧૦૩૯ |

## ચાણસ્મા અને બહુચરાજી તાલુકામાં કેનાલમાં ડૂબી જવાના બે બનાવમાં બેનાં મોત

ચાણસ્મા

ચાણસ્મા અને બહુચરાજી તાલુકામાંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાંથી ચાણસ્મા તાલુકાના ભાટવાસણા ગામ નજીક તેમજ બહુચરાજી તાલુકાના મોઢેરા ગામ નજીકથી અકસ્માતે મૃત્યુની બે ઘટનાઓ બનતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ બનાવમાં એક યુવકની લાશ મળી હતી. જ્યારે એક આધેડની લાશ શોધવા માટેની કામગીરી હાલમાં ચાલી રહે છે.

આ અકસ્માત બનાવની વિગત જાણવા મળે છે તે મુજબ મોઢેરા ગામના વતની ગઢવી જશુભાઈ કરશનભાઈ ઉ.વ. આશરે ૫૦ પોતાના ખેતરમાંથી ઘેર પરત આવી રહ્યા હતા ત્યારે મોઢેરા ગામ નજીકથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં પાણી પીવા જતાં પગ લપસી જવાને કારણે પાણીમાં ગરકાવ થઈ જવાથી મોતને ભેટ્યા હતા.

બહુચરાજી તાલુકાનો કાલરી ગામનો વતની ઠાકોર વનરાજ કમશીજી ઉ.વ.આશરે ૨૧ ચાણસ્મા તાલુકાના શેઢાલ ગામે તેની સાસરીથી પત્ની સાથે પરત આવી રહ્યો હતો ત્યારે ચાણસ્મા તાલુકાના ભાટવાસણા ગામ નજીક કેનાલમાં ડુબી જતાં કોઈ અગમ્ય કારણોસર તેનુ ડુબી જવાથી મોત નિપજ્યું હતું. તેના વાલી વારસો સ્થાનિક ગ્રામજનો સહિત ચાણસ્મા પોલીસ બનાવના સ્થળે દોડી ગઈ હતી. મૃતકની લાશ કેનાલમાંથી બહાર કાઢવામાં આવી હતી. અને તેના વાલી વારસોનુ નિવેદન લઈ આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી.

## ઉંઝા તાલુકામાં વકરેલી ગુન્હાખોરીને ડામવામાં સ્થાનિક પોલીસ નિષ્ફળ

ઉંઝા

વેપારી મથક ઉંઝા અને નજીકના યાત્રાસ્થળ ઉનાવા પોલીસ મથકોની હદમાં છેલ્લા ઘણા વખતથી પોલીસતંત્રની નિષ્ક્રયતાને કારણે મિલકત વિરૂધ્ધતા ગંભીર પ્રકારના ગુનાઓ તેમજ સમાજ વિરોધી પ્રવૃતિઓનો વ્યાપ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે ગઈ હોવાનો લોકપોકાર ઉઠ્યો છે.

વેપારી મથક અને યાત્રાધામ ઉંઝા શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસતંત્રની શિથિલતાના કારણે લૂંટ, ધરફોડ ચોરીઓ, વાહનચોરીઓ, મહાવ્યથા જેવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે. આવી જ સ્થિતિ ઉંઝા નજીકના ઉનાવા વિસ્તારની છે. ઉંઝા અને ઉનાવા પોલીસ મથકોની હદમાં દારૂ, જુગારના અડ્ડાઓ, કેફી પદાર્થોનું વેચાણ તેમજ અન્ય સમાજ વિરોધી બદીઓ અનિયંત્રિત પણે ચાલી રહી હોવાનું ચર્ચાય છે. ગુ-જરાતમાં દારૂબંધી છે. તેમ છતાં આ વિસ્તારોમાં દારૂબંધીની નીતિનું કુર છેદન થઈ રહ્યું છે. બંને યાત્રાસ્થળોના ચોક્કસ વિસ્તારોમાં તેમજ મોટા ભાગના ગામડાઓમાં દેશી વિદેશી દારૂની લે વેચ અને પીવાની પ્રવૃત્તિ બેરોકરોક ચાલતી હોવાનું કહેવાય છે. આ બદીમાં યુવાધન, ગરીબ, શ્રમિક વર્ગના માણસો સહિત કેટલાયે માનવીઓ પાયમા લીના પંથે જઈ રહ્યા છે.

કહે છે કે, આ વિસ્તારમાં ફલીફાલેલી ગેરકાયદે બદીઓ વિશે પોલીસતંત્રને માહિતી છે. પરંતુ કથિત તગડા હપ્તાઓના પ્રતાપે તંત્ર દ્વારા કોઈ કડક પગલાં ભરાતાં નથી તેવો આક્ષેપ પ્રજામાં થઈ રહ્યો છે. આ વિસ્તારમાં દેશી દારૂનું ઉત્પાદન અને પરપ્રાંતમાંથી વિદેશી દારૂની જે આયાત થાય છે. તેની તુલનામાં દારૂ પકડવાની કામગીરી નહિવત હોવાનું ચર્ચાય છે. બીજું ઉંઝા ઉનાવા પોલીસ મથકોએ છેલ્લા બે વર્ષ દરિમિયાન જે મિલકત વિરૂધ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયા છે. તે પૈકી મોટા ભાગના ગુનાઓના ભેદ હજી સુધી વણ ઉકેલાયેલા જ રહ્યા છે. આ ઉપરાંત સ્થાનિક પોલીસ મથકોએ નાગરિકોની ફરિયાદો નોંધવામાં અખાડા થઈ રહ્યા છે ગ્રામ્ય વિસ્તારોમાં યોગ્ય રીતે નાઈટ પેટ્રોલિંગ થતું નથી. તસ્કરો અને ગુનેગાર તત્વો જાણે બેફામ બની ગયા હોય તેવી સ્થિતિ પેદા થતાં સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

## રાધનપુર કોલેજના વિદ્યાર્થીઓની ઈન્ડસ્ટ્રીયલ મુલાકાત



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરની હિંમત વિદ્યાનગર સ્થિત આર્ટસ & કોમર્સ કોલેજના ૬૦ વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલ ડો.સી.એમ. ઠક્કરના માર્ગદ ર્શન હેઠળ શહેરની અંબા ઈન્ડસ્ટ્રીઝની ઈન્ડસ્ટ્રીયલ મુલાકાત લઈને જિનિંગ, પ્રેસિંગ અને ઓઈલ પ્રોસેસિંગ, કેટલફીડમાં થતી વિવિધ પ્રક્રિયાઓ વિષે વિસ્તૃત જાણકારી મેળવી હતી.અંબા ઈન્ડસ્ટ્રીઝના કલ્પેશભાઈ ઠક્કરે તમામ પ્રક્રિયાને પ્રત્યક્ષ બતાવીને રસપ્રદ માહિતી પુરી પાડી હતી. આ ઉપરાંત કપાસની ખરીદીથી લઈને માલનું વેચાણ કેવી રીતે થાય તેની ઝીણવટભરી માહિતી દેવચંદભાઈ ઠક્કરે આપી હતી. કલ્પેશભાઈ ઠક્કર સેવાભાવી સંસ્થાઓ સાથે જોડાયેલા હોવાથી તેમણે વિદ્યાર્થીઓને ગુરુજનોનું સન્માન કરવા, ધુમ્રપાન નહિ કરવા અને જયાંને ત્યાં ગંદકી નહિ કરવા પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પ્રસંગે કોલેજના પ્રોફેસરો ડો.ચિરાગ વી. રાવલ, પ્રા.કિશોરભાઈ ઠક્કર, પ્રા.શૈલેષભાઈ પ્રજાપતિ, પ્રા.આર.એન. ગામીત સહીત મુલાકાતમાં જોડાયા હતા.

## પાણી વેરાનો બમણો વધારો એ પાટણની પ્રજાને વિશ્વાસઘાત સમાન : હેમંતભાઈ તન્ના

### પૂર્વ ધારાસભ્ય દ્વારા જાહેર કરવામાં આવેલ વિકાસના કામોને ઝડપથી પૂર્ણ કરવામાં આવશે

પાટણ

પાટણ નગર પાલિકામાં વર્ષો બાદ જે વચનોથી સત્તા હાંસલ કરી છે તે કોંગ્રેસ દ્વારા આજે ત્રણ- ત્રણ વર્ષનો સમયગાળો વિતવા છતાં પણ પાટણની પ્રજાને આપવામાં આવેલ સફાઈવેરો, સ્ટ્રીટ લાઈટ વેરાના વચનો તો પાળવાની વાત જ રહી પરંતુ પાટણની પ્રજાને પડતા પર પાટુ હોય તેમ પાણીવેરો ૬૦૦ ની જગયાએ ૧૨૦૦ એટલે કે બમણો કરી નાખી કોંગ્રેસ દ્વારા પાટણની ભોળી જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે.

નગર પાલિકા ૨૦૧૫ માં યોજાયેલી ચૂંટણીમાં પાટણની ભોળી જનતાના રોજીંદા જીવનની સમસ્યા હલ કરી શકે તેવા સફાઈવેરો હોય, સ્વચ્છતા વેરો હોય, મહિલાઓ માટે મેટરનીટી નર્સિંગ હોમની સુવિધા ઉભી કરવાની હોય કે સિનીયર સિટીઝનો માટે વોર્ડ વાઈઝ બાગ-બગીચા બેઠક વ્યવસ્થા કરવાની લોલીપોપ આપી પ્રજાને ગુમરાહ કરી પાટણની ભોળી જનતાને છેતરી મત મેળવી લીધા છે.

પાટણની સૌથી ગંભીર એવી ટ્રાફિકની સમસ્યા પાટણની પ્રજાને દિનપ્રતિદિન કનડી રહી છે. ત્યારે પોતાના મળતીયાઓ દ્વારા દબાણોનો રાફડો ફેલાવી ટ્રાફિક સમસ્યા એ માત્ર સમસ્યા શબ્દ સુધી બોલવામાં જ હલ થઈ રહી છે. પોતાના ચૂંટણી ઢંઢેરામાં નગર પાલિકામાં કોન્ટ્રાક્ટ પધ્ધતિ નાબૂદીની વાતો કરતી કોંગ્રેસ અડધડ- અણવહીવટને લીધે કર્મચારીઓના પગાર પણ કરી શકતી નથી ને સત્તાધીશો પોતાના વહીવટમાં સમય ફાળવી રહ્યા છે. તેમ પાટણ નગર પાલિકાના પૂર્વ પ્રમુખ હેમંતભાઈ તન્નાએ જણાવ્યું છે.

પાટણની પ્રજાને પણ જણાવવાનું કે પાટણના પૂર્વ ધારાસભ્ય રણછોડભાઈ દેસાઈ દ્વારા પાટણ વિધાનસભા તથા પાટણની જનતાને જે વિકાસના કામોની ફાળવણી કરવામાં આવી હતી. તે સમયસર કરવામાં આવશે. જેમાં અન્ડરગ્રાઉન્ડ વિજળીકરણ, પાઈપલાઈનથી ગેસ, પાટણનું નવીન બસસ્ટેશન, સરસ્વતી ડેમ તથા અન્ય વિવિધ વિકાસના કામો રણછોડભાઈ દેસાઈની દેખરેખ હેઠળ ચાલી રહ્યા છે અને પાટણની પ્રજાને તાત્કાલિક સુવિધા મળી રહે તે માટે ચિંતિત બની સરકારને રજુઆત કરી ઉપરોક્ત કામો ઝડપી થાય તેવી ખાત્રી તેમને આપી હતી.

## ચંદ્રુમાણાની શિવવાડીના જામફળઃ ઓર્ગેનિક ખેતીની શાનદાર સફળતા

### વર્ષે દહાડે રૂ. ૫ લાખની માતબર આવક મેળવી ગુજરાત સરકારને બિરદાવતા યુવા કૃષક અશ્વિનભાઈ વ્યાસ



પાટણ

પાટણ જિલ્લામાં બાગાયતી ખેતીની નવી ક્ષિતિજો વિસ્તરી રહી છે રાજ્ય સરકારના ઉદ્દીપક અને પ્રોત્સાહનના કારણે ઘણા કૃષકો બાગાયતી ખેતી માટે આગળ આવી રહ્યા છે. આવા પ્રયોગશીલ ખેડૂતોએ તેમની પ્રયોગશીલતા અને સુઝબુઝનો સદુપયોગ કરી બાગાયતી ખેતીમાં શાનદાર સફળતા મેળવી આર્થિક સ્વાવલંબન હાંસલકર્યું છે. આવું એક પ્રેરક દ્દષ્ટાંત પાટણ જિલ્લાના ચંદ્રુમાણા ગામના કૃષક અને મહેનતકશ ખેડૂત શ્રી અશ્વિનભાઈ શિવપ્રસાદ વ્યાસે તેમની વાડીમાં જામફળને બાગાયતી ખેતી કરી આ દિશામાં એક નોંધપાત્ર સફળતા હાંસલકરી વિસ્તારના ઘણા ખેડૂતોને એક અભિપ્રેરિત કરવાનું કામ કર્યું છે. આવો એક નજર અશ્વિનભાઈની જામફળની ખેતી પર કરીએ.

અશ્વિનભાઈ ગ્રેજયુએટ સુધી ભણેલા અને પ્રયોગશીલ ખેડૂત હોવાના નાતે આજથી ચારેક વર્ષ પહેલાં બાગાયતી ખેતી માટેના કારગત ઉપાયો વિચારી રહ્યા હતા. તેમને પ્રોત્સાહિત કરવાનું કામ તેમના પિતરાઈ ભાઈ અને ઈજનેરી સ્નાતક શ્રી ભાર્ગવભાઈ વ્યાસે કર્યું હતું. આ બંને યુવાનોને ઈન્ટરનેટ પર સર્ચ કરી અને કૃષિ નિષ્ણાતો જોડે સલાહ મેળવી ચંદ્રુમાણા ગામ ખાતે છ વીઘા જમીનમાં જામફળની ખેતીના રોપાઓનું વાવેતર કરી તેમની આશાઓનું પણ સિંચન કર્યું હતું.

આજે સ્થિતિ એવી આવી છે કે બન્ને ભાઈઓની નવતરબાગાયતી ખેતી દીવાદાંડી જેવી બની રહી છે.છવિધા જમીનમાં તેમણે ૧૨૦૦રોપાઓનું વાવેતર કર્યું હતું. ૧૦ બાય ૧૦ ફૂટના અંતરે છોડનું વાવેતર કરી આ છોડવાઓને પૂરેપૂરી ઓર્ગેનિક પદ્ધતિથી વિકસાવવાનો વિચાર કર્યો હતો અને ગાયનુંછાણ, ગૌમૂત્ર અને કુદરતી ખાતરો વિનિયોગ કરી ટપક પદ્ધતિ મારફતે પોતાની ખેતીને આગળ વધારી હતી. તેમણે ટપક સિંચાઈ પદ્ધતિની ગુજરાત સરકારની યોજના કામ આવી છે. રૂપિયા બે લાખના ખર્ચ સામે તેમણે રૂ ૧.૨૦લાખની સબસીડી મળી ચૂકી છે. આ ઉપરાંત ખેતરમાં પાણીનો હોજ બનાવવામાં અને પાક સંરક્ષણ માટેના ઉપાયોમાં રાજ્ય સરકારનું માર્ગદર્શન અને સહાય મળી છે. જેના કારણે અશ્વિનભાઈને તેમની ખેતીમાં ખૂબ સારી કામયાબી મળી છે. ગત વર્ષે રૂ ૩.૫૦લાખના જામફળનું વેચાણ કર્યું હતું. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં તેમણે રૂ.૪ લાખ ઉપરાંતના જામફળ નું વેચાણ કર્યું છે. આ જામફળની ખેતીમાં બરખા ૯૯, શરબતી અને વીયેનારજાતનું વાવેતર કર્યાબાદ તેમણે ઓર્ગેનિક ખેતી માટે ગોપકામાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં ગાય આધારિત ખેતી અપનાવી ગાયના છાણ અને ગૌમૂત્રનો ઉપયોગ ચાલુ કર્યો હતો. ઓર્ગેનિક ખેતી હોવાને કારણે જામફળના ફળની મીઠાશ બહુ શ્રેષ્ઠ છે.એક ફળનું વજન આશરે ૪૦૦ થી ૭૦૦ ગ્રામ હોય છે. એક છોડ પર આશરે ૧૦ કિલો જામફળનું ઉત્પાદન મળે છે.

અશ્વિનભાઈના જણાવ્યા મુજબ ઓર્ગેનિક ખેતીથી ઓછા ખર્ચે સારી ગુણવત્તાયુક્ત ઉત્પાદન સાથે સારી આવક મેળવી શકાય છે. તેમણે સરેલજામફળ સાથે આ પાકમાં ચણાની ખેતી કરી હતી અને માતબર ઉત્પાદન થયું હતું. ગુજરાતમાં ગૌરી ઓર્ગેનિક ફાર્મના બ્રાન્ડ સાથે ભવિષ્યમાં વેચાણ કરવાનું તેમનું આયોજન છે.

શ્રી અશ્વિનભાઈ એ જણાવ્યું કે ગામની નજીકથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાંથી પાણી મળી શકે છે અને ટપક સિંચાઈ પદ્ધતિ હોવાને કારણે દર ચાર દિવસે ચાર કલાક ટપક પિયત પર્યાપ્ત થઈ રહી છે. શ્રી અશ્વિનભાઈ અને તેમની ટીમ પાટણ અને બજાર અને મહેસાણાની બજારમાં વાડીના મીઠા મધુરા જામફળનું વેચાણ કરી સારી આવક મેળવી રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ જામફળની ખેતીમાં ઓછામાં ઓછા ૨૦ વર્ષ અને વધારેમાં વધારે ચાલીસ વર્ષ સુધી સારી આવક મેળવી આપે છે. તેમણે પાકના રક્ષણ માટે ખાસ કરીને નીલગાયના ઉપદ્રવને ટાળવા માટે વાયર ફેન્સીંગ કરીને જાટકા મશીન લગાવ્યું છે. જેમાં પણ સરકારની સબસીડી મળી છે.

તેમણે ગુજરાત સરકારના ખેડૂતલક્ષી હિતકારી અને નિર્ણાયક કદમોની સરાહના કરતા ઉમેર્યું હતું કે, ગુજરાત સરકારને ખેડૂતો પરત્વેની હકારાત્મક વિકાસ નીતિના કારણે મારા જેવા હજારો ખેડૂતો લાભાન્વિત થયા થઈ ગયા છે. મારો કામિયાબ પ્રયોગમારા જેવા ખેડૂતોને પ્રોત્સાહિત કરી અને પ્રેરણા આપશે તો મને ખૂબ સંતોષ થશે.

તેમ વધુમાં ઉમેર્યું હતું કે, ઉલ્લેખનીય છે કે આજથી પાંચ દાયકા થી પાટણની બજારમાં રામવાડીના જામફળ પ્રખ્યાત ગણાતા હતા. આજ રામવાડીના જામફળની જગ્યાએ ચંદ્રુમાણા ગામની શિવવાડીના જામફળે લીધી છે. તેમનો અદકેરો પરિતોષ અને ગૌરવ આ યુવાન અને હોશીલો ખેડૂત મહેસૂસ કરી રહ્યો છે.આ સાફલ્યગાથા ગુજરાતના હજારો પૈકી એક એવા ખેડૂતની છે.જેમણે થોડું સાહસ અને સરકારનો સથવારો મેળવી સિદ્ધી હાંસલ કરી છે. **ભરત રાવલ**

## રાધનપુર તાલુકાના દેવ ગામે હિમજા માતાજીની ભવ્ય પાલખીયાત્રા યોજાઈ

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના ઐતિહાસિક હિમજા માતાજીના મંદિરેથી મહાપાટોત્સવની પુર્ણાહુતી પ્રસંગે હિમજા માતાજીની ભવ્ય પાલખીયાત્રા યોજવામાં આવી હતી.આ પાલખીયાત્રા ગામના રામજી મંદિરે પધારી હતી જ્યાં ઉછામણી રાખવામાં આવી હતી અને ગામના અલ્પેશભાઈ પ્રજાપતિએ સૌથી વધુ ઉછામણીની બોલી બોલતા તેમના ઘરે હિમજા માતાજીની પધરામણી કરવામાં આવી હતી,જ્યાં હર્ષોલ્લાસ સાથે પૂજા-અર્ચના કરવામાં આવી હતી.ત્યારબાદ માતાજીની પાલખી ફરીથી રામજી મંદિરે આવી હતી અને સમગ્ર ગામના લોકોએ ભક્તિભર્યા માહોલમાં પૂજા-અર્ચના કરી હતી.સાંજે માતાજી મંદિરે પરત ફર્યા હતા.સાંજે હિમજા માતાજી મંદિર સંસ્થા દ્વારા સમગ્ર ગામજનો માટે પ્રસાદ-ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.



કમલ ચક્રવર્તી

## સિદ્ધપુરઃ જ્વેલર્સની દુકાનમાં લૂંટ કરતા ૨ મહિલા અને પુરુષો કેમેરામાં કેદ

પાટણ

પાટણ જિલ્લાનાં સિદ્ધપુરમાં એક ચોરીનો બનાવ સામે આવ્યો છે. આ ચોરીની ઘટનામાં બે સાતિર મહિલાઓએ ગ્રાહક બની જ્વેલર્સની દુકાનમાં લૂંટ ચલાવી છે. આ ચોરીમાં એક પુરૂષે પણ તેમનો સાથ આપ્યો હતો. શો રૂમ માલિકે આ મામલામાં સિદ્ધપુર પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી છે. તમને જણાવી દઈએ કે, આ સમગ્ર ઘટના સીસીટીવમાં કેદ થઈ ગઈ છે. ગ્રાહકોનાં વેશમાં આવેલ બંન્ને મહિલાઓએ સિદ્ધપુરનાં ઉમિયા જ્વેલર્સમાંથી ઘરેણા ખરિદવાનાં બહાને ઘુસી હતી અને સેલ્સમેનની નજર ચૂકવીને ઘરેણાઓની ચોરી કરી હતી.

"બૂથ નહીં તો વોટ નહીં"

# ઉકરડાના ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારની ચિમકી આપી

**છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત મતદાન બુથ હસનપુરમાં ખસેડી દેવાયું હોવાની રાવ**


(સંજય જોષી)

પાલનપુર

પાલનપુર તાલુકાના ઉકરડા ગામના ગ્રામજનોએ "બૂથ નહી તો વોટ નહી" ની માંગ સાથે ચૂંટણી બહિષ્કારની ચીમકી આપતા જિલ્લા પ્રશાસન હરકત માં આવ્યું હતું. દરમિયાન, વહીવટીતંત્ર દ્વારા સત્વરે ઉકરડા ગામમાં બૂથ ફાળવવાનો નિર્ણય કરાયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર તાલુકાના હસનપુર ગૃપ ગ્રામપંચાયતની ચૂંટણી બે દિવસ બાદ ચાર તારીખે યોજાનાર છે. જ્યાં આ ગૃપ ગ્રામપંચાયતની હદમાં આવતાં ઉકરડા ગામમાં વર્ષોથી ફાળવાયેલું મતદાન મથક ખસેડીને હસનપુરમાં ફાળવી દેવાયું હતુ. જેના પગલે રોષે ભરાયેલા ગ્રામજનો પાલનપુર સ્થિત કલેકટર કચેરીએ ધસી આવ્યા હતા. જ્યાં તેઓએ "બૂથ નહી તો વોટ નહી" ની માંગ સાથે ચૂંટણી બહિષ્કારની ચિમકી સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું. પાલનપુર તાલુકાના હસનપુર ગૃપ ગ્રામ

અનુસંધાન પાના નં.૬

# દીદરડા યુવાનના હત્યારા પકડવામાં પોલીસ નિષ્ફળ



**નારાજ ગ્રામજનોનું પરિવાર સાથે ધરણાં કરવાનું 'અલ્ટીમેટમ'**

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના દિદરડા ગામે ખેતરમાં સુતેલા ૨૫ વર્ષિય યુવકની અજાણ્યા ઈસમોએ હત્યા કરી ગળાના ભાગે દોરડી બાંધી વિજ થાંભલે લટકાવી ફરાર થઈ ગયા હતા. જે બાબતે મૃતક યુવકના પિતાએ ફરીયાદ નોંધાવી હતી. જે હત્યાને ૧૭ દિવસ થવા છતાં હત્યારાઓને ઝડપવા પોલીસ નિષ્ફળ રહેતાં ગત રોજ ગ્રામજનો પ્રાન્ત કલેક્ટર કચેરીએ ધસી આવી આવેદન

અનુસંધાન પાના નં.૬

# આજથી બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીના ફોર્મ ભરાશે

**૮ ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરી શકાશે : ૨૧ ફેબ્રુઆરીએ મતદાન**

ડીસા

બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીનું આજે શનિવારે વિધિવત જાહેરનામું પ્રસિધ્ધ થવા સાથે ફોર્મ ભરવાનો પ્રારંભ થશે. ફોર્મ ૮ મી ફેબ્રુઆરી સુધી ભરી શકાશે. ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થતા જ જિલ્લાભરમાં રાજકીય ગરમાવો છવાયો છે. આ સાથે આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે.

બનાસકાંઠા જિલ્લા પંચાયત અને ૧૪ તાલુકા પંચાયતોની મુદત આવતા માર્ચ મહિનામાં પુરી થાય છે. જેથી ચૂંટણીની કાગડોળે રાહ જોવાતી હતી. પરંતુ આ વખતે નવા સીમાંકન મુજબ ચૂંટણી યોજાનાર છે. જેમાં ઘણી બેઠકોના ગામડાઓમાં ભારે ફેરબદલ થયો છે. જેના કારણે મામલો હાઈકોર્ટમાં પહોંચતા ચૂંટણી અટવાઈ પડી હતી. તેમ છતાં ચૂંટણીપંચે બે દિવસ અગાઉ બુધવારે બનાસકાંઠા સહિત બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણી જાહેર કરી હતી. જેનું આજે શનિવારે વિધિવત જાહેરનામું પ્રસિધ્ધ થવા સાથે ફોર્મ ભરવાના પણ શ્રીગણેશ થશે. ચૂંટણી પંચના કાર્યક્રમ મુજબ ૮ ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરી શકાશે. ત્યારબાદ ૯ ફેબ્રુઆરીને ફોર્મની ચકાસણી અને ૧૦ ફેબ્રુઆરીએ ફોર્મ પરત ખેંચાયા બાદ ૧૦ દિવસના પ્રચાર અભિયાન બાદ ૨૧ ફેબ્રુઆરીએ મતદાન થશે. ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરાતા જ જિલ્લાભરમાં રાજકીય ગરમાવો છવાયો છે. હાલમાં પાતળી બહુમતિથી જિલ્લા પંચાયત અને ૧૦ તાલુકા પંચાયત ભાજપ પાસે

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકાનાં થરા - દુગરાસણ હાઈ-વે પર હિટ એન્ડ રનમાં એકનુ ઘટના સ્થળે મોત



તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા-શિહોરી નેશનલ હાઈવે નંબર-૨૭ ઉપર ગઇ કાલે રાત્રે ૦૮ વાગ્યાના સુમારે શિહોરી તરફથી આવી રહેલ ગાડી નં. GJ08-BB-5700 નંબર ની મારુતી સુઝુકી કંપનીની વિટારા બ્રેઝા ગાડીમાં અચાનક દુંગરાસણની ગોળાઈમાં એક યુવાન નામે ઠાકોર જીવણજી ઉંમર વર્ષ આશરે ૨૫ વર્ષનો રોડ ક્રોસ કરીને ખેતરેથી ઘેર જવા નીકળ્યો ત્યારે રોડ ક્રોસ કરવા જતાં વિટારા બ્રેઝા ગાડીની અડફેટે આવી જતાં રસ્તાં ઉપર પટકાંતા યુવાનનુ તરત ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. મૃતક યુવાનને રીક્ષામાં નજીકની શિહોરી રેફરલ હોસ્પિટલ ખાતે પી.એમ. માટે લઈ જવાયો હતો. ઘટનાની જાણ થતાં શિહોરી પોલિસ ઘટના સ્થળે પહોંચી અક્સ્માતનો ગુનો નોધી તપાસ હાથ ધરી હતી. અક્સ્માત કરી ગાડી અને ગાડી ચાલક તરત શિહોરી પોલીસ મથકે હાજર થઇ ગયો હતો પોલીસે ગાડી કબજે લઇ ગાડી માલિક વિરુધ્ધ અક્સ્માતનો ગુનો નોધી તપાસ હાથ ધરી છે. આ ઘટનાની જાણ થતાં દુગરાસણ ગામ તેમજ આજુબાજુના લોકોમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.શોકના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા. આજુબાજુમાંથી લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.

# થરાદમાં શોપિંગ સેન્ટરનું દબાણ હટાવવા રહીશોનું આવેદનપત્ર

**દબાણ નહીં હટે તો ઘરણાં ઉપર ઉતરવાની ચિમકી**


(વિષ્ણુ દવે)

પ્રતિ. થરાદ

થરાદ શહેરમાં આવેલી ગ્રીન પાર્ક સોસાયટીના રહીશોને નડતરરૂપ દબાણમાં બનેલ શોપીંગ સેન્ટરનું દબાણ હટાવવા સોસાયટીના રહીશોએ પ્રાંત કલેક્ટરને આવેદનપત્ર આપી દબાણ દુર કરવાની માંગ કરી હતી.

ગ્રીન પાર્ક સોસાયટીના રહીશોએ કરેલી રજુંઆત મુજબ સોસાયટીના નાકા ઉપર જવાના રસ્તા પર આડેધડ શોપીંગ સેન્ટર બનાવવામાં આવેલ છે. આ શોપીંગ સેન્ટરના માલીકે રસ્તાનું માર્જીન છોડવાની જગ્યાએ ગેરકાયદેસર બાંધકામ કરી દઈ રસ્તા બાજું શટરો મૂકેલ છે. શોપીંગ સેન્ટરનું ભોય તળીયું પણ લગભગ ૩ થી ૪ ફુટ ઉચું લેવામાં આવેલ છે જેથી દુકાનો

અનુસંધાન પાના નં.૬

# પાવડના પાટીયે ટ્રેક્ટરની ટક્કરે વિદ્યાર્થીનીનું મોત

**ટ્રેક્ટર ચાલક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ દાખલ**


(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

થરાદ- ડીસા હાઈવે પર આવેલી વજેગઢ પ્રાથમિક શાળામાં ધોરણ-૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીને ટ્રેક્ટર ચાલકે પાવડ ગામના પાટીયા પાસે ટક્કર મારતાં વિદ્યાર્થીનીનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જે બાબતે પોલીસ મથકે ટ્રેક્ટર ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવા પામી છે.

મળતી માહિતી અનુસાર ભાભર તાલુકાના ભીમ બોરડી ગામના લીલાજી વીરાજી ઠાકોર ભૂમિપાર્ક સોસાયટીમાં રહી મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની ૭ વર્ષની દિકરી અક્ષરાબેન વજેગઢ પ્રાથમિક શાળામાં ધોરણ બે માં અભ્યાસ કરે છે. ત્યારે નાની પાવડના પાટીયા પાસે ટ્રેક્ટર લઈને આવતા કરશનભાઈ જેતસીભાઈ નાઈ (રહે. મલુંપુર) એ ગફલતભર્યુ ડ્રાઈવિંગ કરી અક્ષરાને અડફેટે લેતાં રોડ પર પટકાતા તેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. બાદમાં દોડી આવેલ લોકોએ તેણીની લાશ સરકારી હોસ્પિટલમાં પી.એમ. અર્થે ખસેડી હતી. આ બાબતે ટ્રેક્ટર ચાલક કરશનભાઈ નાઈ વિરૂધ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. વજેગઢ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીનું અકસ્માતમાં મોત થતાં શાળાના શિક્ષકો સહિત ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ બનાવને લઈને સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

## ફાગણની આલબેલ...



લઘુત્તમ તાપમાન ઊંચકાતા શિયાળાની વિદાય સાથે ઉનાળાના આગમનના એંધાણ વર્તાવા લાગ્યા છે. ત્યારે ફાગણ મહિનો નજીક આવતા જ રાજસ્થાની મહિલાઓ ફાગના ગીતો ગાઈ હોળી-ધુળેટીનું પર્વ નજીક હોવાની આલબેલ પોકારી રહ્યાં છે. રાજસ્થાની ભાષામાં ગવાતા 'આયો ફાગણીયો...' જેવા ગીતો આપણા લોક ગીતોની યાદ અપાવે છે. (વિનોદ બાંડીવાલા, ડીસા)

# માલગઢ બેઠકમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓની દાવેદારીથી ઉહાપોહ

**ભાજપની બેવડી નીતિથી લોકોમાં આક્રોશ : શારદાબેન કચ્છવા**

ડીસા

ગત ટર્મમાં માલગઢ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવારોને હરાવી પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર ભાજપના બે આગેવાનો આ વખતે ટીકીટ મેળવવા ધમપછાડા કરતા પંથકમાં ઉહાપોહ મચી જવા પામ્યો છે.

ગત ટર્મમાં ભાજપે માલગઢ જિલ્લા પંચાયતમાં સમુબેન બાબુભાઈ માળી અને તાલુકા પંચાયતમાં શારદાબેન મોહનલાલ કચ્છવાને ટીકીટ ફાળવી હતી. પરંતુ પક્ષના જ બે આગેવાનોએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરતા પંથકમાં 'ઘર ફુટ્યે ઘર જાય' ઉક્તિ મુજબ ભાજપને બંને બેઠક ગુમાવવી પડી હતી. તેમ છતાં આ વખતની ચૂંટણીમાં આ બંને આગેવાનોએ ટીકીટની માંગણી કરતા પંથકમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ બાબતે શારદાબેન મોહનલાલ કચ્છવાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે ભાજપ વિશ્વની મોટી પાર્ટી હોવાનો દાવો કરે છે. પરંતુ પક્ષ વિરોધી કુકૃત્ય કરવા છતાં તેમની વિરૂધ્ધ કડક પગલાં ભરવાને બદલે તેમને છાવરે છે. જેથી આ બેવડી નીતિથી પક્ષની પ્રતિષ્ઠા ખરડાય છે. ગત ચૂંટણીમાં ખેતાજી તેજાજી માળી અને નરેશકુમાર

અનુસંધાન પાના નં.૬

એક વર્ષ અગાઉ માલગઢ જિલ્લા પંચાયતની યોજાયેલ પેટા ચૂંટણીમાં ભાજપે ખેતાજી માળીને ટીકીટ આપી હતી. તેમને હરાવવા નરસિંહજી તીકમાજી માળીએ કોંગ્રેસમાંથી ટીકીટ લાવી હતી. પરંતુ સમાજના લોકોએ તેમને સમજાવી ભાજપ ઉમેદવારને બિનહરીફ કર્યા હતા. પરંતુ ખેતાજી માળીએ નરસિંહજી માળીનું આજ સુધી ઋણ અદા કર્યુ નથી અને તેમને ટીકીટ અપાવવાની વાત પણ ભૂલી જઈ સમાજને નુકશાન કર્યુ હોવાનું શારદાબેન કચ્છવાએ જણાવ્યું હતું.

# થરાદ પાલિકાની ચૂંટણીના ૮૫ ફોર્મ ભરાયા

**ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ**

(પ્રતિ.) થરાદ

થરાદ નગરપાલિકાની ચુંટણીના ૧૬૫ ફોર્મનું વિતરણ થવા સાથે ગઈકાલે શુક્રવાર સુધીમાં તમામ વોર્ડમાં ભાજપ કોંગ્રેસ અને અપક્ષ મળી કુલ ૮૫ ફોર્મ ભરાયા હોવાનું ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું. થરાદ નગરપાલિકાની ૭ વોર્ડની ચૂંટણી યોજાનાર છે. જેથી છવાયેલ રાજકીય ગરમાવા વચ્ચે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોએ ફોર્મ લેવા ઘસારો કરી દેતા અત્યાર સુધી ૧૬૫ ફોર્મનું વિતરણ થવા પામ્યું છે તેમજ ગઈકાલે શુક્રવાર સુધી ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ મળી કુલ - ૮૫ ફોર્મ ભરાયા છે. હજુ આજે શનિવારે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે તેથી મોટી સંખ્યામાં ફોર્મ ભરાશે તે નક્કી છે જેના કારણે ચૂંટણી રસાકસી ભરી બની ગઈ છે.

પાલિકાના પ્રમુખ શ્રીમતી સુમિત્રાબેન વસંતલાલ દવેએ વોર્ડ નં.૫માં અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે ઉપપ્રમુખ દિપકભાઈ નવીનભાઈ ઓઝાએ વોર્ડ નં.૬ માં કોંગ્રેસમાંથી તેમજ વોર્ડ નં.૭ માં જગદિશસિંહ ઉર્ફે ભુરાભાઈ વાઘજીભાઈ રાજપુતે કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી હતી.

# દીઓદર તાલુકા સંઘની ચૂંટણી જાહેર : તા.૧૮ ફેબ્રુઆરીના રોજ યોજાશે

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકા ખરીદ વેચાણ સંઘની ૧૭ ડીરેક્ટરો માટેની ચુંટણી જાહેર થઈ ગઈ છે. જેમાં ૫ વ્યક્તિ સભ્ય,૯ સેવા વિભાગમાં અને ૩ ઈત્તર વિભાગ માટે ચુંટણી થશે. જેમાં તા.૧-૨-૨૦૧૮થી તા.૬-૨-૨૦૧૮ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. તેમજ તા.૭-૨-૨૦૧૮ના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. તા.૮-૨-૨૦૧૮ બપોરે ૩ વાગ્યા સુધી ઉમેદવારી પત્ર પરત ખેંચી શકાશે. તા.૧૮-૨-૨૦૧૮ના રોજ સવારે ૯ થી ૫ વાગ્યા સુધી મામલતદાર કચેરી દીઓદર ખાતે મતદાન યોજાશે. તેમજ તા.૧૯-૨-૨૦૧૮ના રોજ સવારે ૧૦ કલાકે મામલતદાર કચેરી દીઓદર ખાતે મત ગણતરી હાથ ધરાશે. તાલુકા સંઘની ચૂંટણીને લઈને સહકારી આગેવાનોમાં ગરમી આવી ગઈ છે. જોકે દર વખતની જેમ આ વખતે પણ તાલુકા સંઘની ચુંટણી બિનહરીફ થાય તેવા સંજોગો દેખાઈ રહ્યા છે. વર્તમાન ચેરમેન ઈશ્વરભાઈ તરકે શાસન ધુરા સંભાળ્યા પછી તાલુકા સંઘને સતત ગતિશીલ રાખવા પ્રયાસ કર્યો છે. તેમાંય તાજેતરની મગફળી ખરીદીએ તાલુકા સંઘને આશ્વાસન પુરૂ પાડેલ છે અને રાજકીય આગેવાનોને દોડતા કરેલ છે.

# બનાસકાંઠામાં ખાલી બારદાનનો જ ૬૦૦ કરોડનો કારોબાર

**બટાટામાં મંદીના કારણે વેપારીઓને બારદાન ખરીદવાના ફાંફા : ૫૦ કિલોના ખાલી બારદાનનો ભાવ પ્રતિ નંગ ૧૮ થી ૨૦ રૂા.**


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લાની આર્થિક નગરી ડીસા અને તેના આજુબાજુના વિસ્તારોમાં કોલ્ડ સ્ટોરેજોની સંખ્યા ઘણી છે. જેથી ડીસા શહેર 'બટાટા હબ' તરીકે ઉભર્યુ છે. પણ છેલ્લા ત્રણ વર્ષથી બટાટાના ધંધામાં ચાલતી મંદીના કારણે બટાટાના વ્યવસાય સાથે સંકળાયેલ ખેડુતો અને વેપારીઓની હાલત કફોડી થઈ જવા પામી છે. ગત વર્ષે કોલ્ડ સ્ટોરેજમાં મુકેલા બટાટાનું પણ કંઈ નહી ઉપજતા કરોડોનું નુકશાન ભોગવવુ પડ્યુ હતું. ત્યારે હવે ફરી બટાટા લેવાની સિઝનનો પ્રારંભ થઈ ચુક્યો છે. જેથી કોલ્ડ સ્ટોરેજમાં બટાટા ભરવાનું શરૂ થનાર છે. ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં અંદાજીત ૨૦૨ જેટલા કોલ્ડ સ્ટોરેજ આવેલ છે. એક કોલ્ડ સ્ટોરેજમાં ૧૫ લાખથી વધુ બટાટાના કટ્ટાઓ ભરાતા હોય છે. આમ એક કોલ્ડ સ્ટોરેજ ભરવા માટે દોઢ લાખ ખાલી બારદાન (કોથળા) ની જરૂર પડતી હોય છે. જેથી બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજમાં ૩ કરોડ જેટલા બારદાનની જરૂર પડતી હોય છે. ડીસા પંથકમાં આવેલ કોલ્ડ સ્ટોરેજમાં કટાઓ ભરવાની કેપીસીટી દોઢ લાખ ઉપર છે. તેમ છતાં સરેરાશ દોઢ લાખ કટાઓ એક સ્ટોરેજમાં ભરાવા જોઈએ. ત્યારે જિલ્લામાં ૩ કરોડથી વધુ ખાલી બારદાનની કોલ્ડ સ્ટોરેજ ભરવા માટે જરૂર પડે છે. એક ખાલી બારદાનની કિંમત ૧૮ થી ૨૦ રૂપિયા સુધી રહેલી છે. ગત વર્ષ કરતાં પણ આ વર્ષે ખાલી બારદાનની કિંમતમાં પણ વધારો થયો છે. સામાન્ય રીતે ૧૫ રૂપિયામાં મળતા બારદાનનો કોલ્ડ

અનુસંધાન પાના નં.૬

# રાધનપુર પાલિકામાં એક જ દિવસમાં ૬૨ ઉમેદવારીપત્રો ભરાયા : કુલ ૭૦ થયા


(કમલ ચક્રવર્તી)

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર પાલિકાની ચૂંટણીનો ગરમાવો ધીમે-ધીમે વધી રહ્યો છે, ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ શનિવારે હોવા છતાંય શુક્રવારે ઉમેદવારીપત્રો ભરવા માટે રાફડો ફાટ્યો હતો,અને કોંગ્રેસ-ભાજપ સહીત અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી કરવા માટે રીતસરની હોડ લગાવી હતી. ગુરુવાર સુધી ૮ ઉમેદવારીપત્રો ભરાયા હતા, જયારે શુક્રવારે એક જ દિવસમાં ૬૨ ઉમેદવારીપત્રો ભરાયા

અનુસંધાન પાના નં.૬

**ભાજપના ૩૧ કોંગ્રેસના ૨૭ ઉમેદવારીપત્રો ભરાયા**

રાધનપુર પાલિકાની ચૂંટણી માટે શુક્રવારે કુલ ૬૨ ઉમેદવારી પાત્રો ભરાયા હતા,જેમાં ભાજપના ૩૨ અને કોંગ્રેસના ૨૭ ઉમેદવારી પાત્રો ભરાયા હતા,જયારે અપક્ષના એકમાત્ર ઉમેદવારે ઉમેદવારી નોંધાવી હતી અને નેશનલ કોંગ્રેસ પાર્ટીએ ૩ ઉમેદવારી પાત્રો ભર્યા હતા. વોર્ડવાઈઝ જોઈએ તો વોર્ડ નં ૧ માં ભાજપ ૫, કોંગ્રેસ ૪ અને અપક્ષ ૧, વોર્ડ નં ૨ માં ભાજપ ૧, કોંગ્રેસ ૬ એન.સી.પી. ૧, વોર્ડ નં ૩ માં કોંગ્રેસ ૫, એન.સી.પી. ૧,વોર્ડ નં ૪ માં ભાજપ ૫, કોંગ્રેસ ૫, વોર્ડ નં ૫ માં ભાજપ ૫, કોંગ્રેસ ૫,વોર્ડ નં ૬ માં ભાજપ ૫, કોંગ્રેસ ૫, એન.સી.પી. ૧,વોર્ડ નં ૭ માં ભાજપ ૫, કોંગ્રેસ ૨ મળીને કુલ ૬૨ ઉમેદવારીપત્રો ભરાયા હતા.

**ભાજપના મેન્ડેટ પણ કાલે આપશે**

રાધનપુર શહેર ભાજપ પ્રમુખ જશુભાઈ રાવલના જણાવ્યા મુજબ શુક્રવારે ભાજપના ૨૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી,અને મુખ્ય ઉમેદવારો કાલે ઉમેદવારીપત્રો ભરશે.તમામ ઉમેદવારોના મેન્ડેટ કાલે બપોરે આપવામાં આવશે.

# અંબાજીની આધશકિત હોસ્પિટલ શોભાનો ગાંઠીયો





અંબાજી

યાત્રાધામ અંબાજી ખાતે કરોડો રૂપીયા નાં ખર્ચે બનેલી આધ્યશક્તિ હોસ્પીટલ માત્ર શોભાના ગાઠીયા હોય તેવી બની ગઇ છે. અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અંદાજે રૂપીયા ૨૨ કરોડ નાં ખર્ચે ૨૦૦ બેડ ની અધ્યતન હોસ્પીટલ બનાવાઇ છે. જેનું ૪ વર્ષ અગાઉ લોકોર્પણ કરાયુ હતુ પણ આ હોસ્પીટલ માં ફિજીસીયેન, ગાઈનેક, ઓર્થોપેડીક, પીડીયા ટ્રીશીયન, એન્થેસ્ટીક જેવાં ડોક્ટરો ની કોઈજ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. પરીણામે અંબાજી સહીત આદીવાસી લોકો તથા યાત્રીકો ને ભારે હાલાકી વેઠવી પડે છે. અંબાજીની આસપાસ ઘાટીઓ માં સર્જાતા પારાવાર અકસ્માત કે પછી સ્થાનિક મહીલાઓને પ્રસૃતી જેવી ઘટના માં દર્દીઓ ને મોંત ને ભેટવું પડે છે. જેને લઇ સ્થાનિક લોકોમાં ભડકેલાં ભારે રોષને લઇ આજે એક વિશાળ રેલી યોજી ને હોસ્પીટલ સંચાલક અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ ને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યુ છે. એટલું જ નહીં જો હોસ્પીટલ માં ૧૫ દિવસમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં નહી આવે તો ૧૫ દિવસ બાદ ઉગ્રઆંદોલન સહીત હોસ્પીટલ ને તાળાબંધી જેવા કાર્યક્રમ આપવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.